૨૦૩ વર્ષ
# દૈનિક મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 4 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ સુદ- ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 January 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૪ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સમજદારી દેખાડજો જ
Lake તો આખી દુનિયામાં જોવા મળશે, પણ Antelope Canyon, Zion National Park, Bryce Canyon, Horseshoe Bend તો ફક્ત URVI TOURS ની USA ટુરમાજ જોવા મળશે...

SAN FRANCISCO | LOS ANGELES
UTAH | LAS VEGAS | NIAGARA |
WASHINGTON D.C |
NEW YORK | ORLANDO

## URVI TOURS ની વિશેષતાઓ

1. ANTELOPE CANYON.
2. BRYCE CANYON NATIONAL PARK.
3. ZION NATIONAL PARK.
4. DAVID COPPERFIELD MAGIC SHOW IN LAS VEGAS.
5. THE SPHERE IN LAS VEGAS.
6. THE EDGE IN NEW YORK.
7. SUMMIT VANDERBILT IN NEW YORK.
8. STAY IN SAN FRANCISCO DOWNTOWN.
9. STAY IN PARIS HOTEL IN CENTRE OF LAS VEGAS STRIP.
10. ONE NIGHT STAY AT FREMONT STREET IN LAS VEGAS.

**DEPARTURES DATES OF 2025:**
APR : 19 | MAY : 3, 17 (SOLD OUT) 31 | JUNE : 14, 28

JITEN DHAROD +91 98191 33199
NAYAN SONI +91 97570 25247
DHIREN RUPARELIA +91 99305 49258

URVI LUXURY DESTINATION PVT. LTD.
Where U & V meet to create memories.

ADDRESS:1/A.PALM VIEW BUILDING.L.N.ROAD,
NR.SWAMINARAYAN MANDIR,OPP.VIDYALANKAR CLASSES,
DADAR(E), MUMBAI- 400014.
CONTACT:+919892720353
info@uldestination.com | www.uldestination.com



# અમદાવાદ મ્યુનિ.ના બજેટમાં પ્રસ્તાવિત ૫૫૦૧ કરોડમાંથી માત્ર ₹ ૩૩૦૦ કરોડનાં કામો જ થયાં

અમદાવાદઃ શહેર મ્યુનિસિપલ કમિશનરે વર્ષ-૨૦૨૪-૨૫ માટે મ્યુનિસિપલ કૉર્પોરેશનનું રૂપિયા ૧૦૮૦૧ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કર્યું હતું. આ બજેટમાં વિકાસકામો માટે રૂપિયા ૫૫૦૧ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. જે સામે ડિસેમ્બર મહિનાના અંત સુધીમાં રૂપિયા ૩૩૦૦ કરોડનાં કામો પૂરાં કરી શકાયાં છે. નાણાકીય વર્ષ પૂરું થવામાં હવે ત્રણ મહિના જેટલો સમય બાકી રહ્યો છે. શહેરના તમામ સાત ઝોન માટે રૂપિયા ૬૫૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવી હતી. જે સામે નવેમ્બર અંત સુધીમાં રૂપિયા ૧૭૧.૮૮ કરોડનો જ ખર્ચ કરવામાં આવ્યો હતો. આ પરિસ્થિતિમાં બાકીના ચાળીસ ટકા કામ પૂરાં થઈ શકશે કે કેમ તે ઉપરાંત વર્ષ-૨૦૨૩-૨૪ મ્યુનિસિપલ કમિશનરે રીવાઈઝ બજેટમાં ૨૫ ટકા સુધીનો વધારો સૂચવ્યો હતો તે વર્ષ-૨૦૨૫-૨૬માં ઘટાડો કરવો પડે એમ છે. વર્ષ - ૨૦૨૩-૨૪ના વર્ષમાં રૂપિયા ૭૦૩૮ કરોડની રેવન્યુ આવક સામે રૂપિયા ૯૫૦૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. વર્ષ-૨૦૨૩-૨૪માં રૂપિયા ૩૭૮૩ કરોડની કૅપિટલ આવક સામે રૂપિયા ૪૫૬૦ કરોડનો કૅપિટલના કામ માટે ખર્ચ કરવામાં આવ્યો હતો. આમ છતાં ૩૧ માર્ચ-૨૦૨૪ની સ્થિતિએ રૂપિયા ૮૭૬ કરોડ જેટલી રકમ રેવન્યુ પુરાંત હતી. આમ થવા પાછળ મ્યુનિ.ના ચીફ ઍકાઉન્ટન્ટ અમિષ શાહે જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા શહેરના વિવિધ પ્લોટનું વેચાણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ગુડા હેઠળ ઈમ્પેક્ટ ફી પેટે આવક થઈ હતી. આમ નોન ટૅક્સ રેવન્યુમાં વર્ષ-૨૦૨૩-૨૪ના વર્ષમાં વધારો થવા પામ્યો હતો. મ્યુનિ. કમિશનરે ડ્રાફ્ટ બજેટમાં રેવન્યુ આવક પેટે રૂપિયા ૭૬૫૦ કરોડ જમા થવાનો અંદાજ મૂક્યો હતો. જેની સામે નવેમ્બર મહિનાના અંત સુધીમાં રેવન્યુ આવક પેટે મ્યુનિ. તિજોરીમાં રૂપિયા ૪૬૦૯ કરોડ જ જમા થયા હતા. રૂપિયા ત્રણ હજાર કરોડ જેટલી રકમ આવકમાં ઘટ છે. જે ત્રણ મહિનાના સમયમાં જમા થાય એવી શકયતા નહિવત્ છે. અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસને ચલાવવા દર મહિને રૂપિયા ૩૨ કરોડ, એસ.વી.પી.હૉસ્પિટલને ચલાવવા દર મહિને રૂપિયા ૧૭ કરોડ તેમ જ જનમાર્ગ (બી.આર.ટી.એસ.)ને દર મહિને રૂપિયા ૧૨ કરોડ જેટલી રકમ ગૅપ ફંડ તરીકે મ્યુનિસિપલ કૉર્પોરેશન તરફથી આપવામાં આવે છે.

વર્ષ-૨૦૨૪-૨૫ના મ્યુનિ. કમિશનરના બજેટમાં રૂપિયા ૫૫૦૧ કરોડનાં વિકાસ કામોની જાહેરાત કરવામાં આવી હતી. જોકે નવેમ્બર-૨૪ અંત સુધીમાં મ્યુનિસિપલ કૉર્પોરેશનના ફંડમાંથી પ્રોજેક્ટ વિભાગનાં માત્ર રૂપિયા ૩૮૫.૫૬ કરોડનાં જ કામ થઈ શક્યાં હતાં. જ્યારે ઈજનેર વિભાગમાં રૂપિયા ૫૫૭.૪૪ કરોડનાં જ કામ પૂરાં કરી શકાયાં હતાં.

# ગુજરાતમાં શિક્ષણનું સ્તર કથળ્યુંઃ ૨,૪૬૨ શાળાઓ માત્ર એક જ શિક્ષક ધરાવે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશના સૌથી સમૃદ્ધ રાજ્ય ગણાતા ગુજરાતમાં શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ગામડાની પ્રાથમિક શાળાઓ બંધ થતાં વિદ્યાર્થીઓના ભણતરને ગંભીર અસરો થઈ છે, એક તરફ શાળાઓ બંધ થઈ રહી છે જ્યારે બીજી તરફ રાજ્યમાં શિક્ષકોની ઘટ પણ ચિંતાનો વિષય બન્યો છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના યુડાયસ ૨૦૨૩-૨૪ના હાલના રિપોર્ટમાં જાહેર થયેલા આંકડા મુજબ, ગુજરાતમાં માત્ર એક જ શિક્ષકથી ચાલતી શાળાઓની સંખ્યા ૨,૪૬૨ છે. આવી એક જ શિક્ષકવાળી શાળાઓમાં હાલ ૮૭,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જ્યારે રાજ્યમાં ૨૭૪ શાળાઓ એવી પણ છે જ્યાં એક પણ વિદ્યાર્થી નથી, છતાં આવી શાળાઓમાં ૩૮૨ શિક્ષકો છે. રિપોર્ટ મુજબ દેશમાં એક શિક્ષકથી ચાલતી સૌથી વધુ શાળા મધ્યપ્રદેશમાં છે, ત્યાર પછી આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને ગુજરાત દેશમાં ૧૬મા ક્રમે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ૫૩,૬૨૬ શાળાઓમાં ૧.૧૫ કરોડ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જેમાં કુલ ૩.૯૪ લાખ શિક્ષકો છે, જે પૈકી ૫૬ ટકા (૨.૨૧ લાખ) મહિલા શિક્ષિકાઓ છે. તે જ પ્રકારે રાજ્યના શિક્ષકોના ક્વોલિફિકેશનનું સ્તર પણ કથળ્યું છે. ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સ દ્વારા જાહેર કરાયેલા રિપોર્ટ 'સ્ટેટ ઑફ ટીચર્સ ટીચિંગ ઍન્ડ ટીચર એજ્યુકેશન રિપોર્ટ ૨૦૨૩ મુજબ ગુજરાતના શહેરી વિસ્તારોમાં ફરજ બજાવતા ૭૦ ટકા શિક્ષકો પ્રોફેશનલ લાયકાત ધરાવતા નથી.

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના યુડાયસ ૨૦૨૩-૨૪ના હાલના રિપોર્ટ મુજબ, રાજ્યમાં શાળાઓની કુલ સંખ્યા ૫૩,૬૨૬ અને વિદ્યાર્થીઓની સંખ્યા ૧,૧૪,૯૬,૭૦૯ છે, રાજ્યમાં ૩,૯૪,૦૫૪ કુલ શિક્ષકો છે, ૨૯ વિદ્યાર્થી દીઠ એક શિક્ષકનો રેશિયો છે. સરેરાશ એક શાળામાં શિક્ષકની સંખ્યા ૭ જેટલી છે. જ્યારે સરેરાશ એક શાળામાં ૨૧૪ વિદ્યાર્થીઓની સંખ્યા છે.

# અમદાવાદ સિવિલમાં એક વર્ષમાં ૧૧ લાખથી વધુ દર્દીઓએ ઓપીડીમાં સારવાર લીધીઃ ૫૬ હજારની સર્જરી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની અસારવા સિવિલ હૉસ્પિટલમાં વર્ષ ૨૦૨૪માં ૧૧ લાખ કરતાં વધુ દર્દીઓને ઓપીડીમાં સારવારમાં અપાઈ હતી, આ ઉપરાંત ૧.૦૫ લાખ દર્દીઓને દાખલ કરીને સારવાર અપાઈ હતી. એક વર્ષમાં સિવિલમાં સાત હજારથી વધુ દર્દીઓના એમઆરઆઈ કરાયા હતા. જ્યારે ૩૦ લાખથી વધુ બ્લડ સેમ્પલ લેવામાં આવ્યાં હતાં. અસારવા સિવિલ હૉસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, છેલ્લા એક વર્ષમાં ચાર લાખ એક્સ-રે કરાયાં છે જ્યારે ૩૦ લાખથી વધુ બ્લડ સેમ્પલ લેવાયાં છે. હૉસ્પિટલ સૂત્રોએ કહ્યું હતું કે, હૉસ્પિટલમાં એક વર્ષમાં ૮૫૦થી વધુ મહિલાઓની પ્રસૂતિ થઈ હતી. ૧૪ હજાર કરતાં વધારે દર્દીઓએ સિટી સ્કેન સેવાનો લાભ મેળવ્યો હતો. સિવિલ હૉસ્પિટલમાં નવેમ્બરની સરખામણીમાં ડિસેમ્બર મહિનામાં દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ડિસેમ્બરમાં ડેન્ગ્યુના ૨૯, કમળાના ૨૩૩, વાઈરલ ફીવરના ૩૭૮, ઝાડા-ઊલટીના ૧૧૭, સાદા મલેરિયાના ૧૧ અને ઝેરી મલેરિયાના ૧૨ કેસ નોંધાયા છે. તેની સાથે જ ૧૨ ડિસેમ્બરથી મહિનાના અંત સુધીમાં કુલ ૨૧૬૯૦ ઓપીડી નોંધાઈ છે જેમાં ૧૮૧૪ દર્દીઓને હૉસ્પિટલમાં દાખલ કરી સારવાર આપવામાં આવી હતી.

# ગુજરાત વિદ્યાપીઠમાં બીકોમ, એમકોમ, બીબીએનો અભ્યાસક્રમ શરૂ થશેઃ વિદ્યાર્થીઓની પ્રવેશ પરીક્ષા લેવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠમાં હવે વિદ્યાર્થીઓ અન્ય વિવિધ કોર્સની સાથે બી.કૉમ., એમ.કૉમ. ઉપરાંત બી.બી.એ.નો પણ અભ્યાસ કરી શકશે. આગામી નવા શૈક્ષણિક વર્ષ-૨૦૨૫થી કૉમર્સ ફેકલ્ટીનો પ્રારંભ કરવાનો બેઠકમાં નિર્ણય લેવાયો હતો. વિદ્યાપીઠમાં પ્રથમ વાર શરૂ થનાર કૉમર્સ ફેકલ્ટીનો વિભાગ સરદાર પટેલનાં પુત્રીના નામે મણીબહેન પટેલ મહાવિદ્યાલય તરીકે ઓળખાશે. મણીબહેન પટેલ વિદ્યાપીઠ મંડળના ટ્રસ્ટી અને વિદ્યાપીઠના સ્નાતક રહી ચૂક્યાં છે.

ગૂજરાત વિદ્યાપીઠમાં તાજેતરમાં મંડળની બેઠક મળી હતી, જેમાં અનેક મહત્ત્વના નિર્ણયો કરવામાં આવ્યા હતા. મંડળમાં લેવાયેલા વિવિધ નિર્ણયો પૈકીનો એક નિર્ણય એવો લેવાયો હતો કે, આગામી નવા શૈક્ષણિક વર્ષથી વિદ્યાપીઠમાં કૉમર્સ અભ્યાસનો પ્રારંભ કરવામાં આવશે. વિદ્યાપીઠમાં હાલમાં બી.સી.એ. કોર્સ ચાલે છે, પરંતુ બી.કૉમ. અને એમ.કૉમ. ઉપરાંત બી.બી.એ. જેવા કોર્સ ચાલતા નથી. પહેલી વખત બી.કૉમ.-એમ.કૉમ. કોર્સ શરૂ કરાશે.

વિદ્યાપીઠ સેન્ટ્રલ યુનિવર્સિટીની શ્રેણીમાં આવતી હોવાથી તેઓ પોતાની અલગ પરીક્ષા લઈને વિદ્યાર્થીઓને પ્રવેશ આપશે. એટલે કે વિદ્યાપીઠમાં બી.કૉમ. કરવા માટે વિદ્યાર્થીઓને અલગથી એન્ટ્રન્સ ટેસ્ટ આપવાની રહેશે. જેના આધારે પ્રાથમિક તબક્કે ૬૦ વિદ્યાર્થીને પ્રવેશ અપાશે.

# સમગ્ર દેશમાં દૈનિક ૭૫ હજાર ઑનલાઈન ટિકિટ બુકિંગ સાથે ગુજરાત એસ.ટી. નિગમ પ્રથમ ક્રમે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર ભારતનાં તમામ રાજ્યોના નિગમોમાં ગુજરાત એસ.ટી. નિગમે ઑનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમનો સૌથી વધુ ઉપયોગ કરી વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. દેશમાં દૈનિક ૭૫ હજારથી વધુ ઑનલાઈન ટિકિટ બુકિંગ સાથે ગુજરાત એસ.ટી. નિગમ પ્રથમ ક્રમે સ્થાન પામ્યું છે. ગુજરાતના નાગરિકોને સ્વચ્છ, સલામત અને સમયસર મુસાફરીની સુવિધા મળી રહે તેવા ઉદ્દેશ સાથે વર્ષ-૨૦૧૦થી ઑનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમની શરૂઆત થઈ હતી. વાહનવ્યવહાર નિગમની યાદીમાં વધુમાં જણાવાયું હતું કે, ગુજરાતમાં છેલ્લાં બે વર્ષમાં ૪ કરોડથી વધુ મુસાફરોએ ઑનલાઈન ટિકિટો બુક કરીને એસ.ટી નિગમને કુલ રૂા. ૧,૦૩૬ કરોડથી વધુની આવક કરાવી છે. વર્ષ-૨૦૧૧થી માસ્ટર ફ્રેન્ચાઇઝીના કરાર થકી મુસાફરો અભી બસ અને પેટીએમ જેવી એપ્લિકેશન મારફતે પણ ઑનલાઈન એસ.ટી. બસની ટિકિટ બુકિંગ કરાવી શકે છે. નિગમ દ્વારા દિવ્યાંગ મુસાફરો સરળતાથી બુકિંગ કરી શકે તે માટે દિવ્યાંગ બુકિંગનું વેબ મોબાઈલ એપ્લિકેશનમાં અલગથી પણ ઑપ્શન આપવામાં આવ્યું છે.

ઑનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમની શરૂઆત કર્યા પછી એસ.ટી નિગમે તબક્કાવાર મુસાફરોની સુવિધાઓમાં વધારો કર્યો છે, જેમાં વર્ષ-૨૦૧૫થી એન્ડ્રોઈડ અને આઈઓએસ મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી હતી. મુસાફરો મોબાઈલ - વેબ એપ્લિકેશન મારફતે બુક કરાયેલી ટિકિટોનું રિશિડ્યુલ-કેન્સલેશન તેમ જ પીએનઆર સ્ટેટ્સ વગેરે સરળતાથી જાણી શકે તે માટે તમામ વિકલ્પો આપવામાં આવ્યા છે. આ એપ્લિકેશન દ્વારા મુસાફરો તેમની મુસાફરીની ટિકિટ ૬૦ દિવસ અગાઉ બૂક કરાવી શકશે.

જો મુસાફરીમાં જે કોઈ ફેરફાર થાય તે સમય ટિકિટની રિશિડયુલની સુવિધા વિનામૂલ્યે મુસાફરોને નિગમ દ્વારા આપવામાં આવે છે.

# અમદાવાદની જાણીતી ઇન્ટરનેશનલ સ્કૂલોને ૧૫ કરોડનો જીએસટી ભરવા નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની ટોચની ઇન્ટરનેશનલ સ્કૂલ તેમ જ પ્રાઈવેટ યુનિવર્સિટીઓને રિવર્સ ચાર્જ મિકેનિઝમ સર્વિસ હેઠળ સર્વિસ ટૅક્સ ભરવા સર્વિસ ટૅક્સ વિભાગ દ્વારા નોટિસ પાઠવવામાં આવી હતી. સર્વિસ ટૅક્સ વિભાગનાં સૂત્રોના જણાવ્યા મુજબ, આનંદ નિકેતન સ્કૂલ, તુલિપ ઇન્ટરનેશનલ સ્કૂલ, મહાત્મા ગાંધી ઇન્ટરનેશનલ સ્કૂલ, જેજી ઇન્ટરનેશનલ સ્કૂલ, પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલ, અમદાવાદ ઇન્ટરનેશનલ સ્કૂલ, સ્વામિનારાયણ ઇન્ટરનેશનલ સ્કૂલ સહિતની સ્કૂલોને નોટિસ અપાઈ હતી. દરેક સ્કૂલ તથા યુનિવર્સિટીઓને અલગ અલગ રકમનો ટૅક્સ ભરવા નોટિસ અપાઈ હતી, આ તમામ સ્કૂલો-યુનિવર્સિટીઓ પાસેથી કુલ ૧૫ કરોડ રૂપિયાની આસપાસ સર્વિસ ટૅક્સ વસૂલવાનો બાકી નીકળે છે.

આ નોટિસોના પગલે સ્કૂલોના સંચાલકો અને માલિકો ગોથે ચડ્યા હતા. કેટલીક ઇન્ટરનેશનલ સ્કૂલના માલિકોએ જણાવ્યું હતું કે, અમે તો આવા કોઈ સર્વિસ ચાર્જ વિશે જાણતા જ નથી. વિવાદ ટાળવા માટે નોટિસ મળ્યા બાદ કેટલીક સ્કૂલોએ અને પ્રાઇવેટ યુનિવર્સિટીએ ટૅક્સની રકમ જમા પણ કરી દીધી છે. સર્વિસ ટૅક્સ વિભાગનાં સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે, ઇન્ટરનેશનલ સ્કૂલોમાં વિદ્યાર્થીઓને ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ પ્રમાણે એજ્યુકેશન આપવામાં આવતું હોય છે એવા દાવા કરાય છે. આ દાવાને સાચા સાબિત કરવા વિદેશની જાણીતી ઇન્ટરનેશનલ સ્કૂલ સાથે કરાર કરીને તેઓ ત્યાંથી પ્રોફેસરોને લેક્ચર માટે બોલાવતા હોય છે. આ ઉપરાંત તેમના વર્કશોપ અને સેમિનાર પણ કરતા હોય છે કે જેનો ચાર્જ વિદેશથી આવતા પ્રોફેસર કે ટીચર લેતા હોય છે. આ જ રીતે પ્રાઇવેટ યુનિવર્સિટીમાં પણ વિદેશમાંથી પ્રોફેસરો આવતા હોય છે. આ રકમ ચૂકવાય તેનો ટૅક્સ ભરવો પડે, પણ સ્કૂલો આ ટૅક્સ નથી ભરતી તેથી નોટિસ અપાઈ છે.

સર્વિસ ટેક્સ વિભાગનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, સંચાલકો ભલે પોતાને ટૅક્સની ખબર નથી એવું કહે, પણ આ લુચ્ચાઈ છે. મોટા ભાગના કિસ્સામાં એવું બન્યું છે કે ઇન્ટરનેશનલ સ્કૂલ અથવા તો પ્રાઇવેટ યુનિવર્સિટી એક ખાનગી કંપની બનાવી દે છે અને તેને વર્કશોપ સેમિનાર અને લેક્ચર માટેનો કૉન્ટ્રાક્ટ આપી દે છે કે જેથી કોઈ ટૅક્સ ભરવો ના પડે. ઇન્ટરનેશનલ સ્કૂલ કે પ્રાઇવેટ યુનિવર્સિટી પોતાની કંપની ખોલીને પોતે જ સર્વિસ લે તો ટૅક્સમાંથી રાહત મળી જતી હોય છે અને તેઓને જીએસટીમાં રિટર્ન પણ ફાઈલ કરવું પડતું હોતું નથી.

યુનિવર્સિટી કે ઇન્ટરનેશનલ સ્કૂલનું રિટર્ન જીએસટીમાં ફાઈલ થાય તો ઘણી બધી ટેક્નિકલ માહિતીઓ પણ આપવી પડતી હોય છે તેથી માહિતી છુપાવવા માટે આવી કંપનીઓ ઊભી કરી દેવામાં આવે છે અને કંપની તેનું જીએસટીમાં રિટર્ન ફાઇલ કરી દેતી હોય છે.

# મુખ્ય પ્રધાનને મળેલી ભેટના ઈ-ઑક્શન થકી ત્રણ મહિનામાં કન્યા કેળવણી નિધિમાં ₹ ૩૬.૯૭ લાખ જમા થયા

અમદાવાદઃ ગુજરાતમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા તેમ જ દીકરીઓને શિક્ષણ માટે આર્થિક સહાય આપવાના ઉદ્દેશ સાથે રાજ્યના મુખ્ય પ્રધાનને વર્ષ દરમિયાન મળતી અને તોશાખાનામાં જમા થતી ભેટસોગાદોની હરાજી કરીને તેના વેચાણમાંથી મળતી આવકને કન્યાઓના શિક્ષણ માટે ઉપયોગમાં લેવાની પરંપરા શરૂ કરાઈ હતી. જેમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને મળેલી ભેટસોગાદોના ઈ-ઑક્શન થકી ત્રણ મહિનામાં કન્યા કેળવણી નિધિમાં ૩૬.૯૭ લાખ રૂપિયા જમા થયા હતા. ગુજરાત સરકારે તોશાખાનામાં જમા થતી ભેટ-સોગાદોના વેચાણ માટે ગત વર્ષે બીજી ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ ઑનલાઈન પોર્ટલ લોન્ચ કર્યું હતું. આ પોર્ટલ પર ઑક્શનના માધ્યમથી મળતી આવકનો ઉપયોગ કન્યા કેળવણી જેવા ઉમદા હેતુ માટે કરવામાં આવે છે. આ પોર્ટલ લોન્ચ થયું ત્યારથી લઈને ડિસેમ્બર મહિના સુધીના ફક્ત ૩ મહિનાના સમયગાળામાં ૪૦૦થી પણ વધુ વસ્તુઓ હરાજી માટે મૂકવામાં આવી હતી. જે પૈકી ૧૮૧ વસ્તુઓના વેચાણ થકી ૩૬.૯૭ લાખથી વધુની રકમ કન્યા કેળવણી નિધિમાં જમા કરવામાં આવી હતી. તોશાખાનાની વસ્તુઓના વેચાણ માટે પોર્ટલ લોન્ચ થયું ત્યારથી અત્યાર સુધીમાં કુલ ૪૨૭ વસ્તુઓ હરાજી માટે મૂકવામાં આવી હતી. જે પૈકી ૩૭૯ વસ્તુઓ પર ૭૪,૧૬,૯૩૭નું બિડિંગ થયું છે તથા ૧૮૧ વસ્તુઓના વેચાણથી ૩૬,૯૭,૩૭૬ ઑનલાઈન માધ્યમથી કન્યા કેળવણી નિધિમાં જમા કરવામાં આવ્યા છે.

# ગુજરાતમાં અન્ય રાજ્યોમાંથી આવતાં ૧૮૨ દૂધનાં ટેન્કરોની તપાસમાં બાવીસ લાખ લિટર દૂધની ગુણવત્તા ચકાસાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યની અલગ-અલગ બોર્ડર પર સઘન તપાસ હાથ ધરીને પરપ્રાંતથી આવતાં ટેન્કરોની ચકાસણી કરવામાં આવી હતી. જેમાંથી આ ટેન્કરોના દૂધના ૪૦થી વધુ નમૂના સ્થળ પર જ ચકાસવામાં આવ્યા હતા. વધુમાં, તંત્ર દ્વારા રાજ્યમાં આવેલી ૧૪ જેટલી ડેરી પર ૧૫૦થી વધુ ટેન્કરો સહિત કુલ ૧૮૨થી વધુ દૂધના ટેન્કરોના આશરે ૨૨ લાખ લીટર જેટલા દૂધની ગુણવત્તાની ખરાઈ કરવામાં આવી હતી.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ.જી.કોશિયાએ જણાવ્યું હતું કે, દૂધની વેચાણ કરતી ડેરીઓ અને દૂધનું વહન કરતાં ટેન્કરોની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૧૪ જેટલી મોટી ડેરીઓ તથા ૧૫૦થી વધુ ટેન્કરોની તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન અન્ય રાજ્યોમાંથી ટેન્કર, કેન તથા અન્ય માધ્યમથી ડેરીમાં આવતા ૯૦૦ જેટલા દૂધના નમૂનાની સ્થળ પર જ ફૂડ સેફ્ટી ઑન વ્હીલ્સ દ્વારા ચકાસણી કરવામાં આવી હતી.

તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યકક્ષાની સ્પે. સ્ક્વોર્ડ દ્વારા રાજ્યની વિવિધ ચેક પોસ્ટ ખાતે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન જેવા પરપ્રાંતથી આવતાં દૂધનાં ટેન્કરોની તપાસ કરવામાં આવી હતી. દૂધનાં ટેન્કરોમાંથી દૂધના નમૂના લઈ સ્થળ પર જ મિલ્કોસ્કેન મશીનનો ઉપયોગ કરી ફૂડ સેફ્ટી વાનમાં ચકાસણી કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન અન્ય રાજ્યમાંથી આવતાં કુલ ૩૧ દૂધનાં ટેન્કરો ચેક કરવામાં આવ્યાં હતાં, જેમાંથી કુલ ૪૧ દૂધના નમૂના મિલ્કોસ્કેન મશીનમાં સ્થળ ઉપર જ ચેક કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત કુલ ૨૯ સર્વેલન્સ નમૂના લઈને લેબોરેટરીમાં વધુ ચકાસણી અર્થે મોકલી આપવામાં આવ્યા હતા.

આમ, કુલ ૬.૨૫ લાખ લિટરથી વધુ દૂધની રાજ્યની બોર્ડર પર અલગ-અલગ ચેકપોસ્ટ ઉપર વહન દરમિયાન તપાસ હાથ ધરવામાં આવી હતી. ગત વર્ષે ૩,૩૦૦ જેટલા નમૂનાઓ લેવામાં આવ્યા હતા, જેમાં ૩ ટકા જેટલા નમૂનાઓ ધારાધોરણ મુજબનાં ન હોઈ તેમની સામે નિયમ મુજબની કાર્યવાહી કરવામાં આવી હતી.

# અમરેલી લેટરકાંડમાં પાયલ ગોટીના જામીન મંજૂરઃ સંઘાણી જેલમાં મળવા ગયા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી લેટરકાંડની આરોપી પાટીદાર દીકરી પાયલ ગોટીના જામીન કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા અને તેને જામીન પર મુક્ત કરવામાં આવી હતી. લેટરકાંડ મામલે પાયલ ગોટીનું સરઘસ કાઢવાને પગલે સૌરાષ્ટ્રનું રાજકારણ ગરમાયું હતું. જોકે પોલીસ દ્વારા એવું જણાવવામાં આવ્યું હતું કે યુવતીનું સરઘસ કાઢવામાં નહોતું આવ્યું, પરંતુ ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું.

રાજ્યમાં પાટીદાર દીકરીના અપમાન મુદ્દે પાટીદારોએ આકરું વલણ અખત્યાર કરતાં ઈફકોના ચૅરમૅન અને ભાજપ નેતા દિલીપ સંઘાણીએ જેલમાં બંધ પાટીદાર દીકરી પાયલ ગોટી સાથે મુલાકાત કરી હતી. જેલમાં જઈ દીકરીને સાંત્વના પણ આપી હતી. એટલું જ નહીં દીકરીના ભવિષ્ય અંગે સામાજિક આગેવાનોએ સંઘાણી સાથે પણ મુલાકાત કરી હતી.

પાટીદારોના રોષને ઠારવા માટે દિલીપ સંઘાણીની ઑફિસમાં અમરેલી ખોડલધામ ટ્રસ્ટી વસંત મોવલિયા, લેઉવા પાટીદાર સમાજના પ્રમુખ દિનેશ ભુવા, ભાજપ આગેવાન ડૉ.ભરત કાનાબાર, શૈલેશ સંઘાણી, માર્કેટિંગ યાર્ડના પૂર્વ ચૅરમૅન પી.પી.સોજીત્રા સહિતના આગેવાનોએ દિલીપ સંઘાણી સાથે બેઠકો યોજી પાયલ ગોટીની આજીવિકા નોકરી બાબતે ચર્ચાઓ કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બૅન્ક પીડિત દીકરીને કાયમી નોકરી આપે તે માટે પણ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ માટે અમરેલીના સામાજિક આગેવાનોએ સહકારી આગેવાન દિલીપ સંઘાણીને આ મુદ્દે રજૂઆત કરી હતી.

દીકરીને કાયમી આજીવિકા આપવા રજૂઆત કરી. જેમાં દિલીપ સંઘાણીએ પણ કાયમી નોકરી આપવા વચન આપ્યું. બૅન્કમાં ઠરાવ પસાર કરી દીકરીને નોકરી આપવાની તૈયારી બતાવી છે. આ મુલાકાતમાં ખોડલધામના ટ્રસ્ટી વસંત મોવલિયા, લેઉઆ પાટીદાર સમાજના પ્રમુખ દિનેશ ભુવા, ભાજપ આગેવાન ભરત કાનાબાર, માર્કેટિંગ યાર્ડના ચૅરમૅન શૈલેષ સંઘાણી, માર્કેટિંગ યાર્ડના પૂર્વ ચૅરમૅન પી.પી. સોજીત્રા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. ભાજપના અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરિયાના નામવાળો બનાવટી લેટરપેડ ૨૭મી ડિસેમ્બરે સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો, જેમાં અમરેલીના ભાજપ અને અન્ય નેતા પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. આ મામલે પોલીસ ફરિયાદ થતાં પૂર્વ ભાજપ હોદ્દેદાર મનિષ વઘાસિયા સહિત ૪ લોકોની ધરપકડ કરવામાં આવી, જેમાં પાટીદાર સમાજની એક યુવતીનો પણ સમાવેશ થાય છે. પોલીસે બીજા દિવસે રિકન્સ્ટ્રક્શનના નામે મુખ્ય રોડ પર આરોપીઓનું સરઘસ કાઢ્યું હતું, જેમાં પાટીદાર યુવતી પણ સામેલ હતી. આ ઘટનાથી પાટીદાર સમાજમાં ભારે રોષ ફેલાયો છે.

# બીઝેડ ગ્રૂપની પોન્ઝી સ્કિમમાં રોકાણ કરનારા ચાર ક્રિકેટરોને સીઆઈડી ક્રાઈમનું તેડું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહાઠગ ભૂપેન્દ્રસિંહ ઝાલાના બીઝેડ ગ્રૂપની પોન્ઝી સ્કિમમાં રોકાણ કરનારા લોકો સામે પણ તપાસ શરૂ કરવામાં આવી છે. આ દરમિયાન બીઝેડની પોન્ઝી સ્કિમમાં ૪ ક્રિકેટરોએ રોકાણ કર્યું હોવાનો પણ ખુલાસો થયો છે. એકના ડબલની લાલચમાં આવી ૫ કરોડ જેટલું રોકાણ કરનારા આ ચારેય ક્રિકેટરોને પણ સીઆઈડી ક્રાઈમ પૂછપરછ માટે બોલાવી શકે છે.

સીઆઈડી અધિકારીઓએ જણાવ્યું હતું કે, આઈપીએલ ટીમ ગુજરાત ટાઈટન્સના કૅપ્ટન શુભમન ગિલે ૧.૯૫ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું. અન્ય ખેલાડીઓએ પણ મોટી રકમનું રોકાણ કર્યું હતું. અધિકારીઓએ કહ્યું હતું કે, ખેલાડીઓને તેમની ઉપલબ્ધતાના આધારે પૂછપરછ માટે બોલાવવામાં આવશે. ગુજરાત પોલીસની સીઆઈડી ક્રાઈમ બ્રાંચે ભારતીય ક્રિકેટરો શુભમન ગિલ, રાહુલ તેવટિયા, મોહિત શર્મા અને બી સાઈ સુદર્શનને રૂા. ૪૫૦ કરોડના ચિટ ફંડ કૌભાંડ મામલે સમન્સ પાઠવ્યા છે.આ દરમિયાન સીઆઈડીના અધિકારીઓએ રૂષિક મહેતાની ધરપકડ કરી હતી. જે ઝાલાના ઍકાઉન્ટસ સંભાળી રહ્યો હતો. સીઆઈડીએ બૅન્ક વ્યવહારોની તપાસ કરવા માટે ટીમો તહેનાત કરી છે અને ઝાલા દ્વારા બનાવવામાં આવેલી એક બિનસત્તાવાર ખાતાવહીની તપાસ માટે ટીમ તહેનાત કરી છે. હાલ બિનસત્તાવાર ઍકાઉન્ટ બુક જપ્ત કરવામાં આવી છે.

આ મામલે ગુજરાતભરમાં સોમવારથી વિવિધ સ્થળોએ દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. કૌભાંડની રકમ ૪૫૦ કરોડ રૂપિયાથી વધુ હોઈ શકે છે. સીઆઈડીની પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે ઝાલાએ ૬૦૦૦ કરોડ રૂપિયાની મોટી છેતરપીંડી કરી હતી. તપાસ આગળ વધતાં જાણવા મળ્યું કે આ રકમ ઘટીને ૪૫૦ કરોડ રૂપિયા થઈ ગઈ છે. જો દરોડા ચાલુ રહેશે તો તેમાં વધારો થઈ શકે છે. ઝાલાએ એક અનૌપચારિક હિસાબ બુક જાળવ્યો હતો જે સીઆઈડી ક્રાઈમ યુનિટે જપ્ત કરી લીધો છે. તે ખાતામાં નોંધાયેલા વ્યવહારોની રકમ લગભગ રૂા.૫૨ કરોડ જેટલી થાય છે.

# અમરેલી લેટરકાંડનો વિવાદ વકર્યોઃ રાજકોટ બાદ સુરતમાં પાટીદાર સમાજની મીટિંગ યોજાઈ

અમદાવાદઃ અમરેલી લેટરકાંડનો વિવાદ વધુ વકરી રહ્યો છે. રાજકોટ બાદ હવે સુરતમાં પાટીદાર અગ્રણી અલ્પેશ કથીરિયાની આગેવાનીમાં બેઠક યોજાઈ હતી. જેમાં દીકરીના ન્યાય માટેની ચર્ચાઓ થઈ હતી. શહેરમાં આ બેઠક માટે કોઈ ફાર્મ ભાડે નહીં મળતાં બેઠક રોડ પર યોજવી પડી હોવાથી સમાજના આગેવાનો રોષે ભરાયા હતા. પાટીદાર સમાજની સાથે હવે વિપક્ષ પણ મેદાનમાં ઊતર્યો હોવાથી સમગ્ર મુદ્દો ગંભીર બની રહ્યો છે. આ ઘટનામાં સુરતમાં કલેક્ટર અને પોલીસને રજૂઆત બાદ હવે પાટીદાર સમાજમાં મીટિંગોનો દોર શરૂ થયો છે. એક સમાજની દીકરીના ન્યાય માટેની મીટિંગ હોય અને કોઈ ફાર્મ ભાડે આપવા માટે તૈયાર ના થાય તે સમાજ માટે દુઃખની વાત કહેવાય.

દૈનિક મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 4 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ સુદ- ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 January 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૪ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# કોરોના બાદ ચીન ફરી રહસ્યમય બીમારીના ભરડામાં

## આ રોગચાળામાં ૧૪ વર્ષથી નાનાં બાળકો પર વધુ અસરઃ ફ્લૂ જેવાં લક્ષણો

બીજિંગઃ ચીનમાં કોરોનાની મહામારી ફેલાયા બાદ ભારત સહિતના મોટા ભાગના દેશો તેમાંથી બહાર આવી ગયાને લગભગ ચાર વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા વચ્ચે એક રહસ્યમય વાઈરસે ચીનને ભરડામાં લીધું છે જેને કારણે ચીનમાં ફરી રોગચાળો ફાટી નીકળવાના ભય વચ્ચે ચીનની સરકારે ઈમરજન્સી જાહેર કરી હોવાનું એજન્સીએ જણાવ્યું હતું.

હ્યુમન મેટાન્યુમોવાઈરસ (એચએમપીવી) ખૂબ ઝડપથી ઉત્તર ચીનમાં-ખાસ કરીને ૧૪ વર્ષથી નાનાં બાળકોમાં ફેલાઈ રહ્યો છે.

છેલ્લાં થોડા દિવસથી ચીનમાં મોટા પાયે ફ્લૂ ફાટી નીકળ્યો હોવાના અહેવાલ વહેતા થયા છે અને સોશિયલ મીડિયા પર આ અહેવાલ ખાસ કરીને ભારત, ઈન્ડોનેશિયા સહિત અનેક દેશોમાં ઝડપથી ફેલાઈ રહ્યા છે.

નવા વાઈરસને કારણે આરોગ્યના જોખમ વચ્ચે એવી અટકળો પણ વહેતી થઈ છે કે શું આ વાઈરસની ભારત પર પણ અસર થશે? શું કોરોના-૧૯ની મહામારી જેવા દિવસો ફરી આવશે?

સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા વીડિયોમાં ચીનની હૉસ્પિટલો દરદીઓથી ઊભરાઈ રહી હોવાનું જોવા મળી રહ્યું છે.

દિલ્હી મેડિકલ કાઉન્સિલના પ્રમુખ ડૉ. અરુણ ગુપ્તાનું કહેવું છે કે એચએમપીવીના લક્ષણો ઘણી રીતે કોરોના-૧૯ને મળતાં આવે છે અને એટલે જ આકાર લઈ રહેલી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવાની જરૂર છે. જોકે, લોકોએ ભયભીત થવાની જરૂર નથી, એમ તેમણે કહ્યું હતું.

ગિરદીવાળા વિસ્તારમાં માસ્ક પહેરીને જવું, નિકટનો સંપર્ક ટાળવા જેવી સાવચેતી એચએમપીવી સહિત શ્વસનતંત્ર પર અસર કરતા અન્ય વાઈરસનું જોખમ ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે, એમ તેમણે કહ્યું હતું.

એચએમપીવીના કેસ વર્ષ ૨૦૨૫માં જ નોંધાયા છે

(જુઓ પાનું ૨) ▶▶


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 70,380/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS



સમીર શાહ ના સથવારે...
જાપાન ૨૦૨૫
10 DAYS - CHERRY BLOSSOM
*22 Mar-8 seats left, 2 Apr-14 seats left


Per Adult = US$ 3400 = ₹2,89,000*
Per Child No Bed = US$ 1900 = ₹1,62,000*
Excludes : Air Ticket approx. ₹60,000, GST & TCS
EARLY BIRD OFFER - BEFORE 15 JAN. 2025
BOOK EARLY AND SAVE ON FLIGHT TICKETS.
9769000799
9820026046
Dolphin Tours


# પીએમ મોદીએ ‘આપ’ને દિલ્હી માટે ‘આપદા’ લેખાવી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે આમ આદમી પાર્ટી ‘આપ’ને દિલ્હી માટે ‘આપદા’ લેખાવી હતી અને કહ્યું કે આ ‘આપદા’એ છેલ્લાં દસ વર્ષથી દિલ્હીને ભરડામાં લીધું છે.

હાઉસિંગ અને એજ્યુકેશન સેક્ટર સહિત દિલ્હીમાં અનેક માળખાકીય પ્રોજેક્ટ લૉન્ચ કર્યા બાદ જનતાને સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે જો દિલ્હીમાં ‘આપ’નું શાસન ચાલુ રહેશે તો શહેરની પરિસ્થિતિ વધુ વણસી જશે. એક તરફ કેન્દ્ર સરકાર સઘન પ્રયાસ કરી રહી છે તો બીજી તરફ ‘આપ’ની સરકાર જુઠ્ઠાણું ફેલાવી રહી છે એમ જણાવી મોદીએ ‘આપ’

(જુઓ પાનું ૨) ▶▶

વર્ષ નવું, પણ ભૂલ તો જૂની જ

# કિંગ કોહલીના ૧૭ રન, ભારત ૧૮૫માં ઑલઆઉટ

## રોહિત પોતે જ સિડની-ટેસ્ટમાંથી નીકળી ગયો, બુમરાહે ફરી સુકાન સંભાળ્યું

સિડનીઃ બોર્ડર-ગાવસકર ટ્રૉફીમાં અહીં શુક્રવારે શરૂ થયેલી પાંચમી અને છેલ્લી ટેસ્ટ-મૅચ (સવારે ૫.૦૦ વાગ્યાથી લાઈવ)માંથી કૅપ્ટન રોહિત શર્મા ‘પોતે જ નીકળી ગયો હતો’ અને તેની ગેરહાજરીમાં જસપ્રીત બુમરાહને સુકાનની જવાબદારી સોંપવામાં આવી હતી, પરંતુ ફરી એક વાર ભારતનો ટૉપ-ઑર્ડર ફ્લૉપ રહ્યો અને આખી ટીમ

(જુઓ પાનું ૨) ▶▶




વિશાલ ગોરડિયા પ્રસ્તુત ભરત નારાયણદાસ ઠક્કર નિર્મિત
સ્નેહા દેસાઈ લિખિત વિપુલ મહેતા દિગ્દર્શિત રોહિણી હટ્ટંગડી અભિનિત
સૌંદર્યની અલગ પરિભાષા...
ઐશ્વર્યા બ્યુટી પાર્લર
મૂળકૃતિઃ વિદ્યાસાગર અધ્યાપક કલાઃ સંદેશ બેન્દ્રે પ્રકાશઃ ભૌતેષ વ્યાસ
સંગીતઃ ઋષિકેશ ગાંગણ સહાયક દિગ્દર્શકઃ પુષ્પક ત્રિવેદી વિશેષ આભારઃ મનીષ પટેલ
★ નિયતિ રાજવાડે, હેમા નિકમ, રાજકમલ દેશપાંડે, કેરવી ઉદાણી, ચાર્મી કેલૈયા, પ્રતિક શર્મા
નવું નાટક - શુભારંભઃ
આવતો રવિવારઃ ૧૨ જાન્યુ. સાંજે ૭.૩૦ તેજપાલ
રવિવારઃ ૧૯ જાન્યુ. સાંજે ૭.૩૦ નહેરૂ -વર્લી
Online: bookmyshow Show Cont. 9820437187, 9320085142
Deepak Somaiya


# દક્ષિણી કેલિફોર્નિયામાં વિમાની દુર્ઘટનાઃ બેનાં મૃત્યુ, અનેક ઘાયલ

કેલિફોર્નિયાઃ અમેરિકાના દક્ષિણી કેલિફોર્નિયામાં વિમાન દુર્ઘટનામાં બે લોકોનાં મૃત્યુનાં અહેવાલો છે. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૧૫ લોકો ઘાયલ થયા હોવાનું જાણવા મળી રહ્યું છે. ઘાયલોમાં કેટલાકની હાલત વધુ ગંભીર હોવાનું કહેવાય છે. કહેવામાં આવી રહ્યું છે કે આ વિમાન દુર્ઘટના એક મોટા ગોદામની છત પર થઈ હતી. જેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

આ વિમાન દુર્ઘટના કેલિફોર્નિયાના ફુલર્ટન એરપોર્ટ પાસે થઈ હતી. આ અકસ્માતનો એક વીડિયો પણ સામે આવ્યો છે. આ વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે એક મોટા ગોદામની છતમાંથી ધુમાડાના ગોટે

(જુઓ પાનું ૨) ▶▶


Discover the Ultimate Winter Wear Collection
Style, Warmth, and Comfort Combined

ROOPAM
SCAN QR CODE | SCAN QR CODE
Readymades | Wedding Attire | Toys | Newborn Items | Woollens | Art & Craft
Imitation Jewellery | Crockery | Perfumes | Ladies Handbags | Ladies & Kids Footwear
Near Crawford Market, Opp. Police Commissioner's Office, Mumbai.
Tel: 22061794 • Cell: 9819 911 333 • www.roopam.com • roopamroopmilan

Visit Roopmilan's New Studio!
Discover our latest collection of Lucknowi Chikankari, Bandhez Sarees, Chaniya Cholis, Suits, and more collector's choice sarees.

Step into timeless elegance today!
Roop milan®
Experience our full range of Wedding Sarees, Bridal Ghagra Cholis, Suit Pieces, Readymade Churidars, Imitation Jewelleries, Accessory & Purses
MARINE LINES: Tel: 022-22005951 / 8104035525
DADAR WEST: Tel: 022-24370078 / 9820033363
www.roopmilan.com • roopamroopmilan
OPEN ALL DAYS
MENS WEAR ONLY AT MARINE LINES
SCAN QR CODE FOR DADAR | SCAN QR CODE FOR MARINE LINES

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકામાં આતંકવાદી હુમલો, ઈસ્લામિક સ્ટેટની એન્ટ્રી

**જર્મનીમાં** નાતાલ પર સાઉદી અરેબિયાના એક મુસ્લિમે ક્રિસ્ટમસ માર્કેટમાં ટ્રક ઘુસાડીને કરેલા હુમલામાં ૫ લોકોનાં મોત થયાં એ ઘટનાના પડઘા શમ્યા નથી ત્યાં અમેરિકાના ન્યૂ ઓર્લિયન્સમાં થયેલા હુમલાએ સૌને ચોંકાવી દીધા છે કેમ કે અમેરિકામાં હુમલો કરનાર પણ કટ્ટરવાદી મુસલમાન છે. ન્યૂ ઓર્લિયન્સ સ્ટેટના ન્યૂ ઓર્લિયન્સ શહેરના પ્રખ્યાત બોર્બન સ્ટ્રીટ વિસ્તારમાં થર્ટી ફસ્ટની રાત્રે સેંકડો લોકો નવા વર્ષને આવકારીને ન્યૂ યરનું સેલિબ્રેશન કરી રહ્યા હતા ત્યારે એક ટ્રક ભીડમાં ઘૂસી ગઈ અને સંખ્યાબંધ લોકોને કચડી નાખ્યા.

આ કચડાયેલા લોકોમાંથી ઓછામાં ઓછા ૧૦ લોકોનાં મોત થયાં અને જે ૩૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે તેમાંથી પણ ઘણાની હાલત ખરાબ છે તેથી બીજા પણ કેટલાય ઢબી જશે એવું લાગે છે. પોલીસે હુમલાખોરને રોકવાનો પ્રયત્ન કર્યો તો તેણે બહાર આવીને પોલીસ પર ફાયરિંગ શરૂ કરીને બીજા ૫ લોકોને ઢાળી દીધા. હુમલાખોર પણ પોલીસના ગોળીબારમાં મરાયો તેથી આ કાંડનો એ જ વખતે અંત આવી ગયેલો, પણ આ હુમલાએ આખા અમેરિકાને ફફડાવી નાખેલું.

પોલીસે પહેલાં તો કોઈ પાગલે આ કૃત્ય કર્યું હશે એમ માનેલું અને એ દિશામાં તપાસ શરૂ કરી હતી. પછી આતંકી હુમલો છે તે દિશામાં તપાસ શરૂ કરી. આ તપાસમાં જે વિગતો બહાર આવી છે તેણે પોલીસને ચોંકાવી દીધી છે અને અમેરિકનોનો ફફડાટ વધારી દીધો છે કેમ કે હુમલાખોરની ઓળખ ૪૨ વર્ષીય શમસુદ્દીન જબ્બાર તરીકે થઈ છે અને આ શમશુદ્દીન જબ્બાર કુખ્યાત આતંકવાદી સંગઠન ઇસ્લામિક સ્ટેટ સાથે સંકળાયેલો છે.

પોલીસે આપેલી માહિતી પ્રમાણે, શમસુદ્દીન જબ્બારની પિકઅપ ટ્રકમાંથી કાળા રંગનો ધ્વજ મળી આવ્યો હતો અને આ ધ્વજ ઇસ્લામિક સ્ટેટ એટલે કે આઈએસઆઈએસનો ધ્વજ છે. સ્થાનિક સમય અનુસાર સવારે ૩:૧૫ વાગ્યે જે વિસ્તારમાં હુમલો થયો ત્યાંથી એજન્સીઓને વિસ્ફોટકો પણ મળી આવ્યા છે. આ ઉપરાંત એક સાયલન્સરવાળી બંદૂક પણ મળી આવી છે. એફબીઆઈનું માનવું છે કે આ હુમલામાં જબ્બારે બીજા કોઈની પણ મદદ લીધી હોવી જોઈએ અને આ વ્યક્તિ હુમલા પછીની અંધાધૂંધીનો લાભ લઈને ફરાર થઈ ગઈ હશે. જબ્બારે હુમલા પહેલાં સોશિયલ મીડિયા પર વીડિયો અપલોડ કર્યા હતા, આ વીડિયોમાં જબ્બાર પોતે ઇસ્લામિક સ્ટેટથી પ્રભાવિત થઈને ખ્રિસ્તીઓને મારી નાખવાનો ઈરાદો ધરાવતો હોવાનું જણાવે છે.

એજન્સીઓએ જબ્બારની આખી કરમ કુંડળી બહાર કાઢીને મૂકી છે એ સાંભળીને અમેરિકનો વધારે ફફડી ગયા છે. આ વિગતો પ્રમાણે, શમસુદ્દીન અમેરિકાના ટેક્સાસનો વતની હતો અને અમેરિકાની આર્મીમાં ફરજ પણ બજાવી ચૂક્યો હતો. શમસુદ્દીનનો જન્મ ખ્રિસ્તી તરીકે થયો હતો, પણ પછીથી તેણે ધર્માંતરણ કરીને ઇસ્લામ અપનાવી લીધો હતો. જબ્બારને ઓળખનારા લોકોનું કહેવું છે કે, જબ્બાર ઇસ્લામના નિયમોનું ચુસ્ત રીતે પાલન કરતો અને નિયમિત રીતે મસ્જિદમાં જતો હતો.

અમેરિકન આર્મીમાં હ્યુમન રિસોર્સથી માંડીને આઈટી સ્પેશિયાલિસ્ટ સુધીનાં કામ કરનાર જબ્બાર ફેબ્રુઆરી ૨૦૦૯થી જાન્યુઆરી, ૨૦૧૦ સુધી અફઘાનિસ્તાનમાં તહેનાત હતો. આ કારણે તેની દેશભક્તિ સામે કોઈને શંકા નહોતી. જબ્બારે ૨૦૨૦માં એક વીડિયો સોશિયલ મીડિયા પર મૂકેલો કે જેમાં તેણે યુએસ આર્મીએ તેનું કઈ રીતે ઘડતર કર્યું તેની વાતો કરી હતી. જબ્બારે દાવો કરેલો કે, યુએસ આર્મીમાં કામ કરતી વખતે સેવા અને જવાબદારી વિશે જાણવા મળ્યું અને પોતે વધારે સારો માણસ મળ્યો.

જબ્બારે બે વખત નિકાહ કર્યા હતા. પહેલા નિકાહ ૨૦૧૨માં તૂટી ગયા હતા ને બે વર્ષ પછી તેણે બીજા નિકાહ કર્યા હતા. પહેલા નિકાહ આર્મીમાં સતત કામના કારણે પત્નીને સમય નહોતો આપી શકતો તેના કારણે તૂટી ગયા હતા. યુએસ આર્મીમાંથી નિવૃત્ત થયા પછી જબ્બાર હ્યુસ્ટનમાં રિયલ એસ્ટેટ એજન્ટ તરીકે કામ કરતો હતો. આ દરમિયાન તે કટ્ટરવાદી મુસ્લિમોના સંપર્કમાં આવ્યો અને તેના વિચારો બદલાયા એવું મનાય છે.

જબ્બાર સામે ભૂતકાળમાં બે ગુના નોંધાયા હતા, પણ તે બહુ ગંભીર નહોતા. ૨૦૦૨માં તેની સામે એક ચોરીનો ગુનો નોંધાયો હતો. ૨૦૦૫માં ગેરકાયદેસર લાઈસન્સ સાથે કાર ચલાવવા મુદ્દે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, પણ આ પ્રકારના ગુના સામાન્ય છે તેથી જબ્બાર ગુનાઈત માનસિકતા ધરાવતો હતો એવું ના કહી શકાય, પણ કટ્ટરવાદી મુસ્લિમોના સંપર્કમાં આવ્યા પછી એ ખતરનાક ઈરાદા ધરાવતો થઈ ગયો હશે એવું પોલીસને લાગે છે.

આ લોકોના પ્રભાવ હેઠળ જ એક વર્ષ પહેલાં જબ્બારે નોર્થ હ્યુસ્ટનમાં મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારમાં ભાડેથી ઘર લીધું હતું. તેના ઘરની નજીક જ એક મસ્જિદ પણ છે. જબ્બારની કટ્ટરવાદીઓ સાથે મુલાકાતો આ મસ્જિદમાં થતી હશે એવું મનાય છે. ખ્રિસ્તી ન્યુ યર પર હુમલાના પ્લાન સાથે મસ્જિદને કંઈ લેવાદેવા છે કે નહીં તેની હાલ એજન્સીઓ તપાસ કરી રહી છે.

તપાસ એજન્સીઓને આ શંકા છે તેનું કારણ એ છે કે, છેલ્લા કેટલાક સમયથી જબ્બાર કંઈ કામ કરતો નહોતો. રીયલ એસ્ટેટ એજન્ટ તરીકેનું તેનું લાઈસન્સ ૨૦૨૧માં એક્સપાયર થઈ ગયું હતું, પણ જબ્બારે આ લાઈસન્સ રીન્યુ કરાવવાની તસદી પણ નહોતી લીધી એ છતાં તેનું ઘર ચાલતું હતું એ આશ્ચર્યજનક છે. જબ્બારના બીજા નિકાહનો પણ ૨૦૨૨માં અંત આવ્યો અને તલાક લઈ લીધા હતા. એ પછી તેને નાણાંભીડ રહેતી એવું તેના મિત્રોએ જ કહ્યું છે ને છતાં એ કશું કામ નહોતો કરતો એ આશ્ચર્યજનક છે.

જબ્બારને ઇસ્લામિક સ્ટેટ તરફથી મદદ મળતી હશે એ કહેવાની જરૂર નથી. તેનો મતલબ એ થાય કે, અમેરિકામાં ઇસ્લામિક સ્ટેટની એન્ટ્રી થઈ ચૂકી છે અને તેનું નેટવર્ક વ્યાપક બની રહ્યું છે. આત્મઘાતી હુમલાખોરથી માંડીને હથિયારો-હુમલાખોર સુધીનું બધું જ ઈસ્લામિક સ્ટેટ પાસે હોય તેનો મતલબ એ થાય કે, ભવિષ્યમાં અમેરિકામાં ન્યુ ઑર્લિયન્સ જેવા વધારે હુમલા થઈ શકે છે.

અમેરિકાએ નાઈન ઈલેવનના હુમલા પછી કડક હાથે કામ લઈને અલ કાયદા સહિતનાં સંગઠનોને નેસ્તનાબૂદ કરી નાખ્યાં હતાં. માનવાધિકારવાદીઓ અને મુસ્લિમ રાષ્ટ્રોની ઐસીતૈસી કરીને અમેરિકાએ આતંકવાદીઓને પાંસરા કરી નાખેલા, પણ આ હુમલો એ વાતનો પુરાવો છે કે, અમેરિકામાં આતંકવાદીઓ ફરીથી માંથાં ઊંચકી રહ્યાં છે. ડોનાલ્ડ ટ્રમ્પ આ મહિને જ અમેરિકાના પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળવાના છે ત્યારે તેમની સામે આ મુસ્લિમ આતંકવાદીઓને ખતમ કરવાનો નવો પડકાર પણ મોં ફાડીને ઊભો રહી ગયો છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ/સૌર શિશિર ઋતુ, શનિવાર, તા. ૪-૧-૨૦૨૫, પંચક

- ભારતીય દિનાંક ૧૪, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ સુદ - ૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ સુદ-૫
- પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૩મો દએપદીન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૫મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૬
- નક્ષત્ર શતભિષા ૨૧-૨૨ સુધી, પછી પૂર્વાભાદ્રપદા.
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૪ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૬, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : બપોરે ક. ૧૪-૪૭, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૨૦ (તા. ૫)
- ઓટઃ સવારે ક. ૦૯-૦૦, રાત્રે ક. ૨૦-૪૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ શુક્લ - પંચમી. પંચક, બુધ ધનુમાં ક. ૧૨-૦૪.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સવારે ક. ૧૦-૦૮ સુધી શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ વ્યતિપાત જન્મયોગ પૂજા. વરુણ દેવતાનું પૂજન, શનિ-રાહુ ગ્રહદેવતાનું પૂજન, કદંબનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પાટ-અભિષેક પૂજા, શનિ, હનુમાન મંદિર ઉપર ધજા-કળશ પતાકા ચઢાવવી, પાટ-અભિષેક પૂજા, માલ લેવો, નોકરી-દુકાન-વેપારના કામકાજ. રત્નધારણ, વૃક્ષ વાવવું, ધાન્ય વેંચવું, પશુ લેવડદેવડના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ દંભી, ચંદ્ર-શનિ યુતિ તુચ્છ સ્વભાવના, ચંદ્ર-બુધ ચતુષ્કોણ જુઠ્ઠુ બોલવાની આદત. ચંદ્ર-નેપ્ચૂન યુતિ સ્વપ્નદૃષ્ટા, ચંદ્ર-મંગળ ત્રિકોણ પ્રવૃત્તિપ્રિય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-શનિ યુતિ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ, ચંદ્ર-મંગળ ત્રિકોણ (તા. ૫)
- ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ. વક્રી મંગળ-કર્ક, માર્ગી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# કેન્દ્ર સરકારે દિલ્હીમાં કશું જ કામ નથી કર્યુંઃ કેજરીવાલ

નવી દિલ્હીઃ ભાજપના વડપણ હેઠળની કેન્દ્ર સરકારે દિલ્હીમાં કશું જ કામ નથી કર્યું અન્યથા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૪૩ મિનિટના તેમનાં ભાષણમાં ૩૯ મિનિટ દિલ્હીવાસીઓએ ભારે બહુમતીથી ચૂંટી કાઢેલી 'આપ' સરકારની નિંદા કરવા ફાળવવી ન પડી હોત, એમ 'આપ'ના સુપ્રીમો અરવિંદ કેજરીવાલે શુક્રવારે કહ્યું હતું.

દિલ્હીમાં 'આપ'ના શાસન અંગે મોદીએ કરેલી ટિપ્પણી અંગે પ્રતિક્રિયા આપતા કેજરીવાલે કહ્યું હતું કે ભાજપ કાયમ નિંદાત્મક અને ચોક્કસ વ્યક્તિ પર અંગત હુમલાનું રાજકારણ કરે છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે આપેલા ૪૩ મિનિટના ભાષણમાં ૩૯ મિનિટ દિલ્હીની ચૂંટાયેલી સરકાર અને દિલ્હીવાસીઓની નિંદા કરી હતી, એમ કેજરીવાલે કહ્યું હતું.

દિલ્હી સરકારે છેલ્લાં દસ વર્ષમાં કરેલા કામનું વર્ણન કરવા બે-ત્રણ કલાક પણ ઓછા પડે એમ છે તો બીજી તરફ મોદીજી તેમનાં ભાષણમાં ઉલ્લેખ કરી શકે તેવું કોઈ જ કામ ભાજપે દિલ્હીમાં નથી કર્યું, એમ કેજરીવાલે કહ્યું હતું.

જો કેન્દ્રની ભાજપ સરકારે છેલ્લાં ૧૦ વર્ષમાં દિલ્હીમાં કંઈ કામ કર્યું હોત તો મોદીજીને તેમનાં ભાષણમાં 'આપ'ની નિંદા કરવાની જરૂર ન પડી હોત એમ જણાવતાં કેજરીવાલે કહ્યું હતું તે દિલ્હીવાસીઓની નિંદા કરીને ચૂંટણી જિતવાનો ભાજપે પ્રયાસ ન કરવો પડત.

અગાઉ, મોદીજીએ દિલ્હીમાં આપેલા એક ભાષણમાં 'આપ'ને દિલ્હીવાસીઓ માટે 'આપદા' લેખાવી હતી અને આ 'આપદા'એ છેલ્લાં દસ વર્ષથી દિલ્હીવાસીઓને ભરડામાં લીધા છે. (એજન્સી)

# કાસગંજ તિરંગા યાત્રા કોમી રમખાણ કેસને મામલે એનઆઈએ કોર્ટે ૨૮ જણને દોષી જાહેર કર્યા

લખનઊઃ વર્ષ ૨૦૧૮માં કાસગંજમાં કાઢવામાં આવેલી તિરંગા યાત્રા દરમિયાન ચંદન ગુપ્તા નામની વ્યક્તિની થયેલી હત્યાને મામલે સ્પેશિયલ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) કોર્ટે ૨૮ જણને દોષી જાહેર કર્યા હતા.

દોષી જાહેર કરવામાં આવેલા ૨૮ આરોપીમાંથી ૨૬ કોર્ટમાં હાજર હતા. દોષીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં લઈ જેલમાં મોકલી આપવામાં આવ્યા હતા. ચુકાદા બાદ ચંદનના માતાપિતાએ દેશની ન્યાય પ્રક્રિયામાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

વિશેષ ન્યાયાધીશ વિવેકાનંદ શરણ ત્રિપાઠીએ કહ્યું હતું કે આરોપીઓને હત્યા, હત્યાના પ્રયાસ, રમખાણ અને રાષ્ટ્રધ્વજના અપમાનને મામલે દોષી જાહેર કરવામાં આવ્યા હતા.

કેસને મામલે દોષી પુરવાર કરવા પૂરતા પુરવા ન હોવાનું જણાવી એનઆઈએ કોર્ટે નસીરુદ્દીન અને અમિસ કુરેશીને નિર્દોષ જાહેર કર્યા હતા.

સરકારી વકીલના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૧૮ની ૨૬મી જાન્યુઆરીની તિરંગા યાત્રામાં ચંદન ગુપ્તા અને તેના ભાઈ વિવેક ગુપ્તાએ ભાગ લીધો હતો. યાત્રા તહેસિલ રોડ પર આવેલી ગવર્નમેન્ટ ગર્લ્સ ઈન્ટર કોલેજના દરવાજા પાસે પહોંચી તે સમયે સલીમ, વાસીમ અને નસીમ સહિતના જૂથના સભ્યોએ યાત્રા આડે અવરોધ ઊભો કરી તેને રોકી હતી.

ચંદને વાંધો ઉઠાવતાં પરિસ્થિતિ વણસી હતી અને આરોપીઓએ પથ્થરમારો શરૂ કરી દીધો હતો.

મુખ્ય આરોપીઓમાંના એક સલીમે ચંદન પર ગોળીબાર કરતાં તે ગંભીર રીતે ઘવાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા ચંદનને વિવેક અને તેના સાથીદારો કાસગંજ પોલીસ સ્ટેશને લઈ જવામાં સફળ રહ્યા હતા. ત્યાર બાદ ચંદનને સારવારાર્થે જિલ્લા હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

ચંદનની હત્યાને પગલે કાસગંજમાં સતત ત્રણ દિવસ વ્યાપક રમખાણો થયા હતા અને ભારે કોમી તંગદિલી ઊભી થઈ હતી. ચંદનના પિતા સુશીલ ગુપ્તાએ પુત્રની હત્યાની ફરિયાદ નોંધાવી હતી. (એજન્સી)

# મધ્ય પ્રદેશના પીથમપુરમાં યુનિયન કાર્બાઇડના કચરાને લઈને પ્રદર્શન, બે યુવકોએ પોતાની જાતને લગાવી આગ

ધાર (મધ્ય પ્રદેશ): મધ્ય પ્રદેશના ઇન્ડસ્ટ્રિયલ નગર પીથમપુરમાં ૩૩૭ ટન યુનિયન કાર્બાઇડના ઝેરી કચરાના નિકાલની વિરોધમાં શુક્રવારે જાહેર કરાયેલા બંધ વચ્ચે બે લોકોએ કથિત રીતે પોતાની જાતને આગ લગાવી દીધી હતી. ત્યારબાદ તેઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ઘટનાને નજરે જોનારા અને ઘટનાસ્થળ પર બનાવવામાં આવેલા વીડિયો અનુસાર, ધાર જિલ્લાના શહેરમાં કચરાના નિકાલ સામેના વિરોધ દરમિયાન બે વ્યક્તિઓએ પોતાના શરીર પર કાંઇ પ્રવાહી નાખ્યું હતું અને પોતાની જાતને આગ ચાંપી દીધી હતી. ધાર પોલીસ અધિક્ષક મનોજ સિંહે પીટીઆઈના ફોનનો કોઇ જવાબ આપ્યો નહોતો. ઘટનાના સાક્ષીઓએ જણાવ્યું હતું કે, બન્ને લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

પીથમપુર બચાવો સમિતિ દ્વારા અપાયેલા બંધ વચ્ચે શહેરમાં દુકાનો અને બજારો બંધ રહ્યા હતા. સમિતિનો દાવો છે કે આ વિસ્તારમાં કાર્બાઈડ કચરાને બાળવાથી સ્થાનિક લોકો અને પર્યાવરણને નુકસાન થશે. ઈન્દોરથી લગભગ ૩૦ કિલોમીટર દૂર સ્થિત પીથમપુરની વસ્તી લગભગ ૧.૭૫ લાખ છે અને પીથમપુર ઔદ્યોગિક વિસ્તારમાં ત્રણ સેક્ટરમાં લગભગ ૭૦૦ ફેક્ટરીઓ છે.

નોંધનીય છે કે ૧૯૮૪માં બે અને ત્રણ ડિસેમ્બરની મધ્ય રાત્રીએ ભોપાલમાં યુનિયન કાર્બાઇડ ફેક્ટરીમાંથી મિથાઈલ આઇસોસાયનેટ ગેસ લીક થયો હતો, જેમાં ઓછામાં ઓછા ૫,૪૭૯ લોકો માર્યા ગયાં હતાં અને હજારો લોકો ગંભીર બીમારી સામે ઝઝૂમી રહ્યા છે.

અધિકારીઓએ કાર્બાઈડ ફેક્ટરીમાંથી ૩૩૭ ટન કચરાના વૈજ્ઞાનિક રીતે નિકાલ માટે પીથમપુર પહોંચાડવામાં આવ્યો છે. જો કે આ પગલા સામે વિરોધ શરૂ થયો છે. ગુરુવારે પીથમપુર ખાતે કચરાને નિકાલ માટે એક યુનિટમાં લાવવામાં આવ્યો હતો. શુક્રવારે બંધની જાહેરાત વચ્ચે દુકાનો અને બજારો બંધ રહ્યા હતા. વિરોધીઓના એક જૂથે આઇશર મોટર્સ પાસે રોડ બ્લોક કરી દીધો હતો, પરંતુ પોલીસે ભીડને વિખેરવા માટે લાઠીચાર્જ કર્યો હતો. ગુરુવારથી બસ સ્ટેન્ડ પર ભૂખ હડતાળ પર બેઠેલા સંદીપ રઘુવંશીએ જણાવ્યું હતું કે પીથમપુરમાં યુનિયન કાર્બાઈડના કચરાના નિકાલ સામેના વિરોધને લઈને મોટી સંખ્યામાં લોકોએ તેમને સમર્થન આપ્યું છે.

## પહેલા પાનાનું ચાલુ

### કિંગ કોહલીના

સિરીઝમાં આઠ ઇનિંગ્સમાંથી પાંચમી વખત ૨૦૦ રનની અંદર ઑલઆઉટ થઈ ગઈ. ભારતનો પ્રથમ દાવ ૧૮૫ રનના સ્કોર પર સમેટાઈ ગયો ત્યાર બાદ ઑસ્ટ્રેલિયાએ નવ રનમાં એક વિકેટ ગુમાવી દીધી હતી. હવે શનિવારના બીજા દિવસે ભારતીય બોલર્સ ઑસ્ટ્રેલિયન ટીમને કેટલા રનમાં ઑલઆઉટ કરે છે એના પર મૅચનું ભાવિ નિર્ભર રહેશે. વિજયની આશા જીવંત રાખવા ભારતે શનિવારે કમબૅક કરવું જ પડશે.

બુમરાહે સિરીઝમાં છઠ્ઠી વાર ઉસમાન ખ્વાજા (બે રન)ને આઉટ કર્યો હતો. શુક્રવારની રમતનો જે બૉલ છેલ્લો હતો એમાં ખ્વાજાનો બીજી સ્લિપમાં કે. એલ. રાહુલે કૅચ પકડ્યો હતો.

બાકી, સિડનીની ગ્રીન પિચ પર શુક્રવારનો દિવસ ઑસ્ટ્રેલિયાનો અને ખાસ કરીને પેસ બોલર સ્કૉટ બૉલેન્ડ (૨૦-૮-૩૧-૪)નો હતો. ભારતનું નવું વર્ષ નિરાશા સાથે શરૂ થયું છે અને ૨૦૨૪ના વર્ષના અંતમાં કરેલી ભૂલોને ટીમ ઇન્ડિયાએ નવા વર્ષમાં ફરી શરૂ કરી દીધી છે. ભારતીય બૅટર્સ સિરીઝમાં ૧-૨થી પાછળ રહ્યા બાદ હવે માનસિક દબાણમાં રમી રહ્યા છે. તેમણે વધુપડતું ડિફેન્સિવ વલણ અપનાવ્યું હતું અને એમાં વિકેટ આપવાની ભૂલ કરી બેઠા હતા. કિંગ કોહલી તરીકે જાણીતો વિરાટ કોહલી ૬૮ બૉલમાં મહા મહેનતે બનાવેલા ૧૭ રનના પોતાના સ્કોર પર ફરી એકવાર ઑફ સ્ટમ્પની બહારના બૉલને અડવા જતાં કૅચ આપી બેઠો હતો. તે સ્કૉટ બૉલેન્ડના બૉલમાં ત્રીજી સ્લિપમાં ૩૧ વર્ષના નવા ખેલાડી બ્યૂ વેબસ્ટરના હાથમાં કૅચઆઉટ થયો હતો. તે પોતાની ઇનિંગ્સના પહેલા જ બૉલમાં આઉટ થઈ ગયો હોત. જોકે બીજી સ્લિપમાં સ્ટીવ સ્મિથે તેનો કૅચ પકડવાનો પ્રયાસ કર્યો ત્યારે બૉલ જરાક જમીનને અડી ગયો હોવાથી થર્ડ અમ્પાયર જોએલ વિલ્સને તેને નૉટઆઉટ જાહેર કર્યો હતો.

રોહિત શર્માએ ટેસ્ટ કરીઅરના છેલ્લા હિસ્સામાં પોતે જ પ્લેઇંગ-ઇલેવનની બહાર રહેવું પડ્યું એ બદલ કાર્યવાહક સુકાની જસપ્રીત બુમરાહ અને વિકેટકીપર-બૅટર રિષભ પંતે ભાવાત્મક પ્રતિક્રિયા આપી હતી. રોહિતે ત્રણ ટેસ્ટમાં કુલ ફક્ત ૩૧ રન બનાવ્યા હતા અને તેના સ્થાને શુભમન ગિલને ઇલેવનમાં સમાવવામાં આવ્યો હતો. જોકે ગિલ 'ડુ ઑર ડાય' જેવી આ મૅચમાં રમવા મળ્યાની તકનો ફાયદો ન લઈ શક્યો અને ૮૯ મિનિટ (દોઢ કલાક સુધી) સુધી ક્રીઝમાં ટકી રહીને બનાવેલા ફક્ત ૨૦ રનના પોતાના સ્કોર પર આઉટ થઈ ગયો હતો.

બુમરાહના સુકાનમાં પર્થમાં ભારતે સિરીઝની પ્રથમ ટેસ્ટમાં ઑસ્ટ્રેલિયાને ૨૯૫ રનથી હરાવીને શ્રેણીમાં ૧-૦થી સરસાઈ લીધી હતી. બુમરાહે શુક્રવારે ટૉસ વખતે કહ્યું હતું કે 'અમારા કૅપ્ટને નેતૃત્વની ખરી ભાવના બતાવી છે અને પોતે જ આ ટેસ્ટમાં ન રમવાનો નિર્ણય લીધો છે. આ જ બતાવે છે કે અમારી ટીમમાં બહુ સારી એકતા છે.' બુમરાહે ૪૫,૦૦૦-પ્લસ પ્રેક્ષકોથી ભરાયેલા સિડનીના મેદાન પરથી આવું કહીને ડ્રેસિંગ-રૂમ વિશે થતી જાત જાતની અટકળો પર પૂર્ણવિરામ મુકાવવાનો પ્રયાસ કર્યો હતો.

ભારતના ૧૮૫ રનમાં રિષભ પંત (૪૦ રન, ૯૮ બૉલ, ૧૪૯ મિનિટ, એક સિક્સર, ત્રણ ફોર)નો સૌથી મોટો ફાળો હતો. પાંચ વખત ઈજા થવા છતાં તે લડાયક વલણ રાખીને રમતો રહ્યો હતો. યશસ્વી જયસ્વાલે ૧૦ રન, તેના સાથી-ઓપનર કે. એલ. રાહુલે ચાર રન, શુભમન ગિલે ૨૦ રન, વિરાટ કોહલીએ ૧૭ રન, રવીન્દ્ર જાડેજાએ ૨૬ રન બનાવ્યા હતા. પંતની જેમ જાડેજા પણ ૧૪૯ મિનિટ સુધી ક્રીઝમાં રહ્યો હતો અને ૯૫ બૉલનો સામનો કર્યો હતો. જોકે નીતિશ કુમાર રેડ્ડી પોતાના પહેલા જ બૉલ પર (ગોલ્ડન ડકમાં) આઉટ થઈ ગયો હતો. વૉશિંગ્ટન સુંદરે ૪૯ મિનિટ સુધી મેદાન પર રહ્યા બાદ ૩૦ બૉલમાં ત્રણ ફોરની મદદથી ૧૪ રન બનાવ્યા હતા. આ સિરીઝમાં પહેલી જ વાર રમેલા ફાસ્ટ બોલર પ્રસિદ્ધ ક્રિષ્નાએ ત્રણ રનનું યોગદાન આપ્યું હતું, જ્યારે ખુદ સુકાની બુમરાહે ૧૭ બૉલમાં એક સિક્સર અને ત્રણ ફોરની મદદથી બાવીસ રન બનાવ્યા હતા. મોહમ્મદ સિરાજ ત્રણ રને અણનમ રહ્યો હતો.

ઑસ્ટ્રેલિયાના બોલર્સમાં પેસ બોલર સ્કૉટ બૉલેન્ડ ચાર વિકેટ લેવા બદલ સૌથી સફળ હતો. મિચલ સ્ટાર્કને ૪૯ રનમાં ત્રણ, પૅટ કમિન્સને ૩૭ રનમાં બે અને સ્પિનર નૅથન લાયનને ૧૯ રનમાં એક વિકેટ મળી હતી. નવા પેસ બોલિંગ ઑલરાઉન્ડર બ્યૂ વેબસ્ટરને ૨૯ રનમાં વિકેટ નહોતી મળી. (એજન્સી)

### ચીનમાં ફરી રોગચાળો

એવું નથી. અગાઉ વર્ષ ૨૦૧૧-૧૨માં અમેરિકા, યુરોપ, કેનેડામાં પણ એચએમપીવીના કેસ નોંધાયા હતા. એચએમપીવીનાં લક્ષણો સામાન્ય શરદી, હળવો તાવ, નાક વહેવું, ઉધરસ કે ફ્લુ જેવા જ હોય છે.

**એચએમપીવી કઈ રીતે ફેલાય છે?**

એચએમપીવી ચેપી હોવાને કારણે તે એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાય છે. ચેપગ્રસ્ત વ્યક્તિ સાથે હસ્તધૂનન કરવાથી, તેનાં કફ કે છીંક મારફતે પણ આ બીમારી ફેલાય છે. આ વાઈરસથી દૂષિત સપાટીને સ્પર્શ્યા બાદ મોઢા, નાક કે આંખને અડવાથી પણ આ વાઈરસ અને બીમારી ફેલાય છે.

**ભારતે ગભરાવાની જરૂર નથી**

આ બીમારી સામે લડવા ભારત તૈયારી કરી રહ્યું છે. નેશનલ સેન્ટર ફૉર ડિસિસ કંટ્રોલ (એનસીડીસી) પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે.

ડિરેક્ટર જનરલ ઑફ હેલ્થ સર્વિસિસ (ડીજીએચએસ) ડૉ. અતુલ ગોયલનું કહેવું છે કે એચએમપીવી શરદી, ઉધરસથી લઈને શ્વસનતંત્રને લગતી અન્ય બીમારી માટે કારણભૂત અન્ય વાઈરસ જેવો જ છે. યુવાનો તેમ જ વૃદ્ધ લોકોમાં ફ્લુ જેવાં લક્ષણો જોવા મળે છે.

ચીનમાં આ વાઈરસ ખૂબ ઝડપથી ફેલાઈ રહ્યો હોવાના અહેવાલ વચ્ચે એક અભ્યાસનાં તારણોમાં ભારતમાં ડિસેમ્બર ૨૦૨૪માં શરદી, ઉધરસથી લઈને શ્વસનતંત્રને લગતી અન્ય બીમારીઓના દરદીઓના પ્રમાણમાં કોઈ વધારો ન નોંધાયો હોવાનું જાણવા મળ્યું હતું. વર્તમાન પરિસ્થિતિને જોતાં ભારતવાસીઓએ ગભરાવા જેવું નથી. માત્ર સાવચેતી રાખવાની જરૂર છે, એમ તેમણે કહ્યું હતું.

શિયાળામાં સામાન્ય રીતે શ્વસનતંત્રને લગતી બીમારીમાં વધારો થતો જોવા મળે છે, પરંતુ એ માટે દેશની હૉસ્પિટલો અને તંત્ર સાવધ છે તેમ જ પરિસ્થિતિને પહોંચી વળે એમ છે. સાવચેતીના ભાગરૂપ શરદી સહિત શ્વસનતંત્રને લગતી બીમારી ધરાવતી વ્યક્તિએ અન્ય લોકોના સંપર્કમાં આવવાનું ટાળવું જેથી કરીને બીમારી વધુ ન ફેલાય, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### દક્ષિણી કેલિફોર્નિયામાં

ગોટા નીકળી રહ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે જે સમયે આ પ્લેન આ ગોદામ સાથે અથડાયું તે સમયે ગોદામમાં ઘણા લોકો હાજર હતા. વેરહાઉસમાં ફસાયેલા લોકોને બચાવવા માટે રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે.

પોલીસે ગોડાઉનની અંદરના લોકોને તાત્કાલિક ધોરણે બહાર કાઢ્યા હતા, જ્યારે ઈમરજન્સી ક્રૂ ઈજાગ્રસ્તોની સારવાર કરી રહ્યા હતા. ફુલર્ટન પોલીસ વિભાગે પુષ્ટિ કરી હતી કે ૧૦ લોકોને નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમાં સામાન્યથી લઈને ગંભીર ઈજાઓ થઈ હતી, જ્યારે અન્ય આઠ લોકોને ઘટનાસ્થળે સારવાર આપવામાં આવી રહી છે.

### પીએમ મોદીએ

સરકાર પર શાળાના શિક્ષણથી લઈને પ્રદૂષણ અને દારૂના વેપાર સહિતનાં ક્ષેત્રોમાં વ્યાપક ભ્રષ્ટાચાર આચરવાનો આક્ષેપ કર્યો હતો.

ફેબ્રુઆરીમાં દિલ્હી વિધાનસભાની ચૂંટણી યોજાવાની હોવાની બાબતને ધ્યાનમાં રાખીને મોદીએ કહ્યું હતું કે દિલ્હીવાસીઓએ આ 'આપદા' વિરુદ્ધ યુદ્ધ આદર્યું છે અને તેનાંથી મુક્ત થવાનો નિર્ણય લીધો છે.

નવું વર્ષ રાષ્ટ્ર નિર્માણ અને લોકકલ્યાણનું હશે અને માટે જ 'આપદા'ને દૂર કરી દિલ્હીમાં ભાજપની સરકાર લાવવી પડશે, એમ તેમણે કહ્યું હતું.

દિલ્હી સરકાર કેન્દ્રની આરોગ્ય વીમા યોજના-આયુષમાન ભારત સહિતની યોજનાઓનો અમલ કરવાની પરવાનગી આપતી ન હોવાને કારણે અમારા અથાક પ્રયાસ છતાં અમે દિલ્હીના લોકોની મદદ નથી કરી શકતાં, એમ તેમણે કહ્યું હતું.

દિલ્હીમાં હાઈવેનું નિર્માણ અને દિલ્હી ડેવલપમેન્ટ ઑથોરિટી (ડીડીએ) ગરીબો માટે ઘર બનાવવાનું કામ કરી શક્યું છે કેમ કે તેમાં દિલ્હી સરકારની ભૂમિકા નહિવત છે, એમ તેમણે કહ્યું હતું.

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને 'આપ'ના વડા અરવિંદ કેજરીવાલ પર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે હું પણ મારા માટે 'શીશ મહેલ' બનાવી શક્યો હોત, પરંતુ મારું સપનું દેશના તમામ ગરીબોને ઘર મળે તેની ખાતરી કરવાનું છે.

દેશ જાણે છે કે મોદીએ ક્યારેય પોતાના માટે ઘર નથી બનાવ્યું, પરંતુ છેલ્લાં દસ વર્ષમાં મોદી સરકારે ગરીબો માટે ચાર કરોડ કરતાં પણ વધુ ઘર બનાવ્યાં છે અને તેમનું સપનું પૂરું કર્યું છે.

'આપ' પર બેશરમ હોવાનો અને ખોટાં વચનો આપવાનો પણ મોદીએ આક્ષેપ કર્યો હતો.

વર્ષ ૨૦૨૫ ભારત માટે અનેક શક્યતાઓથી ભરેલું હશે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે ભારત દેશ વિશ્વમાં રાજકીય અને આર્થિક સ્થિરતાનું પ્રતીક બની ગયો છે.

નવા વર્ષમાં ભારત મોટા ઉત્પાદકોનું હબ બની જશે અને કૃષિ તેમ જ મહિલાઓની આગેવાનીમાં વિકાસના ક્ષેત્રમાં વિક્રમ નોંધાવશે.

વર્ષ ૨૦૨૫માં આંતરરાષ્ટ્રીય સ્તરે દેશની છબી વધુ મજબૂત બનશે.

ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને પરવડી શકે તેવાં ઘર પૂરાં પાડવા એ ભાજપના વડપણ હેઠળની કેન્દ્ર સરકારની પ્રાથમિકતા છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે હવે પછી નવા તબક્કામાં શહેરી વિસ્તારના ગરીબો માટે એક કરોડ કરતાં વધુ ઘરનું નિર્માણ કરવામાં આવશે.

સરકાર હોમ લૉનના વ્યાજમાં પણ રાહત આપશે જેથી કરીને મધ્યમવર્ગના લોકો સરળતાપૂર્વક ઘર ખરીદી શકે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે શિક્ષણ ક્ષેત્રમાં માળખાકીય સુવિધાઓની પ્રવૃત્તિને વેગ આપવાને મામલે પણ કેન્દ્ર સરકાર પ્રયાસ કરી રહી છે.

શહેરના બે રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ અને 'ઝુગ્ગી-ઝૂંપડી'ના રહેવાસીઓ માટે ક્લસ્ટર ડેવલપમેન્ટની અનેક યોજનાઓનું મોદીએ ઉદ્ઘાટન કર્યું હતું.

રોશનપારા, નજફગઢ ખાતે વીર સાવરકર કોલેજની શિલારોપણ વિધિ પણ કરવામાં આવશે એમ વડા પ્રધાનના કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. (એજન્સી)

# મહંગાઈ ડાયન...: ખાદ્યતેલના વધતા ભાવને લીધે દૈનિક વપરાશની ચીજો મોંઘી થશે

મુંબઈ: ભારતની આર્થિક નીતિ સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને તેની વિશાળ વસ્તી માટે પોષણક્ષમતા સુનિશ્ચિત કરવા વચ્ચે સંતુલન સાધવાનો પ્રયાસ કરે છે. ખાદ્યતેલ પરની આયાત ડ્યૂટીમાં તાજેતરમાં વધારો આ નાજુક સંતુલનનું ઉદાહરણ છે - સ્થાનિક ખેડૂતોને ટેકો આપવાના હેતુથી લેવામાં આવેલા એક સારા ઇરાદાના પગલાને કારણે ફુગાવાના પ્રમાણમાં વધારો અને ઘરના બજેટમાં વધારો જોવા મળી રહ્યો છે.

સરકારનો સપ્ટેમ્બરમાં પામ તેલ ઈમ્પોર્ટ ડ્યુટી વધારીને રિફાઈન્ડ માટે ૩૨.૫ ટકા અને ક્રૂડ વેરિઅન્ટ માટે ૨૦ ટકા કરવાનો નિર્ણય નિર્ણાયક તબક્કે પહોંચ્યો છે. ભારતના ખાદ્યતેલના વપરાશના ૫૭ ટકા આયાત પર આધાર રાખતા, આ નીતિગત પરિવર્તનનો અર્થતંત્ર પર પડઘો પડે છે. તેની અસર પર નવેમ્બર સુધીમાં રસોઈ તેલના ભાવમાં ૧૩ ટકાનો વધારો થયો હતો, જે ઉચ્ચ ડ્યુટી અને વૈશ્વિક બજાર ગતિશીલતા બંનેને કારણે થયો હતો, જેમાં ચીન, ઇન્ડોનેશિયા, અમેરિકા અને આર્જેન્ટિનાની માગણીમાં વધારો પણ સામેલ હતો.

સપ્ટેમ્બરના સુધારા પછી અસરકારક આયાત ડ્યુટી ૧૩.૭૫ ટકાથી વધીને ૩૩.૭૫ ટકા થઈ ગઈ છે. તાજેતરના મહિનાઓમાં ક્રૂડ પામ તેલ માટે લેન્ડેડ ખર્ચ ૪૦ ટકાથી વધુ વધ્યો છે, જે ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં પ્રતિ ટન ૧,૨૮૦ સુધી પહોંચી ગયો છે. આ વધારો સમગ્ર સ્પેક્ટ્રમમાં ફેલાયેલો છે, જે સૂર્યમુખી અને સોયાબીન તેલના ભાવને પણ નોંધપાત્ર રીતે અસર કરે છે. ઘરના બજેટમાં તેની અસર પહેલાથી જ દેખાઈ રહી છે. ૧૪,૬૧૯ લોકોના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૩૦ ટકા લોકોને વધતા ખર્ચનો સામનો કરવા માટે આવશ્યક વસ્તુઓ અને શાકભાજીનો વપરાશ ઘટાડવાની ફરજ પડી છે.



**બેકાબૂ ટ્રેઈલરનો ટેરર:** રસ્તાને કિનારે પાર્ક વાહનો સાથે બેકાબૂ ટ્રેઈલર ટકરાતાં ત્રણ વાહન ખાડીમાં ઊંધાં વળી ગયાં હોવાની ઘટના માહિમ નજીક બની હતી. સદ્‌નસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ પાંચ વાહનને ભારે નુકસાન થયું હતું. પોલીસના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારના મળસકે ૪.૪૫ વાગ્યાની આસપાસ ટી-જંક્શન પાસે બની હતી. પૂરપાટ દોડતા ટ્રેઈલરના ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. ટ્રેઈલર રસ્તાને કિનારે પાર્ક વાહનો સાથે ભટકાયું હતું. છથી વધુ વાહનો સાથે ટ્રેઈલર ટકરાયું હતું, જેમાંથી ટેમ્પો અને ટેક્સી સહિત ત્રણ વાહન ખાડીમાં ફેંકાઈ ગયાં હતાં. ટ્રેઈલર ટકરાવાને કારણે પાંચ વાહનને નુકસાન થયું હોવાનું પોલીસનું કહેવું છે. ટક્કર એટલી જોરદાર હતી કે ટ્રેઈલર પણ રસ્તા પરથી નીચે ઊતરી ગયું હતું. ખાડીને કિનારે કાદવમાં ટ્રેઈલર અટકી ગયું હતું. બનાવની જાણ થતાં શાહુ નગર પોલીસ સ્ટેશનના અધિકારીઓ, માહિમ ટ્રાફિક પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ખાડીમાંથી વાહનને બહાર કાઢવા માટે ટ્રાફિક પોલીસે ક્રેનની મદદ લેવી પડી હતી. આ પ્રકરણે પોલીસે ટ્રેઈલરના ડ્રાઈવરને તાબામાં લીધો હતો. શાહુ નગર પોલીસે તેની સામે વધુ કાર્યવાહી હાથ ધરી હતી. (પીટીઆઈ)

## સમૃદ્ધિ એક્સપ્રેસવેના અંતિમ તબક્કાનું કામ પૂરું

**આગામી મહિને થશે ઉદ્‌ઘાટન**

મુંબઈ: હિન્દુ હૃદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરે સમૃદ્ધિ મહામાર્ગ એક્સપ્રેસવેનો અંતિમ તબક્કો હવે પૂરો થઇ ગયો છે. આ માર્ગ મહારાષ્ટ્રના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં એક મહત્ત્વપૂર્વક સીમાચિહ્‌નરૂપ છે.

૭૦૧ કિ.મી.માં ફેલાયેલો આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ પહેલેથી જ નાગપુર અને ઈગતપુરી વચ્ચે કાર્યરત છે, જે ૬૨૫ કિ.મી.ને આવરી લે છે અને છેલ્લા ૭૬ કિ.મી.ના સ્ટ્રેચને પૂરો કરીને મુંબઈ સુધી લંબાવવાની તૈયારીમાં છે. અંતિમ તબક્કાનું ઉદ્‌ઘાટન સત્તાવાર રીતે આગામી મહિને થવાની ધારણા છે.

**આંખો આંખો મેં...**

## શરદ પવારે મોકલાવેલી ચબરખી ભુજબળે મંચ પર વાંચી અને પછી બંને એકમેક સામે જરાક હસ્યા

પુણે: સાવિત્રીબાઈ ફૂલેની જન્મજયંતિ નિમિત્તે આજે પુણેમાં તેમની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એનસીપી (એસપી)ના વડા શરદ પવાર અને ભૂતપૂર્વ પ્રધાન છગન ભુજબળ એક જ મંચ પર હાજર હતા. આ દરમિયાન શરદ પવારે ભુજબળને એક કાગળ પર લેખિતમાં સંદેશો આપ્યો હતો, ત્યારબાદ તેમની વચ્ચે થોડીક સેકન્ડ સુધી વાતચીત થઈ હતી અને બંને એકબીજા સામે જોઈને હસવા લાગ્યા હતા. આ બધું મહાત્મા ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલેની પૂર્ણ કદની પ્રતિમાના અનાવરણ સમારોહ દરમિયાન બન્યું હતું. પ્રતિમાનું અનાવરણ પવાર દ્વારા કરવામાં આવ્યું હતું અને ભુજબળની અધ્યક્ષતામાં કાર્યક્રમનું આયોજન હતું, તેથી બંને મંચ પર સાથે બેઠા હતા, પરંતુ સ્ટેજ પર આવ્યા પછી બંનેએ એકબીજા સામે જોવાનું ટાળ્યું હતું.

## જિતેન્દ્ર આવ્હાડ પર નજર રાખતા પોલીસને તેમણે પોતાના ઘરમાં ગોંધી રાખ્યો

મુંબઈ: એનસીપીના નેતા શરદ પવાર અને જિતેન્દ્ર આવ્હાડની પત્રકાર પરિષદ ચાલી રહી હતી ત્યારે પોલીસ ખાતાની એક વ્યક્તિએ ગુપ્ત પદ્ધતિથી શૂટિંગ કર્યું હોવાની વાત બહાર આવી છે. આને કારણે જિતેન્દ્ર આવ્હાડ રોષે ભરાયા હતા અને શું પત્રકાર પરિષદ પર ગુપ્તચર વિભાગનો ડોળો છે કે પછી સરકારે આવી પદ્ધતિથી તેને મોકલાવ્યો હતો, એવો સવાલ કર્યો હતો. દરમિયાન આ વાત ધ્યાનમાં આવતાં જ સંબંધિત પોલીસ કર્મચારીને સીધા ઘરે લઇ જઇને ગોંધી રાખવામાં આવ્યો હતો.

વિરોધ પક્ષના નેતા પર પોલીસ શા માટે વોચ રાખી રહી છે. અમારા પર વોચ રાખવાને બદલે વાલ્મિક કરાડ પર વોચ રાખો, એવા કડક શબ્દોમાં આવ્હાડે પોલીસની ઝાટકણી કાઢી હતી.

**કલ્યાણમાં બાળકી પર રેપ-હત્યા**

## આરોપીની પત્નીનો કેસ હવે નહીં લડે વકીલો

થાણે: થાણે જિલ્લાના કલ્યાણની ૧૨ વર્ષની બાળકી પર બળાત્કાર અને હત્યા કેસમાં સહ આરોપી સાક્ષી ગવળીના વકીલો શુક્રવારે કેસમાંથી હટી ગયા હતા. ગુના અંગે જનતાના રોશને કારણે આ નિર્ણય લીધો હોવાનું વકીલોએ જણાવ્યું હતું. સાક્ષીનો પતિ વિશાલ ગવળી આ કેસમાં મુખ્ય આરોપી છે. વકીલ પ્રિયેશ સિંહે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરેલા એક વીડિયોમાં જાહેરાત કરી હતી કે તે અને તેનો સાથી કેસ છોડી રહ્યા છે.

પ્રિયેશ સિંહે જણાવ્યું હતું કે 'અમે આ કેસને કાનૂની ફરજ તરીકે લીધો હતો. જોકે, તીવ્ર સામાજિક ભાવનાને ધ્યાનમાં રાખી અમારું માનવું છે કે સાક્ષી ગવળીનો કેસ લડવાનું ચાલુ રાખવું યોગ્ય નથી. આ નિર્ણય મરજીથી લેવામાં આવ્યો છે. અમારા પર કોઈ કરતા કોઈ દબાણ નહોતું.' વિશાલ ગવળીના વકીલો એનો કેસ લડી રહ્યા છે.

દરમિયાન કેન્દ્રીય સામાજિક ન્યાય રાજ્યપ્રધાન રામદાસ આઠવલેએ શુક્રવારે કલ્યાણ ખાતે પીડિત પરિવારની મુલાકાત લીધી હતી. મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું હતું કે ગુનેગારોને ફાંસી આપવી જોઈએ. સરકાર પીડિત પરિવારને આર્થિક સહાય પૂરી પાડશે અને અગાઉ જોખમી જાહેર કરવામાં આવેલું આરોપીનું ઘર મહાપાલિકા તોડી પાડશે.










# નવી મુંબઈમાં કોન્ટ્રેક્ટર પર ગોળીબાર કરી બે બાઈકર ફરાર



મુંબઈ: ગાર્બેજ કલેક્ટિંગ કોન્ટ્રેક્ટર પર બાઈકસવાર બે હુમલાખોરે ગોળીબાર કર્યો હોવાની ઘટના નવી મુંબઈના સાનપાડા ખાતે બની હતી. આ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા કોન્ટ્રેક્ટરને હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યારે ફરાર હુમલાખોરોની પોલીસે શોધ હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારની સવારે ૯.૩૦ વાગ્યાની આસપાસ સાનપાડામાં ડી-માર્ટ નજીક બની હતી. વાશી એપીએમસીના ગાર્બેજ કલેક્ટિંગ એજન્સી કોન્ટ્રેક્ટર રાજારાજ ઠોકે તેની કાર રસ્તાને કિનારે પાર્ક કરીને ચા પીતો બેઠો હતો.

ઠોકે કારમાં જ બેસીને ચા પી રહ્યો હતો ત્યારે બાઈકસવાર બે હુમલાખોર કાર નજીક આવ્યા હતા. હુમલાખોરે પિસ્તોલમાંથી ચારથી પાંચ રાઉન્ડ ઠોકેની દિશામાં ફાયર કર્યા હતા. ગોળીબાર બાદ બન્ને હુમલાખોર બાઈક પર ફરાર થઈ ગયા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ઠોકેને નજીકની હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે.ગોળીબારની જાણ થતાં સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. હુમલાખોરોને ઓળખી કાઢવા પોલીસ ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. આરોપીઓ કઈ દિશામાં નાસી ગયા તેની પણ તપાસ ફૂટેજને આધારે કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

# નેવી નગર, ગોવંડીમાં એક્યુઆઈ હજી ૨૦૦ની ઉપર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બોરીવલી (પૂર્વ) અને ભાયખલામાં બાંધકામ પર સંપૂર્ણ રીતે પ્રતિબંધ મૂકી દેતા એર ક્વોલિટી ઈન્ડેક્સમાં સુધારો થયો હોવાનો દાવો મુંબઈ મહાનગરપાલિકાએ કર્યો છે. છતાં બાંધકામ પર રહેલા પ્રતિબંધને લઈને આગળ શું પગલા તેના પર વિચારણા કરતા પહેલા આગામી ૨૪ કલાક માટે આ વિસ્તારોમાં હવાની ગુણવત્તાનું નિરીક્ષણ કરવામાં આવવાની છે. આ દરમિયાન કોલાબા-નેવી નગર અને ગોવંડી-શિવાજી નગર જેવા વિસ્તારમાં હજી પણ એક્યુઆઈ ઊંચો નંધાઈ રહ્યો છે. તેથી આગામી થોડા દિવસ સુધી એક્યુઆઈ ૨૦૦ની ઉપર જ રહે છે તો આ વિસ્તારોમાં કન્સ્ટ્રકશન સાઈટ પર કામ બંધ કરાવવા બાબતે વિચાર કરાશે એવું પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ કહ્યું હતું. મુંબઈ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અધ્યક્ષ સિદ્ધેશ કદમે જણાવ્યું હતું કે તાત્પૂરતી યોજનાને કારણે હાલ મુંબઈના પ્રદૂષણમાં થોડા સુધારો જણાયો છે, જોકે પ્રદૂષણને નાથવા માટે દીર્ઘકાળની ઉપાયયોજના અમલમાં મૂકવાની છે. મુંબઈમાં હાલ અનેક ડેવલપમેન્ટના કામ ચાલી રહ્યા છે, એ દરમિયાન એમપીસીપીબીએ કોસ્ટલ રોડ પ્રોજેક્ટ અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટને બીકેસીમાં મેટ્રો રેલવે પ્રોજેક્ટમાં પ્રદૂષણના નિયમનું પાલન નહીં કરવા બદલ નોટિસ મોકલી છે. પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ જણાવ્યું હતું કે બોરીવલી (પૂર્વ)માં હવાની ગુણવત્તા સુધરી રહી છે અને ભાયખલામાં ૧૨૫થી ૧૪૦ની વચ્ચે એક્યુઆઈ નોંધાયો છે. અમે આગામી ૨૪ કલાક હવાની ગુણવત્તા પર નજર રાખીશું અને જો સુધારો જણાયો તો અમે બાંધકામ પ્રવૃત્તિ પરના પ્રતિબંધને રદ કરવાનું વિચારશું. જોકે કોલાબા-નેવી નગર અને શિવાજી નગરમાં એક્યુઆઈ ચિંતાજનક છે. તેથી આગામી થોડા દિવસ આ વિસ્તારમાં નજર રાખવામાં આવશે.

## મુંબઈમાં તાપમાન ૩૬ ડિગ્રી

મુંબઈમાં જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં શિયાળાની ઠંડીનો મુંબઈગરાને બરોબરની મજા માણી હતી. હવે જોકે મુંબઈમાં ગરમી અને ઉકળાટ જણાઈ રહ્યો છે.

શુક્રવારે મુંબઈના સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૬.૦ ડિગ્રી નોંધાયું હતું, જે સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચું રહ્યું હતું. તો રાતનું લઘુતમ તાપમાન ૧૬.૭ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે કોલાબામાં મહત્તમ તાપમાન ૩૩.૫ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૧.૫ ડિગ્રી નોંધાયું હતું.

શુક્રવારના મુંબઈમાં ૩૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે ચાલુ મોસમમાં જાન્યુઆરીમાં અત્યાર સુધીનું સૌથી હાઈએસ્ટ રહ્યું હતું. આ અગાઉ ૨૦૧૬ની સાલમાં મુંબઈમાં ૩૭.૩ ડિગ્રી તો ૨૦૧૭માં ૨૪ જાન્યુઆરીએ ૩૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

# ૧૬ વર્ષથી ફરાર છોટા રાજન ગેન્ગનો ગુંડો ચેમ્બુરથી પકડાયો

મુંબઈ: હત્યાના પ્રયાસના કેસમાં છેલ્લાં ૧૬ વર્ષથી ફરાર છોટા રાજન ગેન્ગના સભ્યને ચેમ્બુર વિસ્તારમાંથી પકડી પાડવામાં પોલીસને સફળતા મળી હતી. દેવનાર પોલીસ સ્ટેશનની ટીમે ગુરુવારે સાંજે ચેમ્બુરથી પકડી પાડેલા આરોપીની ઓળખ વિલાસ બાળારામ પવાર ઉર્ફે રાજુ (૬૨) તરીકે થઇ હતી. પોલીસના જણાવ્યા મુજબ પવાર હત્યા અને હત્યાના પ્રયાસ જેવા ગુનામાં સંડોવાયેલો હતો અને તેની વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ પણ ગુના દાખલ છે.

આરોપી પવારે ૧૯૯૨માં ઘાટલા વિલેજમાં એક વ્યક્તિ પર ગોળીબાર કરીને તેની હત્યાનો પ્રયાસ કર્યો હતો. આ કેસમાં પવારની ધરપકડ કરવામાં આવી હતી. ૨૦૦૮માં તે જામીન પર છૂટ્યો હતો અને બાદમાં ફરાર થઇ ગયો હતો. પવાર ધરપકડથી બચવા માટે વારંવાર પોતાના રહેઠાણ બદલતો રહેતો હતો. તે છોટા રાજન ગેન્ગનો સક્રિય સભ્ય હતો અને ૧૯૯૦માં દાદર વિસ્તારમાં એક વ્યક્તિની હત્યામાં તે સંડોવાયેલો હતો.

ધરપકડ બાદ પવારને સ્થાનિક અદાલતમાં હાજર કરવામાં આવ્યો હતો, જ્યાં તેને જ્યુડિશિયલ કસ્ટડી ફટકારવામાં આવી હતી. (પીટીઆઇ)

# મોટી બહેન કેમ વધુ વહાલી?: નાનીએ માતાની હત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મોટી બહેનને વધુ વહાલ કરવામાં આવતું હોવાની શંકા પરથી નાની બહેને માતાની હત્યા કરી હોવાની આંચકાજનક ઘટના કુર્લા પરિસરમાં બની હતી. મુંબ્રામાં રહેતી માતા ખબરઅંતર જાણવા પુત્રીને ઘેર આવી અને પુત્રીએ ઝઘડો કરી છરીના ઘા ઝીંક્યા હતા. પછી પોલીસ સ્ટેશને જઈ ગુનાની કબૂલાત કરી હતી. મહિલાની ઓળખ રેશમા મુઝફ્ફર કાઝી (૪૧) તરીકે થઈ હતી. કુર્લાના કુરેશી નગરમાં રહેતી રેશમાએ તેની માતા સબીરાબાનો (૬૨)ની ગુરુવારની રાતે કથિત હત્યા કરી હતી. મુંબ્રામાં પુત્ર સાથે રહેતી સબીરા ગુરુવારની રાતે પુત્રી રેશમાને મળવા આવી હતી. તે સમયે રેશમાએ મોટી બહેન ઝૈનાબી લાડકી હોવાનો મુદ્દો ફરી ઊભો કરી માતા સાથે ઝઘડો કર્યો હતો. માતા-પુત્રી વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં ગુસ્સામાં રેશમા રસોડામાંથી છરી લઈ આવી હતી અને માતા પર હુમલો કર્યો હતો. છરીના ઘા ઝીંકવાને કારણે સબીરાબાનો મૃત્યુ પામી હતી.

# કોસ્ટલ રોડ પર હાજીઅલીમાં ચાર માળનું અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગ બનશે

મુંબઈ: મરીન ડ્રાઇવથી વરલી કોસ્ટલ રોડ માર્ગ પર વાહનચાલકોને હાજીઅલી ખાતે પાર્કિંગ સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવનાર છે. રેસકોર્સ પર પ્રસ્તાવિત સેન્ટ્રલ પાર્કમાં આવનારા પર્યટકોની બસને પણ ત્યાં જ પાર્કિંગ વ્યવસ્થા કરવાનું આયોજન કરવામાં આવનાર છે. ત્યાં બે માળની નહીં, પણ ચાર માળની અંડરગ્રાઉન્ડ પાર્કિંગ વ્યવસ્થા કરવામાં આવનાર છે. આ પ્રકલ્પનું માળખું સલાહકારો પાસે મોકલવામાં આવ્યું છે.

હાજીઅલી ખાતે રજની પટેલ ચોક ખાતે બે માળનું અંડરગ્રાઉન્ડ પાર્કિંગ, વરલી નજીક બે અલગ અલગ અંડરગ્રાઉન્ડ પાર્કિંગ અને અમરસન્સ ખાતે પાર્કિંગ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. વરલી ખાતે બે જગ્યાએ પાર્કિંગનું કામ શરૂ છે. હાજીઅલી ખાતેના પાર્કિંગનું કામ હજી શરૂ થયું નથી જ્યાં ફોર-વ્હીલર્સ માટે બે માળનું અંડરગ્રાઉન્ડ પાર્કિંગ બનાવવામાં આવનાર છે.

# સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારાઓને દંડશે સુધરાઈ

## આના માટેની માર્ગદર્શિકા તૈયાર કરી રાજ્ય સરકારને મંજૂરી માટે મોકલાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બહુ જલદી હવે મુંબઈમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા સામાન્ય નાગરિકો પાસેથી પણ દંડની રકમ વસૂલ કરવામાં આવે એવી શક્યતા નિર્માણ થઈ છે.

મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (એમપીસીબી)એ મુંબઈ મહાનગરપાલિકાને મુંબઈમાં 'સિંગલ યુઝ' પ્લાસ્ટિક પર પ્રતિબંધ લાગુ કરવા માટે કડક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે. આમા પ્રતિબંધ હોવા છતાં પ્લાસ્ટિક બૅગનો ઉપયોગ ચાલુ રાખનારા નાગરિકોને દંડ કરવાનો પણ સમાવેશ થાય છે. સાથે જ પાલિકાની તેના વર્તમાન દંડ માળખામાં સુધારો કરવાની યોજના છે, જોકે સુધારેલી 'ફાઈન્ડ પૉલિસી' લાગુ કરવા પહેલા પાલિકા પ્રશાસક અને રાજ્ય સરકાર બંનેની મંજૂરી લેવાની આવશ્યક રહેશે.

મહારાષ્ટ્ર સરકાર દ્વારા ૨૩ માર્ચ, ૨૦૧૮ના રોજ જાહેર કરેલા નોટિફિકેશન હેઠળ રાજ્યમાં પ્લાસ્ટિકની વસ્તુઓના ઉત્પાદન, તેનો ઉપયોગ, વેચાણ તેના પરિવહન, સંચાલન તથા સંગ્રહ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ પ્રતિબંધ હોવા છતાં શહેરમાં પ્લાસ્ટિકનો ઉત્પાદનોનો ઉપયોગ ખુલ્લેઆમ થતો હોવાનો સ્વીકાર એમપીસીબીના અધ્યક્ષ સિદ્ધેશ કદમે કર્યો હતો. સાથે જ તેમણે કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં પ્લાસ્ટિકના ઉત્પાદન પર પ્રતિબંધ છે, છતાં પ્લાસ્ટિકનાં ઉત્પાદનોથી બજારોમાં મોટી સંખ્યામાં જોવા મળતાં હોય છે.

આ ઉત્પાદનો મુખ્યત્વે પડોશી રાજ્યમાંથી મહારાષ્ટ્રમાં આયાત કરવામાં આવતા હોય છે. પડોશી રાજ્યમાં હજી સુધી મહારાષ્ટ્રના માફક પ્લાસ્ટિકના ઉપયોગ પર નિયંત્રણો મૂકવામાં આવ્યા નથી.

એમપીસીબી અને મુંબઈ મહાનગરપાલિકા દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવેલા ઓપરેશન દરમિયાન જણાઈ આવ્યું હતું કે પ્લાસ્ટિક ઉત્પાદનો મહારાષ્ટ્રમાં એવા રાજ્યમાંથી લાવવામાં આવે છે કે જ્યાં તે સામાન પર પ્રતિબંધ નથી. તેથી આવા બનાવમાં જે-તે રાજ્યોના અધિકારીઓને યોગ્ય પગલાં લેવા માટે સૂચિત કરવામાં આવ્યું હોવાનું સિદ્ધેશ કદમે જણાવ્યું હતું.

સિદ્ધેશ કદમે વધુમાં જણાવ્યું હતું કે પોલિસી મુજબ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા નાગરિકોને પણ હવે દંડ કરવામાં આવશે. જોકે ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પોલિસીમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા નાગરિકો સામે પગલાં લેવાનું કહેવામાં આવ્યું છે, છતાં હજી સુધી તેને અમલમાં મૂકવામાં આવ્યું નથી.

અમારે પહેલા નિયમોનું ઉલ્લંઘન કરનારા માટે દંડનું માળખું તૈયાર કરવાનું છે. કારણે વર્તમાન સમયમાં ૫,૦૦૦ રૂપિયાનો દંડ નક્કી કરવામાં આવ્યો છે. એક પ્રસ્તાવ તૈયાર કર્યા બાદ પાલિકા કમિશનર ભૂષણ ગગરાણી પાસે મંજૂરી માટે મોકલીશું અને તેને અમલમાં લાવવા પહેલા રાજ્ય સરકારની પણ મંજૂરી લેવી પડશે.

અધિકારીના જણાવ્યા મુજબ ઉત્પાદક, માલનો સ્ટોક કરનારા, સપ્લાયર અને વેચાણકર્તા માટે દંડની રકમની જોગવાઈ છે, જેમાં પહેલી વખત ગુનો કરતા પકડાય તો ૫,૦૦૦ રૂપિયાનો દંડ, બીજી વખત પકડાય તો ૧૦,૦૦૦ અને બાદમાં ૨૫,૦૦૦ રૂપિયાથી લઈને ત્રણ મહિના સુધીની કેદની સજાની જોગવાઈ છે.


## કચ્છી બ્રહ્મક્ષત્રીય



**ડૉ. કવિતા પ્રવીણ તિલવાની**
(૦૧.૦૧.૧૯૭૨ થી ૦૧.૦૧.૨૦૨૫)
ડૉ. (પ્રો.) સીતા પ્રવીણ તિલવાનીના સુપુત્રી ડૉ. (પ્રો.) વિવેક પ્રવીણ તિલવાનીના બેન શ્રીમતી મનસ્વી વિવેક તિલવાનીના નણંદ ચિ. મોક્ષજ, ઋથ્વિકા, રુદ્રિકાના ફઈબા તા. ૦૧.૦૧.૨૦૨૫ બુધવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.
પ્રાર્થનાસભાઃ તા. ૦૫.૦૧.૨૦૨૫ને રવિવાર, સાંજે ૪ થી ૬ વાગે.
સ્થળઃ વાલચંદ હીરાચંદ હોલ, ચોથે માળે, ઈન્ડિયન મર્ચન્ટસ ચેમ્બર, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
શોકાતુરઃ
તિલવાની, સોનેજી તથા જોષી પરિવાર













# મુંબઈવાસીઓને વીજળી ડૂલ થવાની ક્યારે પણ ચિંતા નહીં સતાવે

## મુંબઈ ઊર્જા માર્ગ ટ્રાન્સમિશન પ્રોજેક્ટ પૂરો થતાં અખંડિત વીજપુરવઠો કરવો શક્ય

મુંબઈ: શહેરમાં વીજની માગ સતત વધી રહી હોઇ એ પાર્શ્વભૂમિ પર મુંબઈ માટે વધારાના બે હજાર મેગાવોટ વીજપુરવઠાની શરૂઆત થઇ છે. કેન્દ્રીય ઊર્જા મંત્રાલયના 'મુંબઈ ઊર્જા માર્ગ ટ્રાન્સમિશન' મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ પૂરો થતાં માગણી હજી વધે તો પણ મુંબઈને અખંડિત વીજપુરવઠો કરવું શક્ય બનશે.

મુંબઈમાં વીજળીની લાઈનો મર્યાદિત છે. મુંબઈ ઊર્જા માર્ગ ટ્રાન્સમિશન પ્રોજેક્ટ કાર્યાન્વિત થતાં પહેલાં મહાટ્રાન્સકો ચાર લાઈનમાંથી (પ્રત્યેકમાં ૪૦૦ કેવી) વધુમાં વધુ ૩૨૦૦ મેગાવોટ વીજપુરવઠો આપવામાં આવતો હતો. જોકે મુંબઈની વીજમાગે ૨૦૨૪ના ઉનાળામાં ૪૩૦૦ મેગાવોટ પહોંચી ગયો હતો. આથી વધારાની વીજળી પૂરી પાડતો પ્રોજેક્ટ પૂરો થતાં હવે વધારાનો પુરવઠો આપવાની શરૂઆત થઇ ગઇ છે.

આ પ્રોજેક્ટમાં પડઘા ખાતે ઠપ થયેલા વીજ ઉપકેન્દ્રમાંથી અંબે (અંબરનાથ) સુધી ૪૦૦ કિલોવોટ (કેવી) ક્ષમતાની ચાર વીજ લાઈનો નાખવામાં આવી છે. અહીંથી પનવેલ નજીંક ટેંભોડે સુધી બે અને ખારઘર સુધી બે લાઈન નાખવામાં આવી છે.

અભોડે સુધીની બે લાઈનને અહીંથી આગળ ખારઘરને જોડવામાં આવી હોવાથી વિક્રોલી સુધી અન્ય પ્રોજેક્ટને કારણે બે લાઈનમાં વીજપુરવઠો થઇ રહ્યો છે. આમ પડઘાથી અંબે, અંબેથી અંભોડે અને અંભોડેથી ખારઘ તેમ જ ખારઘરથી આગળ વિક્રોલી એમ ૪૦૦ કેવી ક્ષમતાની ચાર પાઈપલાઈન મુંબઈ ઊર્જા માર્ગ ટ્રાન્સમિશન નામના આંતરરાજ્ય પ્રોજેક્ટમાં ઊભી કરવામાં આવી છે.



















# વીક એન્ડ





ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

## તમે ભૂત - પ્રેત - ડાકણમાં માનો છો?

### - તો જાણી લો, એના રોચક કિસ્સા અને એના વળગાડના નામે થતાં જંતરમંતરનાં બખડજંતર...!

ભૂત-પ્રેત-પિશાચ-ડાકણ

આ બધા શબ્દ સાંભળતાં જ આપણાં મનમાં ઉત્કંઠા-રોમાંચ-રહસ્ય અને ભયનું એક ઠંડુંગાર લખલખું કરોડરજ્જુમાંથી પસાર થઈ જાય ને સાથે માથા પર પ્રસ્વેદ બિંદુ ફૂટી નીકળે..! આવી અગમનિગમ ઘટનામાં આપણા અજ્ઞાન કરતાં અજ્ઞાત ભય આપણને વધુ ધ્રુજાવે છે.. આમ છતાં ભૂત-ડાકણની વાત ભલે આપણી વાટ લગાડી દે તોપણ એ વાંચવી -જાણવી જરૂર ગમે, ડર લાગે તો ડરીને પણ લોકો એ માણે છે એ હકીકત છે.

ભૂત - પ્રેત - ડાકણ - પિશાચનાં અસ્તિત્ત્વમાં પોતે જરા પણ માનતા ન હોવા ને છતાંય ઉર્દૂ - સંસ્કૃત - ઈંગ્લિશ વિષય સાથે ઉચ્ચ અભ્યાસ કર્યા પછી એક લેખક તરીકે ગુજરાતીમાં ૧૬૫ નવલકથા લખી હોય અને એમાંય ૯૦ જેટલી કથા ભૂત-પ્રેત આધારિત હોય એવો વિક્રમ ધરાવતા એચ.એન. ગોલીબાર ઊર્ફે ભોલાભાઈ ગોલીબારનો તાજેતરમાં ૭૬ વર્ષે ઈન્તેકાલ થયો.

આજકાલ - એમાંય ખાસ કરીને છેલ્લાં ત્રણેક વર્ષમાં મનોરંજનની દુનિયામાં 'ભૂત - પ્રેત - ડાકણ'ની જબરી નીકળી પડી છે. 'ભુલભૂલૈયા' અને 'સ્ત્રી' જેવી હોરર-કૉમેડી ફિલ્મમાં ૫૦ ટકાથી વધુ દર્શકો મહિલા હોય છે એવું એક અહેવાલ કહે છે!

આવાં દુષ્ટ તત્ત્વોની ફિલ્મો-વેબ સિરીઝ બૉક્સ ઑફિસ એવી રણકાવે છે કે ભૂત-પ્રેતમાં જરાય ન વિશ્વાસ કરનારા નિર્માતા-કલાકારો પણ અઢળક કમાવી દેતાં આ અનિષ્ટ તત્ત્વોમાં માનવા માંડ્યા છે!

૨૦૨૪નું વર્ષ હમણાં સમાપ્ત થયું ત્યારે ગત વર્ષમાં રજૂ થયેલી ફિલ્મોમાં 'ભુલભુલૈયા-૩ (રૂપિયાઃ ૨૮૨ કરોડ), સ્ત્રી-૨ (૬૨૭ કરોડ) અને 'મૂંજ્યા' (૧૦૭ કરોડ) ઇત્યાદિ હિટ રહી. અહીં મજાની વાત એ છે કે આ બધી સફળ ફિલ્મ્સ કરણ જોહર કે આદિત્ય ચોપરા જેવા ખમતીધર નિર્માતાઓના વૈભવી બજેટથી બની નથી. એમણે ઓછા બજેટે આ તગડો ધંધો કર્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો શાહરુખ, સલમાન કે કાર્તિક જેવા સોહામણા સુપરસ્ટારની સરખામણીએ એકાદ કદરૂપો ભૂત કે બેડોળ-ડરામણી ડાકણ વધુ કમાવી આપે છે!

ખેર, આવા ફિલ્મી 'અતૃપ્ત આત્મા'ની દુનિયામાંથી બહાર આવીએ તો બહારના જગતમાંય ભૂત-પ્રેતના ખોફની વાતો પણ એટલી જ રસપ્રદ છે. ભૂત શબ્દ જેટલો રોમાંચક છે એટલો જ ભયાનક છે. અગમનિગમની દુનિયાનાં ભૂત-પ્રેત-પિશાચ જેવાં પાત્રોનું અસ્તિત્ત્વ છે કે નહીં એ જબરા મત-મતાંતરનો વિષય છે, પણ ભૂત-ડાકણના મહેલ -બંગલા-હવેલીની કથા ડરામણી હોવા છતાંય જબરી મજેદાર હોય છે. એમાં મર્ડર-મિસ્ટ્રી-હોરર જેવાં લોકપ્રિય કથાનાં બધાં જ તત્ત્વ ઠાંસોઠાંસ ભરેલાં હોય છે.

જગતનાં એવાં કેટલાંય સ્થળો છે, જે ત્યાં



ભૂત બંગલાઃ અહીં ભૂત-ડાકણ આ રીતે પ્રગટે છે

ભૂત-ડાકણના કહેવાતા વાસ-આવાસને લીધે વગોવાઈ ગયાં છે.

જોકે થોડા સમય પહેલાં આવી એક ભૂત હવેલી અખબારો-ટીવી ચેનલોમાં બહુ ચમકી હતી.

આયર્લૅન્ડમાં ૧૪મી સદીમાં બંધાયેલી એક વિશાળ હવેલી અત્યારે સાવ અવાવરુ છે, કારણ કે કહે છે કે બે-ત્રણ માથાંભારે ભૂતના વાસનો ત્યાં ત્રાસ છે. વેક્સફોર્ડ ટાઉનમાં ૬૭ એકર જમીન પર આવેલી ૨૭ હજાર સ્કેવર ફૂટની 'લોફ્ટ્સ હોલ' તરીકે ઓળખાતી હવેલીમાં સદીઓ પૂર્વે એક વરસાદી સાંજે એક આગંતુક આવ્યો અને રાતભર માટે આશ્રય માગ્યો. રાતે બધાં ડ્રિન્ક્સ-ડિનર પછી વાતો કરતાં બેઠાં હતાં ત્યાં હવેલીની માલિક એવી લેડીને ન જાણે એવું લાગ્યું કે આ મહેમાન સામાન્ય માનવી નહીં, પણ કોઈ અતૃપ્ત આત્મા છે લેડીને પોતાની સાચી ઓળખ થઈ ગઈ છે એવો અણસાર આવતાં જ પેલો મહેમાન-ભૂત એક ધડાકા સાથે અગનગોળો બનીને ગાયબ થઈ ગયો અને નજર સામે જ આ ભયાનક દૃશ્ય જોઈને પેલી લેડીનું ત્યાં જ હાર્ટફેલ થઈ ગયું. ત્યાર પછી કહે છે કે આ લેડી તથા પેલા મહેમાનના અતૃપ્ત આત્મા ત્યાં જ ભટકે છે!

ત્યારથી જ અવાવરુ-ભેંકાર પડેલી આ હવેલીમાં ભૂત-પ્રેતના ભયથી કોઈ જતું નથી. હા, એના અત્યારના માલિક એઈડન ક્વિગલેએ થોડા સમય પહેલાં હવેલીની મરમ્મત કરાવી છે અને એ આ વેચી નાખવા ઇચ્છે છે. આ વિશાળ હવેલીમાં ૨૨ રૂમ તથા ૯૭ બારી ઉપરાંત એક ખાનગી બીચ પણ છે.

આ સમગ્ર પ્રોપર્ટીની કિંમત આજે કરોડો રૂપિયા છે, પણ જ્યાં સુધી સોદો ન થાય ત્યાં સુધી આ હવેલી પર હોરર ફિલ્મોના શૂટિંગ થાય છે. પર્યટકો માટે 'ઘોસ્ટ સ્પોટ - ટૂર' નું આયોજન થાય છે. હવેલી-ટૂરના આયોજક-માલિક ટૂરિસ્ટોને એટલું જ કહે છેઃ 'અમારી આ ઘોસ્ટ હવેલી પર હોંશે હોંશે પધારો.. નસીબ સાથ દેશે તો અમારા મનમોજી એવા બે ફૅમસ ભૂત સાથે મુલાકાતનો લહાવો પણ મળશે!'

હવે આ કથા સાંભળો, અમેરિકાના નેબ્રાસ્કા રાજ્યના એક ગામની. આમ તો એ ખેતી પ્રધાન ગામ ગણાય છે, પણ કહે છે કે થોડા વર્ષથી આ ટાઉન પર ન જાણે કેમ કેટલાક અતૃપ્ત આત્માઓની એવી બૂરી નજર લાગી કે અહીં કોઈ ટકતું નથી. પંદરેક વર્ષ પહેલાં અહીં સરકારી ગણતરી મુજબ ૧૫૦ લોકોની વસતિ હતી, જે સાવ ઘટી જઈને એક પતિ-પત્ની એટલે માત્ર બે જ વ્યક્તિની વસતિ રહી..!

કાળક્રમે પતિનું અવસાન થતાં આ મોનોવી ટાઉનમાં અહીં હવે એની પત્ની એસ્લી એકમાત્ર રહે છે. ન જાણે કેમ એસ્લીને કોઈ પ્રેતાત્માએ હજુ સુધી પજવી નથી અને હા, આજુબાજુ ગામના લોકો અહીંથી પસાર થાય એ બધા એસ્લીના બારમાં જરૂર જાય. પરિણામે એસ્લીને સારી એવી કમાણી છે..!

હવેની આ ઘટના મૈરુતની છે. અહીં પોલીસે એક માણસને સંભવિત આરોપી તરીકે પકડીને કસ્ટડીમાં નાખ્યો. ગુનો કબૂલ કરાવવા પોલીસે એની સાથે મારઝૂડ કરી. રાબેતા મુજબ એને પોલીસે 'ચૌદમું રતન' ચખાડ્યું. પોલીસના ત્રાસથી પેલા આરોપી યુવાને જેલ કસ્ટડીમાં આપઘાત કરી નાખ્યો. પોલીસે આ કેસ રફેદફે તો કરી નાખ્યો, પણ ક-મોતથી માર્યા ગયેલા પેલા યુવાન આરોપીનું 'ભૂત' જાણે વેર વાળવું હોય તેમ રોજ સવાર-સાંજ પોલીસ સ્ટેશનમાં પ્રગટ થવા લાગ્યું અને એક યા બીજી રીતે ડરામણી હરકતોથી પોલીસ ટીમને એવું રંજાડવા માંડ્યું કે ત્યાંનો પોલીસ સ્ટાફ ભયભીત થઈને ત્યાં ડ્યુટી કરવા તૈયાર નથી ! પોલીસ હેડ ક્વાટર્સથી નવા પોલીસ મેન્સને અહીં ડ્યૂટી પર મૂકવામાં આવ્યા. એમાં પેલા ભૂતે વધુ ગિન્નાઈને એવો પ્રકોપ ફેલાવ્યો કે આ શાપિત પોલીસ સ્ટેશનનો સ્ટાફ ડરીને ભાગી ગયો!

આવા 'વૈરી' ભૂતને કાબૂમાં લેવા એક બ્રાહ્મણની સલાહથી પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં રામભક્ત ભીડભંજન હનુમાનજીનું એક મિનિ મંદિર બાંધવામાં આવ્યું અને ત્યાં શાસ્ત્રોક્ત વિધિ સાથે નિયમિત હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવ્યા પછી પોલીસ કસ્ટડીમાં પેલા યુવાનનું અપમૃત્યુ કેમ થયું એના માટે ફરીથી પોલીસ તપાસ શરૂ કરાવી એ બાદ પેલા ભૂતનો રંજાડ બંધ થઈ ગયો! ભૂત-પ્રેત કે ડાકણ જેવા અતૃપ્ત આત્માના વળગાડથી મુક્તિ અપાવવાનો દાવો કરતા ભૂવા-તાંત્રિક-બંગાળી બાબા-મૌલવી કે કહેવાતા માતાજીના ભક્તો આપણા દેશ અને વિદેશોમાં પણ અસંખ્ય છે. શ્રીલંકાના એક જાણીતા તાંત્રિક તો ન્યૂ યૉર્કની વૈભવી હોટેલ્સમાં માત્ર પાંચેક ડોલરની સસ્તી ટિકિટ રાખીને સંખ્યાબંધ શો રાખીને સ્ત્રીઓના વળગાડ કઈ રીતે કાઢવા એની રીત શીખવે છે! આવા તો અનેક લેભાગુ લોકો છે, જે લોકોનાં અજ્ઞાન અને અંધશ્રદ્ધા તથા અજ્ઞાત ભયનો પૂરેપૂરો ગેરફાયદો કઈ રીતે લે છે એની બીજી અનેક રોચક કથાઓ છે, પણ એ વિશે ફરી ક્યારેક..! ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## ડાઈડેસહાઈમનાં ચળકતાં વૃક્ષો વચ્ચે...

૨૦૨૪માં યુરોપભરની ક્રિસમસ માર્કેટો દુનિયાભરના મુલાકાતીઓથી ઊભરાઈ રહી હતી. પેરિસમાં સૌથી વધુ ભીડ હતી. જાકે કોલોન અને સ્ટ્રાસબોર્ગમાં પણ પગ મૂકવાની જગ્યા ન હતી. માગદેબુર્ગના મેળામાં તો હુમલો પણ થઈ ગયેલો. રાઇડ્સ અને હેન્ડીક્રાફટના સ્ટોલ વચ્ચે ખાણી-પીણી અને ગ્લુ વાઇનની લાઈનો સાથે ત્યાંની વાઈબ તો ભારતીય મેળા સાથે જ સરખાવી શકાય. છતાંય જેમ જેમ આ માર્કેટો બંધ થવાના દિવસો નજીક આવે એટલે લોકોની ત્યાં જવાની તલબ પણ જાણે વધતી જતી હતી. ઓફિસનાં કોલિગ્સ, મિત્રો અને ફેમિલીમાં પણ ૨૫ ડિસેમ્બર પહેલાં



માત્ર ક્રિસમસ માર્કેટના પ્લાન બની રહ્યા હતા. સ્પાયર અને બાદેન બાદેન જેટલાં કેટલાંક શહેરોને બાદ કરતાં બધી લોકપ્રિય ક્રિસમસ માર્કેટ ૨૩ ડિસેમ્બરે બંધ થઈ જાય. ઘણી તો માત્ર ડિસેમ્બરમાં વીકેન્ડ પર જ ખૂલે.


રાવેનાઝ ગોર્જ તો આ વખતે વધુ પડતું ઇન્સ્ટા પોપ્યુલર થઈ ગયેલું, એવામાં ત્યાં ધક્કામુક્કી નક્કી હતી. જોકે જર્મનીમાં બીજી ઘણી છૂપાં રત્નો જેવી માર્કેટ છે, તે પણ મિશેલસ્ટાડની જેમ લોકપ્રિય થઈ રહી છે. એવામાં અમે સ્ટ્રાસબોર્ગની ટેડીબેર સ્ટ્રીટ જોવા કે બ્લેક ફોરેસ્ટની કોઝી માર્કેટ જોવા જવાને બદલે વધુ માથાકૂટમાં પડ્યા વિના માંડ પોણા કલાકની ડ્રાઇવના અંતરે આવેલા ફાલ્ઝ રાજ્યના ગામ ડાઇડસહાઇમ જઈ આવવાનું પસંદ કર્યું. આ ગામની માર્કેટ પણ ઘણી અનોખી માનવામાં આવે છે. ઘણાં મિત્રો તો એમ પણ કહે છે કે જો માત્ર એક જ ક્રિસમસ માર્કેટ જવું હોય તો ડાઇડેસહાઇમ જવું.

ડાઇડેસહાઇમ આ પહેલાં સ્પ્રિંગ અને સમરમાં ત્યાંનાં વિનયાર્ડ અને બ્લોસમ્સ માટે જઈ ચૂકેલાં. ખાસ જર્મન રિઝલિંગ વાઇનનું ઘર ગણાતું ડાઇડેસહાઇમ અત્યંત ટચૂકડું છે અને મોટાભાગે કોઈ ને કોઈ ફેસ્ટિવલ માટે જ જીવંત થાય છે. ક્રિસમસ પહેલાંના છેલ્લા રવિવારે માર્કેટ સંકેલાય તેના બે કલાક પહેલાં અમે પાર્કિંગ તરફ આગળ વધ્યાં. ટેમ્પ્રેચર માઇનસમાં હતું. હીટેડ કારમાં પાર્કિંગથી માર્કેટ સ્ક્વેર ચાલીને જવું પડશે તે ભુલાઈ ગયું હતું. જરાય સ્નો નહોતો પડતો, પણ દિવસનો વરસાદ કચકાણ કરી ગયો હતો. હવામાં વધુ પડતી હ્યુમિડિટી અને લો ટેમ્પ્રેચરમાં અમે ઠંડા પાણીના અદૃશ્ય બેરિયરને ક્રોસ કરતાં ચાલી રહ્યાં હોઈએ તેવું લાગતું હતું. ગામની બહારથી જ પાર્કિંગ ફુલ દેખાવા લાગેલાં. જોકે નક્કી હતું કે દરેક સમયે કોઈ ને કોઈ તો



બહાર નીકળતું જ હોવું જોઈએ. એ જ ભરોસા પર અમે ડાઇડસહાઇમના સેન્ટરથી ઘણું નજીક પાર્ક કરવામાં સફળ થયેલાં. અને તેની સાથે જાણે ગામની આ આકર્ષક માર્કેટ અમારું સ્વાગત કરવા તૈયાર હોય તેમ, તેની મેજિકલ માઇલની શરૂઆત એક મહાકાય વૃક્ષના જાણે દરેક પાંદડાં પર લાઇટનાં ઝબકારા સાથે થતી હતી. આ પ્રકારની લાઇટિંગ અમે પહેલાં ક્યાંય નહોતી જોઈ.

સ્વાભાવિક છે ગ્લુ વાઇન માટે પણ અહીં સ્થાનિક વાઇન જ વપરાતી હતી. જ્યાં જુઓ ત્યાં લોકોનાં હાથમાં અનોખા કલેક્ટિબલ મગ્સ



દેખાતા હતા. જોકે હવે ગ્લુ વાઇનના મગ સુવિનિયર તરીકે પણ વેચાવા લાગ્યા છે. પહેલાં તો મગની ડિપોઝિટ પાછી ન આપીને તે મગ વસાવી લેવાનો જ રિવાજ હતો. લાઇટથી લદાયેલાં વૃક્ષ નીચેની હાટમાંથી હાથમાં મજેદાર ગ્લુ વાઇનનો મગ લઈને અમારી પાર્ટી આગળ ચાલી. મોટાભાગના સ્ટોલ્સ એના એ જ હતા. થોડી જ્વેલરી, થોડા ટોપી-મફલરના સ્ટોર, થોડા ક્રિસમસ ડેકોરેશનના સ્ટોર, અંતે તો દરેક મેળાનું ડેકોરેશન ભલે બદલાય, તેનું માળખું તો એનું એ જ હોય છે. અહીંની ખાસિયત એ હતી કે જે પણ ક્રાફ્ટ સ્ટોર હતો, તેનો આર્ટિસ્ટ ત્યાં જ બેસીને પોતાની નાનકડી ટેમ્પરરી વર્કશોપમાં તે પોતાનું સર્જન કઈ રીતે કરે છે તે બતાવતો હતો. આવા સ્ટોર ખાસ માર્કેટ સ્ક્વેરમાં હતા.

હવે વેધર આવું ને આવું રહે તો આ વર્ષે ફરી કોઈ ક્રિસમસ માર્કેટ ન જવાની ચર્ચા પણ થઈ. એવામાં જમવા માટે ડિનેટે તરીકે ઓળખાતાં શ્વેબિશ રિજનના મિનિ પિત્ઝા માટે રોકાયાં. તેમનો વેજિટેરિયન સ્ટોક ખલાસ થઈ ગયેલો. હવે અમારા માટે સ્થાનિક સ્પેત્ઝલેનો ઓપ્શન હતો. ગરમ ગરમ સ્પેત્ઝલે સાથે ત્યાં હાથમાં ખાવાનું કે પીવાનું રાખવાનું મુખ્ય પ્રયોજન તો જાણે હાથ ગરમ



રાખવાનું જ હોય તેવું લાગતું હતું. ડાઇડેસહાઇમની અનોખી લાગતી ક્રિસમસ માર્કેટની મજા તેની લાઇટિંગમાં જ હતી. આમ જોવા જાઓ તો હવે વેલ ડેકોરેટેડ ઇવેન્ટ્સમાં કોઈને ક્રિયેટિવ લાઇટ્સની કોઈ નવાઈ નથી રહી. છતાંય એક મધ્યયુગીન ગામમાં બે ભવ્ય ઓક જેવાં લાગતાં વૃક્ષોની વચ્ચે જાણે ઝગારા મારતું હતુ તે જરાય ક્લિશે નહોતું લાગતું. આ માર્કેટ પણ અહીં છેક મધ્યયુગથી જ ભરાતી આવી છે. થોડી પળો માટે અમે પણ તે ટ્રેડિશનનો ભાગ બનેલાં. એવામાં અહીં મર્યાદિત સમય દરમ્યાન મ્યુઝિકલ શો, પપેટ શો, લાઇવ ઓરકેસ્ટ્રા, અને ક્યારેક જર્મન સાન્ટાનું ટ્રેડિશનલ સેંટ નિકોલાસનો કોઝપ્લે કરતો કોઈ ચર્ચ એક્ટર પણ નીકળી શકે.

ટૂંકમાં ડાઇડેસહાઇમની આ નાનકડી માર્કેટ એક લાઇટના ઇન્સ્ટોલેશનથી બીજા ઇન્સ્ટોલેશન વચ્ચે પોતાની આગવી મનોરંજક દુનિયા સમાવીને બેઠી છે. બસ અમે જ્યારે ત્યાં હતાં ત્યારે તે દુનિયામાં સ્થાનિક વેજિટેરિયન ફૂડની અછત હતી. આ મેળાની મજા એ છે કે થોડા દિવસો માટે આખું ગામ કોઈ ડ્રામા સેટમાં પલટાઈ જાય. એ પછી અમે ના ના કરતાં પણ માનહાઇમની ક્રિસમસ માર્કેટના એક અલગ પાર્ટમાં પહોંચી ગયેલાં. ત્યાંની તો થીમ જ ફેરી-ટેલ્સ હતી. ત્યાં જર્મન પરીકથાઓનાં બૂથ્સ વચ્ચે સળગતી રમ 'ફોયરઝાન્ગેબોલ' મળતી હતી. ક્રિસમસનો માહોલ ક્યારે સિલ્વેસ્ટરમાં પલટાઈ ગયો તે વેકેશન મૂડમાં ખબર પણ ન પડી. વેકેશન મૂડનો એક ફાયદો એ કે માર્ચમાં જાપાન જવાનું બુકિંગ થઈ ગયું છે. વળી ગ્રાન કનેરિયાને વાગોળવાનું તો બાકી જ છે. સતત થયેલા અને થનારા પ્રવાસની વચ્ચે થોડું કામ પણ થઈ જ જાય છે. ■

## ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# ત્રીજા વિશ્વના દેશ.... ભારતની દિશા કઈ બાજુની રહેશે?





ખબર છે કે અમેરિકાના 'ટુ બી' પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે નવા વર્ષની ઉજવણી દરમિયાન જે જાહેરાત કરી છે એ મુજબ એમનું રિસોર્ટ વૈશ્વિક સત્તાના નવા કેન્દ્ર તરીકે ઊભરી આવ્યું છે. દુનિયાને હવે એટલી વાત સમજાઈ જવી જોઈએ કે 'અમેરિકન આદર્શો' વિષે ગમે એટલી ઊંચી વાતો થતી હોય, પણ હકીકત એ છે કે અમેરિકન્સ સત્તા-પાવરના પૂજારી છે અને ભયંકર મૂડીવાદી છે.

હાલના એકમાત્ર 'સુપર પાવર' નેશન તરીકે સ્થાપિત અમેરિકાના પ્રેસિડેન્ટ પાસે અમર્યાદ સત્તાઓ હોય, પરિણામે બીજી તમામ મહત્ત્વની વ્યક્તિઓ અમેરિકન પ્રેસિડેન્ટની આજુબાજુ 'ઉપગ્રહ' બનીને રાસડા લેતી હોય એ સ્વાભાવિક છે. આવા જ રાસ-ગરબાને કારણે ટ્રમ્પને 'સત્તાનું કેન્દ્ર' હોવાની લાગણી (કે કેફ?) આવી જાય એ પણ સ્વાભાવિક છે. બીજી તરફ, કેટલાક લોકો 'ન્યૂ વર્લ્ડ ઑર્ડર'ની શક્યતાય જોઈ રહ્યા છે.. તો ચાલો, આજે વાત કરીએ વૈશ્વિક રાજનીતિ અને એની સાથે સંકળાયેલા કેટલાક પારિભાષિક શબ્દોની.

### શું છે આ વર્લ્ડ ઑર્ડર?

આમ તો આ શબ્દ જિઓપોલિટિકલ એટલે કે વૈશ્વિક રાજકારણ સાથે સંકળાયેલો છે, જેની સાથે આપણે સીધી રીતે ક્યાંય સંકળાયેલા નથી! પરંતુ આજે માનવજીવનનાં તમામ મહત્ત્વનાં બિંદુ એકબીજાં સાથે બહુ જટિલ રીતે જોડાયેલાં છે. દાખલા તરીકે, યુક્રેન-રશિયા સંઘર્ષને કારણે યુરોપના અનેક પ્રદેશોની પ્રજા યુદ્ધમાં ઊતર્યા વિના જ ગૅસની અછતથી પીડાઈ રહી છે. પડોશી બાંગ્લાદેશમાં અત્યારે જે અરાજકતા ફેલાયેલી છે એમાં ભારત જો લાગણીશીલ થઈને પાકી ગણતરી વિનાનો સીધો હસ્તક્ષેપ કરી બેસે તો એની 'રિપલ ઇફેક્ટ' એવી આવે કે આવનારા એક-બે દશકમાં આપણી હાલત પણ અફઘાનિસ્તાન જેવી થતાં વાર ન લાગે. સોશિયલ મીડિયા પર જોરશોરમાં થતી ચર્ચાઓ એક વાત છે, જ્યારે યુદ્ધની વાસ્તવિકતા જુદી બાબત છે. સાંપ્રત સમયમાં યુદ્ધ દુશ્મનને મારી નાખવા માટે નથી લડાતું, પણ એને અંદરથી ખોખલો કરીને તોડી નાખવા માટે લડાય છે, એ હંમેશા યાદ રાખવું. હા, તો હવે 'વર્લ્ડ ઑર્ડર'વાળી મૂળ વાત પર આવીએ. સાદી ભાષામાં સમજવું હોય તો કહી શકાય કે લશ્કરી અને આર્થિક તાકાત સંબંધે વિશ્વના દેશોને ઊતરતા ક્રમમાં ગોઠવતી સારણી (ટેબલ) એટલે વર્લ્ડ ઑર્ડર. વિશ્વમાં મિલિટરી પાવર અને ઇકોનોમીની દૃષ્ટિએ અમેરિકા સૌથી મજબૂત મનાય છે. એક સમયે સોવિયેત રશિયા પણ અમેરિકાની ટક્કરનો દેશ ગણાતો, પણ વિભાજન બાદ વિસ્તાર, મિલિટરી તાકાત અને આર્થિક સંસાધનો બાબતે સંકોચાઈ ગયેલું આજનું રશિયા હવે યુએસએ સામે સીધી ટક્કર ઝીલી શકે એમ નથી. ઘણાને લાગે છે કે ન્યુક્લિયર પાવર, આર્થિક-માળખાંકીય વિકાસ અને મજબૂત લોકશાહીને સહારે આવનારાં વર્ષોમાં ભારત વર્લ્ડ ઑર્ડરમાં ટોચના સ્થાને પહોંચી જશે. એવી આશા જરૂર રાખી શકાય, પણ વાસ્તવિક દૃષ્ટિએ ભારત માટે હજી 'દિલ્હી બહોત દૂર હૈ' છે. અત્યારે આપણે માટે સૌથી મોટી મગજમારી વિકાસદર જાળવી રાખવાની છે. એમાં સૌથી સારી વાત એ છે કે ભારત સ્વતંત્ર થયા બાદ શરૂઆતથી 'બિનજોડાણવાદ'નો ઝંડો ઉપાડીને ચાલ્યું છે. પ્રથમ વડા પ્રધાન જવાહરલાલે તત્કાલીન સુપર પાવર અમેરિકા કે રશિયા સાથે જોડાવાને બદલે યુગોસ્લાવિયા સંગાથે બિનજોડાણવાદી નીતિનો ઝંડો ઉપાડ્યો હતો. તમે જવાહરલાલના ગમે એટલા કટ્ટર વિરોધી હોવ તોય આ બાબતે એમને ક્રેડિટ આપવી જ પડે. નહીંતર બીજા વિશ્વયુદ્ધ પછીના કૉલ્ડ વૉરના ગાળામાં આપણો દેશ પણ અમેરિકા અને રશિયા જેવા મોટા સાંઢિયાઓને બાખડવા માટેનો અખાડો બની ગયો હોત. આવી આખલા લડાઈમાં વિશ્વના અનેક દેશ વગર વાંકે તબાહ થઈ ચૂક્યા છે. ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધ પછીના વર્લ્ડ ઑર્ડરની વાત કરીએ તો વિશ્વ ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. પ્રથમ વિશ્વ, બીજું વિશ્વ અને ત્રીજું વિશ્વ. ભારતનો સમાવેશ 'થર્ડ વર્લ્ડ કન્ટ્રીઝ' એટલે કે ત્રીજા વિશ્વના દેશોમાં થાય છે.

દ્વિતીય વિશ્વયુદ્ધ પશ્ચાત અમેરિકા-યુરોપના ૩૨ દેશોએ ભેગા થઈને ૧૯૪૯માં એક આંતરદેશીય મિલિટરી સંગઠન બનાવ્યું, જે 'નાટો' (NATO - North Atlantic Treaty Organization) તરીકે ઓળખાયું. એ સામે રશિયન વિચારધારાને વરેલા દેશોએ ઇસ ૧૯૫૫માં પોલૅન્ડના વોર્સો ખાતે લશ્કરી સંધિ કરી, જે 'વોર્સો પેક્ટ Warsaw Pact(WP)' તરીકે ઓળખાઈ. ભારતની આઝાદી પછીના એ શરૂઆતી દાયકાઓ હતા, જ્યારે વિશ્વના મોટા ભાગના દેશો 'નાટો' (અમેરિકા-યુરોપ) અને 'વોર્સો પેક્ટ' (રશિયા અને મિત્રદેશો) હેઠળ બે વિરોધી છાવણીમાં વહેંચાઈ ગયા. આ છાવણી અનુક્રમે 'પ્રથમ વિશ્વ' અને 'દ્વિતીય વિશ્વ' (First World and Second World Countries) તરીકે ઓળખાવા માંડી. જ્યારે ભારત સહિતના અન્ય ત્રીજા વિશ્વના દેશ કહેવાયા. જોકે આજે વિશ્વના આ ત્રણ વિભાગોની જે વ્યાખ્યા પ્રચલિત છે, એમાં લશ્કરી સંગઠન નહિ, પરંતુ આર્થિક શક્તિને પ્રમાણભૂત માનવામાં આવે છે અને એ દૃષ્ટિએ ત્રીજા વિશ્વના દેશ એટલે ગરીબ દેશો.

ચીનના ઉદાહરણ દ્વારા આ વાત સમજી શકાય. લશ્કરી સંગઠન અને રાજકીય વિચારધારાની દૃષ્ટિએ પશ્ચિમી વિશ્વ ચીનનું સ્થાન રશિયન (સામ્યવાદી) છાવણીમાં જોતું આવ્યું છે અને એટલા માટે પ્રથમ વિશ્વના દેશો ચીનને 'બીજા વિશ્વનો દેશ' ગણે છે, સાથે જ ભારતને ત્રીજા વિશ્વનો દેશ ગણે છે. આ સામે આધુનિક ચીન માટે પાયાના રાજકીય વિચારક, શાસક ગણાતા માઓ-ત્સે-તુંગે 'થ્રી વર્લ્ડ થિયરી' આપી. માઓના કહેવા મુજબ ભારત અને ચીન બંને ત્રીજા વિશ્વના દેશો છે, જે આર્થિક દૃષ્ટિએ પછાત છે અને પશ્ચિમી રાષ્ટ્રો દ્વારા શોષિત છે. ખેર, સોવિયેત રશિયાના વિઘટન પછી 'ત્રીજા વિશ્વના દેશો' જેવો શબ્દપ્રયોગ ભાગ્યે જ વપરાશમાં રહ્યો. એના બદલે 'ડેવલપિંગ કન્ટ્રીઝ' અથવા 'ગ્લોબલ સાઉથ' (પૃથ્વીના દક્ષિણી ગોળાર્ધ પર વસેલા વિકાસશીલ દેશો) જેવા પારિભાષિક શબ્દો ચલણમાં આવ્યા. ભારત સહિતના મોટા ભાગના દેશોને યુદ્ધમાં કોઈ રસ નથી, પણ આર્થિક બાબતોમાં રસ છે. એટલે આ શબ્દો વધારે પ્રૅક્ટિકલ સાબિત થયા છે. આજની દુનિયા મુખ્યત્વે 'વિકસિત દેશ' અને 'વિકાસશીલ દેશ', એમ બે જ ભાગમાં વહેંચાયેલી છે. ભારતની પ્રાથમિકતા 'વર્લ્ડ પાવર' બનવાને બદલે વિકાસશીલ દેશોના લિસ્ટમાંથી નીકળીને વિકસિત દેશોમાં પહોંચવાની હોવી જોઈએ. તમારું શું માનવું છે?

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# 'તપેલી' માત્ર રસોડામાં જ હોય તેવું જરૂરી નથી…



રસોડામાંથી છુટ્ટી સાણસી આવે તો 'તે ' 'તપેલી' છે તેવું માનવું.

સમજ્યા કે વિગતવાર સમજાવવું પડશે?

આ કોઈ સાઉથનું પિક્ચર નથી કે ફેંકાયેલી સાણસી તપેલી થઈ જાય. આ મગજની 'તપેલી' ની વાત છે.

તમને એમ લાગે કે પરણેલા પુરુષો જ હેરાન છે, પરંતુ મેં ૩૧ ડિસેમ્બરની પાર્ટીમાં ૨૫ વર્ષના ઢગા છતાં ઘોડિયામાં હિંચકતા હોય તેવા નામવાળા (બાબુ, સોનુ, સ્વીટુ,…) ને ગર્લફ્રેન્ડ પાસે હાથ જોડતા જોયા છે. નાની નાની વાતમાં તપી જાય. જોકે એને ખબર છે કે મારો 'ગોરધન' મને મનાવવા માટે ૫૦૦ - ૧૦૦૦ ખરચી નાખશે અને એટલે જ તપવાનું નાટક કરે.

બીજી તરફ, પરણેલા પુરુષોને તો આ રોજનું થયું. ક્યારેક જ જોડેલા હાથ છૂટા પડે છે. લગ્ન થતા જ પતિદેવની જે કોઈ આદતો હોય તેને ટોકીટોકી અને બદલવા માટે મચી પડે. 'આવા કપડાં નહીં પહેરવાના-આવી રીતે હેર સ્ટાઈલ રાખો-મિત્રો સાથે રાત્રે મોડે સુધી નહીં બેસો-આ ખાવ, આ ન પીવો-સ્વભાવ થોડો બદલો…' વિગેરે વિગેરે રોજબરોજનું લેસન આપી એની લાઈફ સ્ટાઈલ બદલી નાખે. અને એક દિવસ એ જ ફરિયાદ કરે કે તમે પહેલા જેવા નથી રહ્યા…બોલો!

પત્ની લાંબો સમય સુધી તપેલી રહે, ગર્લફ્રેન્ડ થોડો સમય તપેલી અને થોડો સમય હટેલી અને બોયફ્રેન્ડના ખીસ્સામાં કાતર ચલાવ્યા પછી રંગીલી હોય છે.

કોલેજની કેન્ટિનમાં કન્સેશન ચાર્જમાં એકનાં બે ભાગ કરી કોફી પીવાવાળી બોયફ્રેન્ડ સાથે તો મોંઘા કાફેમા જ જશે. બે -ચાર સેલ્ફી લેશે અને બહેનપણીઓને મોકલશે. ભૂલેચૂકે પણ જો એની મોજ બગાડો તો એ પણ 'તપેલી' જોવા મળે.

તમે જેને પ્રેમ કરતા હો અને સારો એવો સમય સગાઈ પહેલાં પણ પસાર કર્યો હોય અને ખૂબ સારા સ્વભાવને કારણે જ તમે પ્રેમમાં પડ્યા હો ને લગ્ન સુધીના વિચારો કર્યા હોય… પરંતુ જેવા લગ્ન થાય એટલે શરૂઆતનો થોડો સમય મજેથી જાય, પરંતુ ત્યાર પછી ભયંકર વાઈરસ પ્રવેશ કરે. પુરુષ બિચારો એકલા બેઠા બેઠા વિચાર કરે કે આ એ જ છે? જેના સ્વભાવ, વર્તનને કારણે પ્રેમમાં પડેલો? પોતાની જ નિર્ણય શક્તિ ઉપર પ્રશ્નાર્થ દેખાવા લાગે.

'તપેલી' તો બિચારી નાની હોય, પરંતુ સમાજમાં 'તપેલા' પણ એટલા જ હોય. વગર કારણે વડચકા નાખતા પુરુષો તપેલા સિરીઝમાં આવે.

પુરુષ લગભગ ખોટી જગ્યાએ જ ગુસ્સો કરતા હોય છે. બોસનો ગુસ્સો ઘરે આવી અને છોકરા તથા બૈરી ઉપર ઉતારે(જો ઘરમાં ચાલતું હોય તો).

મારે આ 'તપેલી' ની વાતો આટલી બધી શું કામ કરવી જોઈએ તેનું કારણ અમારો ચુનિયો છે. પહેલી તારીખે સવારે ભાભીનો મને ફોન આવ્યો અને નોન સ્ટોપ પાંચ મિનિટ સુધી 'ન' ઉપરની બધી ગાળો કાઢી : નીચ, નાલાયક, નફ્ફટ… મને એમ થયું કે ભાભીનો ફોન કોઈએ હેક કરી મને ફોન કર્યો છે. બે-ત્રણ મિનિટનો ડિક્ષનરી બહારનો વાણી પ્રવાહ અટકાવી મને કહેઃ

'આ બધું જ તમારા ભાઈબંધના નકામા ભાઈબંધો માટે હતું. એ એકેય ફોન ઉપાડતા નથી એટલે તમને ફોન કર્યો, ક્યાંક તો ખાલી થવું ને? '

મને અંદાજ તો હતો જ, કારણ કે ૩૧ ની સાંજ પછી હું કાર્યક્રમમાં હતો અને સવાર સુધી મારા ભાઈબંધનો ફોન આવ્યો ન હતો એટલે ૩૧ તારીખ ચુનિયાએ મસ્ત ઉજવી હશે તે નક્કી જ હતું. ભાભીને મેં પૂછ્યું : ' શું થયું ?' એટલે ફરી વાણીપ્રવાહ ચાલુ થયો અને ગાળો વચ્ચેથી શબ્દો વિણી મેં આખી વાત જાણી કે ગઈકાલે અડધી રાત સુધી ચુનિયો ઘરની બહાર હતો. અને ચાર-પાંચ મિત્રો ઢીંગલી થઈ સોસાયટીના આઠ- દસ ઘર ખખડાવી પોતાનું ઘર શોધતા હતા. તમામ મિત્રનો આશય શુભ હતો કે કોઈ ખોટા ઘરમાં ના ઘૂસી જાય. અંતે સૌ પોતપોતાના ઘરમાં સવાર સુધીમાં ગોઠવાઈ ગયા હતા, પરંતુ એ પાંચેયના ફોન સ્વીચ ઓફ થઈ ગયા હતા, કારણ કે પાંચ 'તપેલી' આ પાંચે મિત્રને વ્યવસ્થિત શબ્દોમાં સમજાવવા માગતી હતી, પરંતુ આમાં તો કોણ કોને સમજાવે? છેલ્લે વાણીનો પ્રવાહ ખાલી કરવા માટે હું એક જ એવો બચ્યો હતો કે જ્યાં પોતાના પતિદેવોની વાટી શકાય અને હું તેમાં સુર પુરાવી શકું.

મેં ભાભીને સાંત્વના આપી કે 'ચિંતા કરોમાં ચુનિયો તો નાદાન છે. એના ચાર મિત્રો જ નાલાયક છે'. જોકે બીજા ચાર મિત્રોના ઘરવાળાના ફોનમાં પણ મેં આવું જ કહ્યું હતું કે 'એ તો સારો છે પણ બીજા ચાર નાલાયક છે'. પેલા પાંચેય બપોર સુધી સૂઈ રહ્યાને જાગ્યા પછી બંધ આંખે બૂમબરાડા સાંભળતા રહ્યા. અંતે બે હાથ જોડવાનું જ કામ આવ્યું.

તમામ લોકોએ બીજા ચાર લોકો સાથે હવે સંબંધ નહીં રાખે તેવું પ્રોમિસ આપ્યું ત્યારે પાંચેયની ઘરવાળી શાંત પડી.

સાંજ પછી બધાના ફોન ઓન થયા. પહેલા તો બધાએ અંદરો અંદર એ નક્કી કર્યું કે રાત્રે કોઈ પોલીસવાળાની જપટે ચડ્યા હતા? કારણ કે બધાના પુષ્ઠભાગ થોડા સૂજેલા હતા.જો પોલીસવાળાએ આ કર્યું હોય તો વાંધો નહીં, પરંતુ ઘરે આવ્યા પછી જો આ થયું હોય તો તે ચિંતાનો વિષય છે. તમામ લોકોએ મેસેજથી આ ચર્ચા-સંદેશાની આપ- લે કરી લીધી બધાનો સુર એક જ હતો કે પોલીસવાળાએ તો ક્યાંય રસ્તામાં પકડ્યા નથી.

એ ચર્ચા બંધ કરી કોઈએ કોઈને કહેવું નહીં તેવું નક્કી કરી થોડો ઘણો વધેલો માલ ક્યારે ખાલી કરીશું તે પણ ગોઠવી લીધું.

મને ખાત્રી છે કે આ જમાત ના સુધરે. આમાં 'તપેલી'ઓનો વાંક નથી. આ 'લોટા'ઓનો વાંક છે. ■

**વિચારવાયુઃ**

*હું અને મારો મિત્ર એના ઘરે બેઠા હતા. અચાનક એનાં મિસિસ આવી ને મને કહે :'તમારા મિત્રને વઢો. સવાર સવારમાં ત્રણ પેગ મારી ગયા છે.'*


*મેં કહ્યું : 'આવી આદત ખોટી.'*

*-તો પેલાં મિસિસ કહે : 'એમ નહીં…એણે મારી બોટલમાંથી કેમ પીધું? તે માટે વઢો ! '.*

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# થાંભલો - સ્થાપત્યનું બહુમુખી અંગ





સ્થાપત્યનાં વિવિધ અંગોનું આયોજન રસપ્રદ હોય છે. ક્યાંક આ અંગો મજબૂતી માટે ઉપયોગમાં લેવાય છે તો ક્યાંક પ્રતીકાત્મક રજૂઆત માટે. મકાનના ઉપયોગમાં આ અંગો ક્યાંક અતિ જરૂરી જણાય આવે છે તો ક્યાંક એમ લાગે છે કે તેનું સંયોજન માત્ર ચોક્કસ પ્રકારની અનુભૂતિ માટે જ હોય છે. કેટલાંક અંગોના નિર્ધારણમાં સ્થાનિક આબોહવા મહત્ત્વની બની રહે તો અમુક કિસ્સામાં પ્રવર્તમાન શૈલીનું પ્રભુત્વ હોય. સ્થાપત્યના અંગોની રચનામાં ક્યારેક સામગ્રી તો ક્યારેક તકનીક, ક્યારેક અગ્રતાક્રમ તો ક્યારેક વિગતિકરણ મહત્ત્વના બની રહે. વાસ્તવમાં સ્થાપત્યનું પ્રત્યેક અંગ વિવિધ ભૂમિકા ભજવતું હોય છે. અહીં એક શ્રેણીના વિવિધ પ્રકારના અંગની રચના પાછળ મુખ્ય હેતુ એક હોય પણ તેની અસરનો વિસ્તાર બહુ આયામી રહે છે. સ્તંભ અર્થાત થાંભલો સ્થાપત્યનું આવું જ એક મહત્ત્વનું બહુઆયામી અંગ છે.

સ્તંભ અથવા થાંભલો એ મૂળમાં મકાનની મજબૂતાઈ માટેનું અંગ ગણાય. તે મકાનના ભારવાહક માળખામાં આવતું વજન લંબીય દિશામાં નીચેની તરફ તબદીલ કરે છે. મકાનની છત કે માળનો ભાર આડા મોભ - બીમ પર થઈને સ્તંભ ઉપર આવી, ત્યાંથી જમીનમાં પાયા મારફતે ફેલાઈ જાય છે. મકાન નિર્ધારિત સમય સુધી ટકી રહે તેની માટે આ પ્રકારની વ્યવસ્થા બહુ જરૂરી છે. મકાનની મજબૂતાઈ માટે માળખાકીય થાંભલો મહત્ત્વનો છે.

થાંભલાની બનાવટમાં વાંસ, લાકડું, ઇંટ, પથ્થર, કોન્ક્રીટ, લોખંડ કે ક્યારેક માટી પણ વપરાય છે. ઝૂંપડીમાં થાંભલાની બનાવટમાં વાંસ કે લાકડું પ્રયોજાય તો સામાન્ય મકાનમાં લાકડું કે ઈંટનો વપરાશ જોવા મળે છે. મહત્ત્વના સામાજિક, ધાર્મિક કે પરંપરાગત મકાનોમાં જ્યાં ભવ્યતાની અનુભૂતિ જરૂરી ગણાય ત્યાં પથ્થરનો ઉપયોગ થતો હોય છે. સમયમાં થાંભલાની બનાવટમાં કોન્ક્રીટ તથા લોખંડનું મહત્તમ ઉપયોગ થાય છે.

દીવાલ એ મકાનનો ભાર એક રેખામાં જમીન સુધી પહોંચાડે છે જ્યારે થાંભલો આ ભાર એક નાના વિસ્તારમાં ફેલાવે છે. આ માટે દીવાલની રચના કરતા થાંભલાની રચનામાં વધુ મજબૂતાઈ જરૂરી બને. ઇજનેરી અભિગમ પ્રમાણે થાંભલો સીધો ઊભો હોય તો તેની મજબૂતાઈ માટે પ્રમાણમાં ઓછી સામગ્રી જોઈએ. પણ આજના યુગમાં ત્રાસા થાંભલા પણ પ્રયોજવામાં આવે છે. આ પ્રકારની રચના કરવા માટે સામાન્ય રીતે થાંભલાઓને



ચોક્કસ રીતે ગોઠવી માળખું તૈયાર કરાય છે. એક રીતે જોતાં સ્પેસ ફ્રેમ અથવા ઊભા ટ્રસ્ટના સિદ્ધાંત પ્રમાણેની આ રચના હોય છે.

થાંભલાનો આકાર મુખ્યત્વે તેની સામગ્રી પર આધાર રાખે. સમગ્રતામાં જોતા એમ કહી શકાય કે સામાન્ય રીતે થાંભલો ચોરસ, લંબચોરસ, ગોળ, ઈંડાકાર કે બહુ કોણીય હોઈ શકે. આ આકારના કેટલાક મૂળભૂત ફાયદા છે. વળી, સામાન્ય રીતે થાંભલા એકલાં હોય તે રીતે ગોઠવવામાં આવે છે પણ ક્યારેક તેની જરૂરી મજબૂતાઈ કે ઇચ્છનીય દૃશ્ય અનુભૂતિ માટે તેને જોડમાં પણ રખાય છે. વાંસ જેવી રચનામાં ત્રણ કે તેથી વધુ વાંસના સમૂહને પરસ્પર જોડી તેમાંથી થાંભલો બનાવાય છે. ક્યારેક થાંભલો દીવાલ સાથે જડી પણ દેવામાં આવે છે. માળખાકીય રચનામાં થાંભલો મહત્ત્વનો હોવાથી તેનું નિયમિત અંતરે હોવું ઇચ્છનીય બને છે. આનાથી મકાનના ભારને જમીનમાં તબદીલ કરવાની વ્યવસ્થામાં ચોકસાઈ આવી શકે.

થાંભલો મૂળમાં માળખાકીય રચના હોવાથી તેની બનાવટમાં સાદગી જોવાં મળશે. તે છતાં પણ ઐતિહાસિક કે સ્મારકીય કે ધાર્મિક કે પ્રતીકાત્મક મકાનોમાં ખાંભલા પર કોતરણી કરી તેને રમ્ય બનાવાય છે. આ કોશિશમાં ક્યારેક શિલ્પકળા પણ ગૂંથાઈ જાય છે. ઈંટોમાંથી બનાવાયા થાંભલા પર જો પ્લાસ્ટર કરવાનું ન હોય તો ઇંટોની ગોઠવણીમાં ગાણિતિક શિસ્ત પ્રયોજાય છે. વળી થાંભલાની સપાટી પર ગીસી પાડી તેની લંબિયતાનો અનુભૂતિમાં વધારો કે ઘટાડો શક્ય બને છે. જો આ ગીસી ઊભી હોય તો તેની લંબાઈ વધુ જણાય અને આડી ગીસીથી થાંભલો ઓછો ઊંચો લાગે છે. થાંભલાની જાડાઈ પણ નીચેથી ઉપર તરફ ઓછી કરી તેને સતત ઘાટ અપાય છે.

થાંભલાની નીચેના ભાગમાં સામાન્ય રીતે ઓટલી જેવી પરંપરાગત રચના કરાતી હોય છે. સાથે સાથે સાથે ઉપરના ભાગમાં શીર્ષ અથવા કેપિટલ બનાવાતું. વળી આ થાંભલા સાથે ગોઠવાયેલા ત્રાંસિયાથી તે ઉપરના ભાગમાં દૃશ્ય નાટકીયતા આવતી. આમ થાંભલાને સ્થાપત્યમાં રસપ્રદ બનાવવાના વિવિધ સફળ પ્રયોગો થયા છે. ભારતીય સ્થાપત્યમાં વિજયનગરના વિઠ્ઠલ મંદિરમાં તો થાંભલામાં રચાયેલ નાની નાની થાંભલીઓ પર પથ્થર અથડાવવાથી સંગીતના સ્વર પણ સંભળાય છે. તો હોયસાલા શૈલીનાં મંદિરોમાં મોટા અગ્નિકૃત ખડકને લેથ પર ચડાવી તેમાંથી એક શૈલીય સ્તંભ ઘડી કઢાયા છે. ફતેપુર સિક્રીના દીવાને ખાસમાં વચ્ચેના મુખ્ય સ્તંભ પર મુખ્ય આસન સ્થાપવામાં આવ્યું છે. વળી ઇલોરાના કૈલાસ મંદિરમાં આવેલા અલાયદા વિશાળ સ્તંભથી જે તે સ્થાનને પ્રતીકાત્મક રીતે અપાર મહત્ત્વ અપાયું છે. વિજય-સ્તંભ સમાન અલાયદા વિશાલ સ્તંભ બનાવીને ઇતિહાસના કોઈ ઉલ્લેખનીય પ્રસંગની યાદ કાયમ કરવાનો પણ પ્રયત્ન કરાયો છે. ભારતીય સ્થાપત્યના ઇતિહાસમાં આવા અનેક દાખલા છે જેનાથી સ્થાપત્યમાં થાંભલાનું મહત્ત્વ સમજી શકાય.

સ્થાપત્યની દ્રષ્ટિએ જોતા સ્તંભ એ કેન્દ્ર સ્થાપિત કરે છે. જો આ સ્તંભ ચારે બાજુ મોકળાશ વચ્ચે - અવકાશની વચમાં હોય તો તેનાથી તે સ્થાનમાં એક પ્રકારની નાટકીયતા આવે છે. આવા સ્તંભ વડે જગ્યા કે ઓરડાના મનોવૈજ્ઞાનિક ભાગ પડી શકે. થાંભલો એ દેખીતી સ્થિરતા આપવાનું કામ પણ કરે છે, પરંતુ તેની મનોવૈજ્ઞાનિક ભૂમિકા પણ ઉલ્લેખનીય રહી છે. તેમાં વપરાયેલ સામગ્રી તથા તેના વિગતિકરણના પ્રકારથી થાંભલો જુદા જુદા પ્રકારના સંદર્ભ સ્થાપિત કરી શકે. કેટલીક વાર તો થાંભલાના પ્રકાર થકી સ્થાપત્ય શૈલી નિર્ધારિત થતી હોય છે. એકંદરે સ્થાપત્યમાં સ્તંભ કે થાંભલો બહુમુખી પ્રતિભા સંપન્ન થાંભલો, માત્ર થાંભલો ન રહેતા દૃશ્ય અનુભૂતિ તથા પ્રતીકાત્મક રજૂઆતનું સાધન બની રહે છે.





પ્રકરણઃ ૪

# ચહેરા મ્હોરા

## સોહમ, કદાચ તને ખ્યાલ નથી કે ડૂબતો સૂરજ એકલા જોઈએ તો ઉદાસી છે, પણ સાથે જોઈએ તો તેમાં રોમાન્સ છે...!



પ્રફુલ્લ કાનાબાર

'સોહમ, ચાલને આપણે સરખે ભાગે તારા જીવનનું અંધારું વહેંચી લઈએ..'

શિવાનીએ તેની નાજુક આંગળીઓ સોહમના હાથના પંજામાં ભેરાવતાં કહ્યું હતું.

શિવાનીએ કોઈ પણ જાતની પૂર્વભૂમિકા વગર એકદમ જ પ્રપોઝ કર્યું તેથી સોહમ ચમકી ગયો હતો.

'શિવાની, શા માટે સામે ચાલીને કૂવામાં પડવાનું વિચારે છે? મારું ભવિષ્ય હું જાણતો નથી. વળી તું એ પણ જાણે છે કે આ કંગાળ સોહમ પાસે જીવનની સામે ફરિયાદો સિવાય કાંઈ જ નથી.'

'જિંદગી સામે ફરિયાદો કરવા માટે પણ એક લાયક હમસફરની જરૂર પડતી હોય છે.' સોહમની ઉદાસ આંખોમાં જોઈને શિવાનીએ ત્યારે કહ્યું હતું.

સોહમ એની સામે તાકી રહ્યો. સોહમને લાગી રહ્યું હતું કે આજે તેનું રિઝલ્ટ ખરાબ આવ્યું છે એટલે શિવાની તેને રાજી કરવા પ્રપોઝ કરી રહી છે, બાકી જેનું કોઈ ભવિષ્ય જ નથી તેવા ગરીબ છોકરાને શિવાની જેવી છોકરી શા માટે પ્રેમનો એકરાર કરે કે પ્રપોઝ કરે? વળી છેલ્લા દસકામાં શિવાનીના પિતા ધંધામાં ઠીક ઠીક કમાયા હતા. ચાલી છોડીને સરકારે આપેલા 'ઔડા'ના ફ્લૅટમાં શિફ્ટ પણ થયા હતા. જ્યારે સોહમનો પરિવાર તો હજુ એ જ જગ્યાએ ચાલીમાં જ હતો માત્ર એટલું જ નહી ફૅમિલી બેકગ્રાઉન્ડ પણ એનું એ જ હતું... દારૂડિયો બાપ અને પારકાં કામ કરતી ચીંથરેહાલ મા.



હજુ સોહમનો હાથ શિવાનીના નાજુક હાથમાં જ હતો. સોહમે ધીમેથી પોતાનો હાથ સરકાવી લેતાં કહ્યું હતુંઃ

'શિવાની, મને મારા હાલ પર છોડી દે. મને મારી ઉદાસી સાથે જ રહેવા દે.'

'સોહમ, કદાચ તને ખ્યાલ નથી કે ડૂબતો સૂરજ એકલા જોઈએ તો ઉદાસી છે, પણ સાથે જોઈએ તો તેમાં રોમાન્સ છે!' શિવાનીએ થોડે દૂર થઈ રહેલા સૂર્યાસ્તને જોઈને કહ્યું હતું.

'અરે યાર, આજે તો તું કવિઓ જેવી વાતો કરવા લાગી છે. સોહમના ઉદાસ ચહેરા પર પહેલી વાર સ્મિત ફરક્યું હતું.

'દોસ્ત, થોડું આ રીતે સ્માઈલ કરવાનું પણ રાખ. તારો હસતો ચહેરો કેટલો સુંદર લાગે છે!'

'શિવાની, સ્માઈલ હંમેશાં અંદરથી આવવું જોઈએ. મારા જીવનમાં સમસ્યાઓ જ એટલી વિકરાળ છે કે અંદરથી સ્માઈલ આવવાની કોઈ શક્યતા જ નથી.'

'અરે, સમસ્યા કોના જીવનમાં નથી? સમસ્યાને સ્વીકારીને જ માણસે હસતા ચહેરે જીવન જીવવું જોઈએ.'

'શિવાની, આવી સલાહ તું એટલે આપી શકે છે કારણકે તું તારાં મમ્મી-પપ્પાની એકની એક લાડકી દીકરી છો. તારાં પેરન્ટસ વચ્ચે કોઈ ખટરાગ નથી.'

'હા, દીકરી ખરી પણ લાડકી નથી.'

'મતલબ?'

'મતલબ એમ કે તને આજ સુધી મેં નથી કહ્યું, પણ આજે કહું છું.. મારી મા તો મને જન્મ આપીને જ મરી ગઈ હતી. પપ્પાએ બીજાં લગ્ન કર્યાં હતાં. અત્યારે તું મારી જે માને ઓળખે છે તે મારી અપર મા છે.'

'ઓહ' સોહમને આંચકો લાગ્યો હતો.

'નવાઈ લાગી ને? સોહમ, મારી એ અપર માએ મને ક્યારેય દીકરી માની જ નથી. મારા પપ્પાને પણ સતત દબાવતી ફરે છે. ઘરનું તમામ કામ સમજણી થઈ ત્યારથી મેં જ કર્યું છે, પણ મેં મારી હેરાનગતિ વિષે પપ્પાને પણ ક્યારેય ફરિયાદ નથી કરી કારણ કે પપ્પાને હું દુઃખી કરવા માગતી નથી.'

'આ પરિસ્થિતિમાં તું આટલા સારા માર્કસે પાસ થઈ તે ઘણું સારું કહેવાય.'

'જીવનમાં ક્યારેય પરિસ્થિતિને મારા મન પર હાવી થવા દીધી નથી. હું ભણીગણીને સારી નોકરી કરું એ તો મારી અપર મા પણ ઇચ્છે છે, કારણ કે એમાં એનો પણ સ્વાર્થ સમાયેલો છે.'

સોહમે આશ્ચર્યથી શિવાની સામે જોયું.

'મારા પગારની બચતમાંથી મારાં લગ્નનો ખર્ચ હું જ કાઢું, જેથી ઘરમાંથી પૈસા વપરાય નહી... વળી હું ખુદ પણ મા-બાપ પર બોજ બનવાને બદલે પગભર થઈને મારો ખર્ચ ઉપાડવા માગું જ છું.' શિવાનીના ચહેરા પર પથરાયેલી મક્કમતાથી સોહમ પ્રભાવિત થઈ ગયો.

'શિવાની, સારું થયું આજે આપણે આમ એકાંતમાં મળ્યાં. આજે મને તારું નવું જ રૂપ જોવા મળ્યું. ખાસ તો મને પણ પ્રેરણા મળી.'

'શેની?'

'જીવનમાં મળેલી ભારે એકલતા વચ્ચે પણ હિંમતપૂર્વક જીવવાની.'

'સોહમ, બસ એટલી જ પ્રેરણા મળી? પ્રેમ કરવાની પ્રેરણા ન મળી?' શિવાનીએ શરારતભરી નજરે સોહમ સામે જોઈને પૂછ્યું.

'પ્રેમ કરવાની પ્રેરણા નથી મળી તેનાં બે કારણ છે એક તો આપણે બંને હજુ સગીર છીએ. બીજું કે પ્રેમ કરવા માટે માઈન્ડ ફ્રેશ હોવું જોઈએ.'

'ડફોળ, સત્તર વર્ષ જ પ્રેમ કરવાની સાચી ઉંમર છે. પ્રેમમાં પડીશ એટલે માઈન્ડ પણ ફ્રેશ રહેવા લાગશે.' શિવાનીએ નટખટ સ્વરે એ કહીને ફરીથી સોહમનો હાથ પકડી લીધો.

'મન પર સતત ઘરની જવાબદારી ઉપાડવાનો બોજ છે. આ પરિસ્થિતિમાં પ્રેમ કરવો પોષાય તેવો નથી. બીજું.. ' સોહમ બોલતાં બોલતાં અટકી ગયો.

'બોલ.. કેમ અટકી ગયો? હું તને પસંદ નથી?'

'ના, એવી વાત નથી, પણ ખબર નહી કેમ, આજે હું નપાસ થયો છું તેથી તારી વાતમાં મને મારા પ્રત્યેના તારા પ્રેમ કરતાં સહાનુભૂતિ વધારે દેખાય છે!'

'ઓહ, નો...એ જ તો મારી તારા પ્રત્યેની સાચી લાગણી છે. સમજણી થઈ ત્યારથી મેં તારા સિવાય બીજા કોઈ છોકરાનો વિચાર જ નથી કર્યો.'

'ખરેખર?' સોહમના ઉદાસ ચહેરા પર આનંદની લહેર દોડી ગઈ.

સૂર્યાસ્ત થઈ ચૂક્યો હતો. શિવાની તેનો ચહેરો સોહમના ચહેરાની નજીક લઈ ગઈ. સોહમે આજુબાજુ જોયું. કોઈ જ નહોતું. તેણે હિંમત કરીને શિવાનીને આશ્લેષમાં લીધી પછી એના હોઠ પર પોતાના હોઠ મૂકી દીધા. યુવાનીના ઉંબરે પગ મૂકી રહેલાં બંને પ્રેમીનું એ પ્રથમ ચુંબન હતું!

બંને સિટી બસમાં બેસીને ઘરે ગયાં ત્યારે આખા રસ્તે સોહમે એક જ વાતનું રટણ ચાલુ રાખ્યું હતુંઃ

'શિવાની, તું કૉલેજનાં ત્રણ વર્ષ ભણીશ ત્યાં સુધીમાં હું ઘણા પૈસા કમાઈ લઈશ.' સોહમ સારી રીતે સમજતો હતો કે બે પાંદડે થવા માટે ધંધો કરવો જરૂરી છે..જેના માટે મૂડી જોઈએ જે સોહમ પાસે નહોતી. શિવાનીએ પણ નોંધ્યું કે આજની તેની સોહમ સાથેની લાંબી મુલાકાતને કારણે સોહમમાં ઉત્સાહનું એક નવું જ જોમ આવ્યું છે.

થોડા દિવસોમાં જ શિવાનીને કૉલેજમાં એડમિશન મળી ગયું હતું. શિવાની કૉલેજ જવા નીકળતી ત્યારે સોહમ પણ સિટી બસમાં તેની સાથે જ જતો. બંને લાલ દરવાજા બસ સ્ટેન્ડે છૂટાં પડતાં. સોહમ નોકરીની તલાશમાં અલગ અલગ જગ્યાએ ફરતો.

યુવાનીમાં ખાલી ખિસ્સું હંમેશા જીવનના શ્રેષ્ઠ પાઠ ભણાવતું હોય છે. સોહમને પણ જેલમાંથી બહાર નીકળ્યા બાદ ગઢવી સાહેબે આપેલા મજૂરીના થોડાક રૂપિયા વોલેટમાં મૂકતી વખતે એ દિવસો યાદ આવી ગયા જયારે ખિસ્સામાં પરચૂરણ જ રહેતું. બસની ટિકિટ પણ કાયમ શિવાની જ લેતી.એ દિવસોમાં જ રતનપોળમાં એક કુરિયરની ઑફિસમાં કુરિયર બોયની જરૂર હતી. અખબારની જાહેરાત પરથી સોહમ એ ઑફિસે પહોંચી ગયો હતો. સોહમ જેવા તો કેટલાય જરૂરિયાતવાળા છોકરાઓની ત્યાં લાઈન લાગી હતી.

પચાસ આસપાસના શેઠે સોહમનો ઇન્ટરવ્યૂ લીધો હતો. શેઠે પૂછ્યું હતુંઃ

'તમારી પાસે સાઈકલ છે?'

'ના, સર.' સોહમે નમ્રતાપૂર્વક ના પાડી હતી.

'ભાઈ, અમારે તો એવો જ છોકરો નોકરીમાં રાખવાનો છે જેની પાસે પોતાની સાઈકલ હોય.'

સોહમ ભીની આંખે બહાર નીકળી ગયો હતો. બીજે દિવસે સોહમે બસમાં શિવાનીને કહ્યું હતુંઃ

'જો મારી પાસે સાઈકલ હોત તો કાલે મને ચોક્કસ નોકરી મળી ગઈ હોત.'

'સોહમ, જે થયું તે સારું જ થયું. ડિલિવરી બોય કરતાં તને ઑફિસમાં બેસીને કામ કરવાની નોકરી મળે તો વધારે સારું. ત્યાં વધુ શીખવા મળે અને તારું દુબળું શરીર વધારે પડતો શ્રમ કરીને સાઈકલ ખેંચવાનું કષ્ટ સહન કરે એ મને તો જરા પણ ના ગમે.'

સોહમ વિચારમાં પડી ગયો હતો.

'શું વિચારે છે?'

'આજે મને પહેલી વાર અહેસાસ થયો કે મા સિવાય મારી ચિંતા કરવાવાળું બીજું કોઈક પણ છે, બાકી મારા બાપે તો ક્યારેય મારી ચિંતા કરી જ નથી.'

સોહમના ચહેરા પર માને હંમેશાં હેરાન કરતા પિતા પ્રત્યેની નફરત છવાઈ ગઈ હતી. ગુસ્સાથી તેનો ગોરો ચહેરો લાલ થઈ ગયો હતોઃ

'શિવાની, કાયદો જો એક ખૂન માફ કરતો હોય તો હું સૌથી પહેલું ખૂન મારા આ નાલાયક બાપનું જ કરું!'

(ક્રમશઃ)■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ચકોર | આંખ |
| ચક્ષુ | ચાલાક |
| ચટકો | રેંટિયો |
| ચરખો | પગ |
| ચરણ | ડંખ |

### ઓળખાણ પડી?



આપણા દેશના વિવિધ શહેર વિવિધ ઉપનામથી ઓળખાય છે. કયું શહેર 'સિટી ઓફ ટેમ્પલ' - મંદિરના શહેર તરીકે ઓળખાય છે એ કહેશો?

અ) જૂનાગઢ બ) ત્રિવેન્દ્રમ ક) ભુવનેશ્વર ડ) કોલ્હાપુર

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ્ર | તિ | ૨ નિ | ૩ ધિ | ત્વ | | ૪ સં | ૫ ર | ચા | ૬ ના |
| તિ | | ૭ ક | યા | | ૮ ભૂ | તા | ન | | મ |
| ૯ કા | ૧૦ ય | ર | | ૧૧ હ્યુ | સ્ત | ન | | ૧૨ ધા | ર |
| ૧૩ ર | મ | | ૧૪ ઠા | | ર | | ૧૫ દ | ર | જી |
| | ૧૬ ન | ૧૭ જ | ર | | ૧૮ વિ | ૧૯ ચા | ર | ણા | |
| ૨૦ વા | | વા | | ૨૧ અ | જ્ઞા | ત | | | ૨૨ અ |
| ૨૩ સ્ત | ૨૪ વ | ન | | | ૨૫ ન | ક | ૨૬ લ | ખો | ર |
| ૨૭ વિ | ગ | | ૨૮ ખા | ૨૯ સા | | | ગો | | જ |
| ૩૦ ક | દા | ૩૧ ચ | | ૩૨ ભા | ડું | | ૩૩ લ | ૩૪ તા | |
| ૩૫ તા | ર | ણ | હા | ર | | ૩૬ લા | ગ | વ | ગ |

### શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | | ૮ | ૯ | | | | | |
| ૧૦ | | | | | | ૧૧ | | ૧૨ | |
| ૧૩ | | | ૧૪ | | | | | ૧૫ | |
| | | ૧૬ | | | | ૧૭ | ૧૮ | | |
| | ૧૯ | | | | ૨૦ | | | | |
| ૨૧ | | | | ૨૨ | | | | | ૨૩ |
| | | | ૨૪ | | | | ૨૫ | | |
| ૨૬ | ૨૭ | ૨૭-અ | | | | ૨૮ | | | |
| ૨૯ | | | | ૩૦ | | | | | |

**આડી ચાવી**
૧. એકથી વધારે (૪)
૪. બધાને મંજૂર હોય એવું (૫)
૭. પેઢુ, તાકાત, કૌવત (૨)
૮. પાવન, શુદ્ધ (૩)
૧૦. ધૈર્ય (૩)
૧૧. ---ની જેલ જાણીતી છે (૪)
૧૩. મરણ પાછળ રોવું-કૂટવું (૨)
૧૪. જોડાણ, સાંધણ, લક્ષ (૩)
૧૫. અવાજ (૨)
૧૬. લાભ મેળવનાર (૩)
૧૭. વરસાદની જેમ વેરાવવું (૪)
૧૯. બહુ બોલનાર (૩)
૨૦. અસંગતિ, વિરોધ (૪)
૨૧. પેટ (૩)
૨૨. (સંગીતમાં) સાથ (૩)
૨૪. વ્યાખ્યા કરાયેલું, સમજાવેલું (૩)
૨૫. કાશ્મીરમાં ---માં ફરવાની મજા આવે (૩)
૨૬. ગ્રાહક (૩)
૨૮. વાચા, વાણી (૨)
૨૯. તંતુવાદ્ય વગાડવા જોઇએ (૩)
૩૦. જમીન, પૃથ્વીનું તળ (૪)

**ઊભી ચાવી**
૧. એકહથ્થુ સત્તા, ઇજારો (૫)
૨. કતરણ, કાગળનો કચરો (૪)
૩. પ્યાલો (૨)
૪. ક્ષેત્ર, નિયત સમયગાળો (૨)
૫. લેવું તે (૩)
૬. તફડંચી કરવી (૫)
૯. વિરોધી અર્થ આપનારું (૪)
૧૨. આકાશમાંથી વરસતું પાણી (૪)
૧૪. દરકાર, કાળજી, જતન (૩)
૧૬. પરવશ, નિરુપાય, દીન (૩)
૧૭. એક ઋતુ (૩)
૧૮. ચાલુ, પ્રચલિત, યોગ્ય (૨)
૧૯. ભાંજગડ, તકરાર (૨)
૨૦. માહિતી (૩)
૨૧. ઓળંગવું તે (૪)
૨૨. અઢળક, ઘણા બધા (૪)
૨૩. પુરાણમાંની વાર્તા (૪)
૨૫. ચહેરો (૩)
૨૭. ખાખ (૨)
૨૭-અ. ફૂલ ઉગવાની શરૂઆત (૨)
૨૮. તમે મારી --- સાંભળો (૨)

### ગુજરાત મોરી મોરી રે

વાંસ, મહુડા, સાગ તેમ જ અન્ય વનસ્પતિસભર જાંબુઘોડા અભયારણ્ય ગુજરાતના કયા જિલ્લામાં આવેલું છે એ વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) અમરેલી બ) પંચમહાલ ક) સુરેન્દ્રનગર ડ) ખેડા

### જાણવા જેવું

ખચ્ચર પોતાની ઓલાદ વધારી શકતો નથી. એટલે ઘોડી - ગધેડો અથવા ઘોડો - ગધેડીથી એને જન્મ મળે છે. દીર્ઘજીવી હોય છે, બીમાર ઓછું પડે છે અને પરિશ્રમ વધારે કરી શકે છે. ઘોડાની માફક તે સમજદાર હોય છે. ઊંચીનીચી જમીન ઉપર તેના પગ મજબૂત બેસે છે. આ પ્રાણી ગધેડાની માફક ભાર ઉપાડવાના કામમાં આવે છે.

### સુડોકુ-૭૦૭૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | ૯ | | ૩ | ૮ | | |
| ૫ | | | ૪ | | ૮ | | | ૨ |
| | | ૩ | | ૧ | | ૯ | | |
| ૭ | ૨ | | | | | | ૯ | ૩ |
| | ૪ | ૬ | | | | ૫ | ૭ | |
| ૯ | ૩ | | | | | | ૧ | ૪ |
| | | ૭ | | ૩ | | ૧ | | |
| ૩ | | | ૭ | | ૧ | | | ૫ |
| | | ૧ | ૨ | | ૬ | ૩ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૭૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૩ | ૨ | ૬ | ૯ | ૭ | ૫ | ૮ |
| ૨ | ૮ | ૭ | ૧ | ૫ | ૪ | ૯ | ૩ | ૬ |
| ૬ | ૯ | ૫ | ૩ | ૮ | ૭ | ૧ | ૨ | ૪ |
| ૫ | ૨ | ૪ | ૯ | ૭ | ૮ | ૬ | ૧ | ૩ |
| ૭ | ૬ | ૧ | ૫ | ૨ | ૩ | ૪ | ૮ | ૯ |
| ૯ | ૩ | ૮ | ૪ | ૧ | ૬ | ૨ | ૭ | ૫ |
| ૧ | ૪ | ૯ | ૮ | ૩ | ૨ | ૫ | ૬ | ૭ |
| ૩ | ૫ | ૬ | ૭ | ૪ | ૧ | ૮ | ૯ | ૨ |
| ૮ | ૭ | ૨ | ૬ | ૯ | ૫ | ૩ | ૪ | ૧ |

### ચતુર આપો જવાબ
માથું ખંજવાળો

આપણા દેશમાં દોડતી રેલવે ટ્રેનો વિશિષ્ટ નામ ધરાવે છે. કોઈ સ્ટેશનથી શરૂ થયા પછી અંતિમ સ્ટેશન સુધી ક્યાંય ન ઊભી રહેતી ટ્રેનનું નામ જાણવો.

અ) હમસફર એક્સપ્રેસ
બ) તેજસ એક્સપ્રેસ
ક) દુરંતો એક્સપ્રેસ
ડ) શતાબ્દી એક્સપ્રેસ

### નોંધી રાખો

આપણું ભવિષ્ય આપણા વર્તમાન તેમ જ ભૂતકાળની ક્રિયાઓનો અરીસો છે. કર્મ કરશો એવા ફળ મળશે. માટે જીવનમાં કર્મને પ્રાધાન્ય આપો.

### માઈન્ડ ગેમ

ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આજથી ૧૪ વર્ષ પહેલાં ભારતીય ટીમ વતી સેન્ચુરી ફટકારનારા પ્રથમ ખેલાડીનું નામ જણાવો.

અ) વીરેન્દ્ર સેહવાગ બ) યુસુફ પઠાણ ક) વિરાટ કોહલી ડ) સુરેશ રૈના

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| પેટે | માટે |
| પેઠે | માફક |
| પેણી | તવી |
| પેઢું | અવાળું |
| પેચ | આંટો, વળ |

ગુજરાત મોરી મોરી રે
મોહનથાળ

ઓળખાણ પડી
ઉદયપુર

માઈન્ડ ગેમ
સુભાષ ગુપ્તે

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
ગુજરાત

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુરેખા દેસાઈ (૪) સુભાષ મોમાયા (૫) નીતા દેસાઈ (૬) વિભા મહેશ્વરી (૭) ભારતી બુચ (૮) નૂતન વિપીન (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) પુષ્પા પટેલ (૧૩) લજિતા ખોના (૧૪) ધીરેન્દ્ર ઉદ્દેશી (૧૫) ગીતા ઉદેશી (૧૬) પ્રતિમા પમાણી (૧૭) પ્રવીણ વોરા (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) મીનળ કાપડિયા (૨૦) મહેશ સંઘવી (૨૧) ભાવના કર્વે (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૫) જયવંત પદમશી ચિખલ (૨૬) તાહેર ઔરંગાબાદવાલા (૨૭) શીરીન ઔરંગાબાદવાલા (૨૮) હર્ષા મહેતા (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) મહેશ દોશી (૩૧) અંજુ ટોલીયા (૩૨) શિલ્પા શ્રોફ (૩૩) કિશોર બી. સંઘરાજકા (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) પુષ્પા ખોના (૩૬) મૂલરાજ કપૂર (૩૭) સુરેખા દેસાઈ (૩૮) અિરવિંદ કામરદ (૩૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૦) નયના ગિરીશ ઠક્કર (૪૧) રશીક જુઠાણી - ટોરંટો - કેનેડા (૪૨) નિતીન જે. બજરીયા (૪૩) હરીશ મનુભાઈ ભટ્ટ (૪૪) જગદીશ ઠક્કર (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) ઈનાક્ષી દલાલ (૪૭) હિના દલાલ (૪૮) રમેશભાઈ દલાલ (૪૯) મહેશ સંઘવી

સ્પોર્ટ્સ મૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# રોહિત-વિરાટના ટેસ્ટ યુગનો સાગમટે અંત આવી રહ્યો છે કે શું?

## વીતેલા દાયકાઓના મહાન બૅટર્સની ટેસ્ટ કરિયર અલગ-અલગ સમયમાં સમેટાઈ હતી, પણ હાલના બે દિગ્ગજની કારકિર્દી પર જાણે એકસાથે પડદો પડી રહ્યો છે


અઢી મહિના પહેલાં (શનિવાર, ૨૧મી ડિસેમ્બરે) બેન્ગલૂરુમાં ન્યૂ ઝીલૅન્ડ સામે ટેસ્ટ-સિરીઝની પ્રથમ મૅચમાં ભારતીય ટીમ એક કૅલેન્ડર-યરમાં ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ ૧૦૦ સિક્સર ફટકારનાર વિશ્વની પ્રથમ ટીમ બની હતી. ટેસ્ટ-ક્રિકેટના ૧૪૭ વર્ષના ઇતિહાસમાં કોઈ એક ટીમે એક વર્ષમાં ૧૦૦ છગ્ગા માર્યા હોય એવું પહેલી જ વાર બન્યું હતું. જોકે અહીં ખાસ ઉલ્લેખ કરવાનો કે એ તો દેખીતી રીતે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની જ અસર કહી શકાય. ફટાફટ ક્રિકેટમાં છગ્ગા-ચોક્કાનો દરેક મૅચમાં વરસાદ વરસતો હોય છે અને ભારતીય બૅટર્સે એમાં તાકાત બતાડીને ટેસ્ટ-જગતમાં સિક્સરોની વર્ષાથી પોતાનું નામ સોનેરી અક્ષરે લખાવ્યું. જોકે આ સ્થિતિમાં હવે ટેસ્ટ-ક્રિકેટ જેના માટે વખણાય છે એ બૅટિંગ-ટેક્નિક લુપ્ત થતી જાય છે. બૅટર્સમાં ધૈર્ય અને પોતાને લાંબા સમય સુધી ક્રીઝમાં સુરક્ષિત રાખવાની કળા પણ હવે ક્યાં જોવા મળે છે. જુઓને, ટી-૨૦માં ઝડપથી (૨૦ ઓવરની મર્યાદામાં) બને એટલા રન ખડકી દેવાની ઉતાવળમાં બૅટર્સ હવે ધીરજ ગુમાવી બેસે છે અને ટેસ્ટમાં સસ્તામાં વિકેટ ગુમાવી રહ્યા છે.

વર્તમાન સિરીઝમાં ભારતની પૂર્ણ થયેલી આઠમાંથી પાંચ ઇનિંગ્સમાં ૨૦૦ રન નથી બન્યા.

આ સંજોગોમાં રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા દિગ્ગજનું બૅટિંગમાં અસલ કૌશલ્ય નથી જોવા મળી રહ્યું અને તેમની ટેસ્ટની નિવૃત્તિનો સમય નજીક આવી ગયો છે.

ભારતે છેલ્લા છ દાયકામાં ટેસ્ટ-ક્રિકેટમાં ઘણા યુગ જોયા છે.

ભારતના મહાન કૅપ્ટન મન્સૂર અલી ખાન પટૌડીના યુગમાં અને ત્યાર પછીના ઘણાં વર્ષો દરમ્યાન ખાસ કરીને વિજય માંજરેકર તેમ જ સુનીલ ગાવસકરના યુગમાં ગુંડપ્પા વિશ્વનાથ, ફરોખ એન્જિનિયર, દિલીપ વેન્ગસરકર, અંશુમાન ગાયકવાડ, બ્રિજેશ પટેલ અને યશપાલ શર્મા સહિતના ભરોસાપાત્ર તથા દિગ્ગજ બૅટર્સ થઈ ગયા અને કપિલ દેવ એ અરસામાં સર્વશ્રેષ્ઠ ઑલરાઉન્ડર હતા. કપિલના જ યુગમાં સચિન તેન્ડુલકરનો (૧૯૮૯માં) યુગ શરૂ થયો હતો. ત્યાર બાદ મોહમ્મદ અઝહરુદ્દીન પણ ટીમનો બહુમૂલ્ય હિસ્સો બન્યો હતો અને તેના સુકાનમાં રમી ચૂકેલા દિગ્ગજ બૅટર્સમાં સચિન ઉપરાંત સૌરવ ગાંગુલી, રાહુલ દ્રવિડ, વીવીએસ લક્ષ્મણનો સમાવેશ હતો. મૅચ-ફિક્સિંગના આક્ષેપો વચ્ચે અઝહરુદ્દીનની આંતરરાષ્ટ્રીય કારકિર્દી વહેલી સમેટાઈ ગઈ ત્યાર બાદ સૌરવ ગાંગુલીએ સત્તાના સૂત્રો સંભાળ્યાં અને તેની કૅપ્ટન્સીમાં (૨૦૦૧માં) વીરેન્દર સેહવાગનો યુગ શરૂ થયો હતો.


એક સમયના પાંચ દિગ્ગજ બૅટર્સ (જમણેથી) સચિન, ગાંગુલી, દ્રવિડ, લક્ષ્મણ અને સેહવાગ.

બૅટર્સની જ વાત કહીએ તો યુવરાજ સિંહ પછી મહેન્દ્રસિંહ ધોનીનો યુગ શરૂ થયો એ પહેલાં જ ગાંગુલીના સુકાનમાં ભારતીય ક્રિકેટમાં પરિવર્તન આવવાની શરૂઆત થઈ ચૂકી હતી જેનો સીધો ફાયદો ધોનીને મળ્યો જે બૅટિંગની સાથે વિકેટકીપિંગની પણ જવાબદારી સંભાળવાની સાથે દેશનો સર્વશ્રેષ્ઠ કૅપ્ટન સાબિત થયો હતો.

ધોનીના યુગમાં વિરાટ કોહલીની કરીઅરનો ઉદય થયો અને તેણે તેના આ ગુરુ (ધોની) પાસેથી કૅપ્ટન્સીના પાઠ શીખીને નેતૃત્ત્વની જવાબદારી સ્વીકારી હતી અને વિરાટે જ્યારે કૅપ્ટન્સી છોડી ત્યારે એ રોહિતને સોંપાઈ હતી.

હવે સમય એ આવ્યો છે કે આ બન્ને દિગ્ગજ (રોહિત-વિરાટ)ની ટેસ્ટ કારકિર્દી સમેટાઈ જવાની તૈયારીમાં છે. ચેતેશ્વર પુજારા અને અજિંક્ય રહાણે પણ ટેસ્ટના કાબેલ બૅટર તરીકે પુરવાર થયા અને એમાં પણ રહાણેની કૅપ્ટન્સીમાં ઑસ્ટ્રેલિયામાં ૨૦૨૧માં ભારતે ઐતિહાસિક વિજય મેળવ્યા હતા.


મહેન્દ્રસિંહ ધોની

હવે મુખ્ય વાત પર આવીએ તો રોહિતે ગઈ કાલે સિડનીની છેલ્લી ટેસ્ટમાંથી પોતાને બહાર રાખ્યો (કે પછી તેને સ્વૈચ્છિક રીતે રેસ્ટ લેવાનું આડકતરી રીતે દબાણ કરવામાં આવ્યું). જે કંઈ હોય, પણ ટેસ્ટના આ બે દિગ્ગજો આવનારા દિવસોમાં ટેસ્ટ-કરીઅર પર પડદો પાડી દેવાના હશે તો અત્યારે તેમનો કપરો કાળ ચાલી રહ્યો છે. ફૉર્મ ગુમાવી બેસવા બદલ અને ખોટા શૉટ સિલેક્શનને લીધે (ખાસ કરીને વિરાટના કિસ્સામાં) ટીકાઓનો તેમના પર વરસાદ વરસી રહ્યો છે, તેમની બ્રૅન્ડને પણ અસર થઈ રહી છે અને જે કરોડો ક્રિકેટપ્રેમીઓને તેમના પર માન હતું એ થોડું ઓછું થઈ ગયેલું જણાય છે.

રોહિતના નામે ૧૧૬ ટેસ્ટ ઇનિંગ્સમાં ૧૨ સેન્ચુરી અને ૧૮ હાફ સેન્ચુરીની મદદથી બનેલા ૪,૩૦૧ રન છે. બીજી બાજુ, વિરાટના નામે ૨૦૯ ટેસ્ટ ઇનિંગ્સમાં ૩૦ સેન્ચુરી અને ૩૧ હાફ સેન્ચુરી સાથે બનેલા ૯,૨૨૪ રન છે.

જે ઓપનિંગ બૅટરે (રોહિતે) ટેસ્ટ કારકિર્દીની પહેલી બે ઇનિંગ્સમાં સદી ફટકારી હોય (૨૦૧૩માં વેસ્ટ ઇન્ડિઝ સામે ૧૭૭ રન અને ૧૧૧ અણનમ) અને જે બૅટરે (વિરાટે) સચિન જેવા ક્રિકેટિંગ-ગૉડના પણ વિક્રમો તોડ્યા હોય તેમને જો શાનથી કરીઅરને ગુડબાય કરવા નહીં મળે તો ઘણાને દુઃખ થશે. રવિચન્દ્રન અશ્વિન જેવા દિગ્ગજ ઑફ-સ્પિનરે તાજેતરમાં જ ટીમમાં થતી અવગણના બદલ રિસાઈને ઓચિંતું રિટાયરમેન્ટ લઈ લીધું એવું રોહિત અને વિરાટના કિસ્સામાં ન બને એવી પ્રાર્થના કરીએ.


સુનીલ ગાવસકર અને કપિલ દેવ (બીસીસીઆઇ)


રોહિત શર્મા તથા વિરાટ કોહલી

અગાઉના દિગ્ગજ બૅટરની મોટા ભાગે વ્યક્તિગત રીતે ટેસ્ટના ફલક પરથી વિદાય જોવા મળી હતી, પણ રોહિત અને વિરાટની વિદાય જાણે સાગમટે થઈ રહી હોય એવું લાગી રહ્યું છે.

રોહિત અને વિરાટ ટેસ્ટ માટે જરૂરી પાછા ફૉર્મમાં ન આવે તો પણ તેમના માટે ભવ્ય ફેરવેલ રાખવામાં આવે એવું તેમના કરોડો ચાહકો ઇચ્છતા હશે. ■


શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ
feedback@bombaysamachar.com

# સાહેબ, સજ્જનોને તો 'માણસ' રહેવા દો

હમણાં એક મોટા નેતાએ, દેશની જનતાને ખુલ્લું આમંત્રણ આપ્યું કે: 'હે સજ્જન લોકો, તમે પણ રાજકારણમાં આવો!'

થઈ રહ્યું..! હવે કોઈ નહીં ને સજ્જનો પણ રાજકારણમાં જશે? તો પછી દુર્જનોને વોટ કોણ આપશે?

હું મંત્રીજીને બે હાથ, બે પગ, એક માથું, બે કાન, એક નાક વગેરે જોડીને વિનંતી કરવા માગું છું કે, મહેરબાની કરીને સજ્જન લોકોને તો રહેવા જ દો. સારા નાગરિકોને તમે ગમે ત્યાં મારો, તોડો કે ઘસેડો, પણ રાજકારણમાં નહીં! તમે રાજકારણ કરવા માગો છો, તો ભલેને કરો. તમારી પાસે તો ઘટિયા લોકોનો આખો ભંડાર છે. મુખ્ય મંત્રીના મહોલ્લાના ગુંડાઓથી લઈને રાજકારણના મહાનુભાવો સુધી કેટલી મોટી સંખ્યા અવેલેબલ છે, જે તમારી સાથે તો છે. આ દેશમાં સારા લોકો બહુ ઓછા છે ને આજે લઘુમતી સંખ્યામાં છે અને આ બાબતે લઘુમતીના આધારે તમે રાજકારણ નહીં કરી



શકો.

જોકે મંત્રીજીએ આમંત્રણ આપ્યું અને એ વળી સારા લોકો સુધી પહોંચી પણ ગયું. ત્યારે એમના મનમાં એક જ પ્રશ્ન ઊભો થયો કે, અત્યાર સુધી અમે સારા કે સજજન બચીને રહ્યા કઈ રીતે? એટલા માટે કે અમે રાજકારણમાં નહીં ગયા? કે પછી એટલા માટે કે રાજકારણ અમારા સુધી ના પહોંચ્યું? અને હવે શું અમારે ખરેખર રાજકારણમાં જવું જોઈએ? 'ચલો સખી કાજલ કી કોઠરી મેં ચલેં.' શું અમારા જવાથી ત્યાં બધું ઊજળું થશે? શું સોનું વરસવા લાગશે? શાંતિનું અમૃત વરસવા લાગશે?

ના ભાઈ ના! આવું કંઈ રાતોરાત ચમત્કારિક થશે એની તો ખબર નથી, પણ આપણે કાળા જરૂરથી થઈ જઈશું! માત્ર શરીરથી કાળા થઈએ તોપણ કંઈ વાંધો નથી, પણ આમાં તો મનથી પણ કાળા થઈ જવાશે! વર્ષોથી રાજકારણમાં રહેવાની આ શરતો ફરજિયાત રહી છે. એને આપણાથી કેવી રીતે નકારી શકાય?

મંત્રીના આમંત્રણથી સજ્જનોમાં ખળભળાટ મચી ગયો છે. એમાંથી કેટલાક તો રાજકારણમાં આવવા માગતા હતા, પણ ન ગયા. પોતાની અંદરની માણસાઈને હજી સલામત રાખવા માટે ન ગયા. જરાક એક વાતનું આશ્ચર્ય પણ થયું કે, કાલ સુધી તો તમે જાણીતા અભિનેતાને રાજકારણમાં આવવાનો આગ્રહ કરતા હતા અને આજે પાછા સારા લોકોને આવવાનું આમંત્રણ આપો છો! ચોક્કસ તમારી રાજનીતિમાં કશોક ફેરફાર થયો લાગે છે. બેઉ એકસાથે કેમ સંભવે?

તમારું આમંત્રણ સારા લોકોને મળ્યું જાણીને ખુશી થઈ! નહીંતર જો તમે શોધવા નીકળ્યા હોત, તો તમને મુખ્ય મંત્રી, પાર્ટીના પ્રદેશ પ્રમુખ, કલેક્ટર, એસ.પી., ફંડ આપવાવાળા, નાના-મોટા કંપનીના માલિકો, દલાલ અને સામાજિક કાર્યકર્તાઓ એ બધા તો મળી જતે, પણ સારા લોકો નહીં મળતે!

રાજકારણના રસ્તાઓ પરથી સારા લોકો કદીય પસાર થતા જ નથી. ખરાબ લોકો તમારી પાસે ઑલરેડી છે જ. હવે સારા લોકોને પણ બોલાવી લેશો તો એક રીતે અસ્તિત્વની લડાઈ ઊભી થશે. રાજકારણના અખાડાના જે નિયમ છે, એમાં સારા લોકો માર ખાશે! પછી એ લોકો રાજકારણમાંથી નીકળી જશે તોપણ જીવનભર સારા કહેવાશે નહીં. કહેવાનો મતલબ એ છે કે દેશમાં સજ્જન લોકોની અછત પડી જશે એટલા માટે મારે નેતાજીને કહેવું છે કે, આપણી એ જ જૂની પદ્ધતિ સારી છે, જેને પહેલાના નેતાઓ અનુસરતા કરતા હતા. (અંતુલે સારા, ભજનલાલ સારા, ચીમનભાઇ સારા ઇત્યાદિ) જે કોઈ અમારી જય બોલોવે એ સારા!

માટે નેતાજી, અમને સારા લોકોને રાજકારણમાં ખેંચવામાંથી માફ કરો, ત્યાં જો બહુ સારા માણસો ઘૂસી જશે તો પછી તમારું શું શું થશે? તમારી સંખ્યા ઓછી થઈ જશેને? એટલું તો વિચારો! ■

વિશેષ
નિધિ ભટ્ટ
feedback@bombaysamachar.com

# પર્યાવરણના સંવર્ધનની સાથે આરોગ્યનું પણ જતન

ડો. નેપરલા પ્રવીણ, ૩૫ વર્ષીય ડોક્ટર જે ચિત્તૂરના ગ્રામીણ વિસ્તારોમાં મફત આરોગ્ય શિબિરો યોજી લોકોને એનિમિયા જેવા રોગો વિશે વાકેફ કરી રહ્યા છે. માત્ર આટલું જ નહીં ૫૦,૦૦૦ વૃક્ષો વાવી પર્યાવરણીય ચળવળનું નેતૃત્વ પણ કરી રહ્યા છે. આમ આરોગ્યની સાથે સ્વસ્થ પર્યાવરણને પણ પ્રોત્સાહન આપી રહ્યા છે.

ચિત્તૂર જિલ્લાના પુંગાનુરના યુવા અને કુશળ ડોક્ટર, ડો નેપરલા પ્રવીણ, માત્ર તેમની તબીબી નિપુણતા દ્વારા જ નહીં, પરંતુ ગરીબ લોકોના જીવનને સુધારવા માટેના અવિરત સમર્પણ દ્વારા વ્યાખ્યાયિત થાય છે. ઉપરાંત

સમાજ સેવા પ્રત્યે ૨૦ વર્ષથી વધુની અતૂટ પ્રતિબદ્ધતા સાથે, નિઃસ્વાર્થ સમર્પણ અને દ્રઢતાનું પ્રતીક બની ગયાં છે.

તેમની યાત્રા આપણને સમાજની સેવા કરવાનો ખરેખર અર્થ શું છે તેના પર પુનર્વિચાર કરવા પડકારે છે. મેડિકલ પ્રેક્ટિસ કરવા ઉપરાંત, પ્રવીણ એક જાણીતા લેખક, કવિ, તેલુગુ સાહિત્યના ઉત્સાહી, સામાજિક કાર્યકર્તા અને પર્યાવરણવાદી પણ છે.

ડો. પ્રવીણ તેમના પિતા, ડો. આનંદ રાવ, એક નિવૃત્ત સરકારી ડોક્ટર અને ગાયનેકોલોજિસ્ટના અથાક સમર્પણથી બાળપણથી જ ખૂબ પ્રભાવિત હતા.

જેઓ હંમેશાં માનતા હતા કે આરોગ્યસંભાળ એક વ્યકિતનો અધિકાર હોવો જોઈએ. ૧૯૯૪ માં, ડો. આનંદ રાવ અને તેમની પત્ની, શ્રીમતી સોભાગ્યવતી ગારુએ એક એનજીઓ, રૂરલ હેલ્થ એજ્યુકેશનલ સોસાયટીની સ્થાપના કરી, જેનું મિશન હતું ગ્રામીણ સમુદાયોને મફત આરોગ્યસંભાળ સેવાઓ પૂરી પાડવી.

"હું નાનો હતો ત્યારથી મેં મારા પિતાને દૂરનાં ગામડાઓમાં દર્દીઓની મફતમાં સારવાર કરવા જતા જોયા હતા, જ્યાં અન્ય કોઈ જતું નહોતું" ડો. પ્રવીણ કહે છે. તેમની પ્રતિબદ્ધતા શબ્દોની બહાર હતી. તેમણે બદલામાં ક્યારેય કંઈપણની અપેક્ષા રાખી ન હતી. તેમની માતા, શ્રીમતી સૌભાગ્યવતી ગારુએ પણ આ વિઝનને પોષવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે સામાજિક કલ્યાણ માટે તેમના પરિવારના પ્રયત્નોને વિસ્તૃત કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

તેમના પિતાના કાર્યથી પ્રેરિત થઈને, ડો. પ્રવીણે મેડિકલ પ્રોફેશન પસંદ કર્યો, પરંતુ પરંપરાગત પ્રેક્ટિસમાં સ્થાયી થવાના હેતુથી નહીં. તેના બદલે, તે દવાને સમાજ સેવા સાથે મિશ્રિત કરવાના વિચાર તરફ આકર્ષાયા. જોકે,

તેમણે ચીનમાં એમબીબીએસ પૂર્ણ કર્યું હતું, પરંતુ તેઓ જાણતા હતા કે તેમનું અંતિમ મિશન ગ્રામીણ ભારતમાં છે, જ્યાં તેમનાં માતાપિતાએ દાયકાઓ સુધી સેવા આપી હતી.

અભ્યાસ પૂર્ણ કર્યા પછી, ડો. પ્રવીણ ભારત પાછા ફર્યા, જ્યાં એનજીઓ સાથે તેમનું જોડાણ વધુ ગાઢ બન્યું. એક યુવાન તબીબી વિદ્યાર્થી તરીકે પણ, તેણે





ગ્રામીણ આરોગ્ય શૈક્ષણિક સોસાયટી દ્વારા આયોજિત આરોગ્ય શિબિરોમાં સ્વૈચ્છિક સેવા આપી અને આમ તે ઝડપથી એનજીઓનો અભિન્ન હિસ્સો બની ગયા.

એનજીઓ સાથેનું ડો. પ્રવીણનું જોડાણ માત્ર સારવાર પૂરતું જ ન હતું, તે ગ્રામીણ સમુદાયોમાં સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનાં મૂળ કારણોને સંબોધવા માટે સંકલ્પબદ્ધ હતા. ઉદાહરણ તરીકે, એનિમિયા, તેમની પ્રાથમિક ચિંતાઓમાંની એક હતી, ખાસ કરીને વ્યક્તિગત દુર્ઘટના પછી. "જ્યારે હું કોલેજમાં હતો, ત્યારે મારા એક મિત્રની માતા એનિમિયાને કારણે ગુજરી ગઈ. તે ક્ષણે મારું જીવન બદલી નાખ્યું. હું જાણતો હતો કે આ સાયલન્ટ કિલરને રોકવા માટે મારે કંઈક કરવું પડશે." ડો. પ્રવીણ કહે છે. તેમણે એનિમિયા વિશે જાગરુકતા લાવવા ખાસ કરીને સગર્ભા સ્ત્રીઓ અને યુવતીઓમાં, અનેક ઝુંબેશ ચલાવી. રૂરલ હેલ્થ એજ્યુકેશનલ સોસાયટી દ્વારા, તેમણે આયર્નની ગોળીઓનું વિતરણ, રક્ત પરીક્ષણ કરાવવાનું અને સ્વચ્છતા વિશે શીખવવાનું શરૂ કર્યું. ધીમે ધીમે મૃત્યુમાં ઘટાડો કર્યો અને આ પ્રદેશના હજારો લોકોના સ્વાસ્થ્યમાં સુધારો કર્યો.

તેમની માતા શ્રીમતી સૌભાગ્યવતી ગારુ હંમેશાં એવું માનતા કે આરોગ્ય એ પર્યાવરણ સાથે આંતરિક રીતે જોડાયેલું છે. આમ તેણે તેના પુત્રને શહેરી વિસ્તારોમાં તેની દ્રષ્ટિ વિસ્તારવા માટે પ્રોત્સાહિત કર્યા, જ્યાં પ્રદૂષણ અને પર્યાવરણીય અધોગતિ મુખ્ય મુદ્દાઓ બની રહી હતી.

૨૦૦૮ માં, પર્યાવરણ સંરક્ષણ માટે તેમની માતાના જુસ્સાથી પ્રેરિત, ડો. પ્રવીણે ભાગ્યાનંદ બોટનિકલ સોસાયટીની સ્થાપના કરી, જે પર્યાવરણીય જાગૃતિ, ટકાઉ પ્રથાઓ અને પ્રકૃતિના સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મારી માતાએ મને હંમેશાં શીખવ્યું કે "સારા સ્વાસ્થ્યની શરૂઆત સ્વચ્છ હવા, વૃક્ષો અને સ્વસ્થ વાતાવરણથી થાય છે. આપણે સ્વાસ્થ્યને પર્યાવરણથી અલગ કરી શકતા નથી."

ભાગ્યાનંદ બોટનિકલ સોસાયટી દ્વારા, ડો. પ્રવીણે અનેક પહેલને ચેમ્પિયન કરી છે. તેમની ટીમે ૫૦,૦૦૦ થી વધુ રોપાનું વાવેતર કર્યું છે, પ્રદૂષણ જાગૃતિ ઝુંબેશનું આયોજન કર્યું છે અને ઇલેક્ટ્રિક વાહનોના ઉપયોગ જેવી ઇકો-ફ્રેન્ડલી પ્રેક્ટિસની હિમાયત કરી છે. એનજીઓ સામુદાયિક કાર્યક્રમો દ્વારા શહેરી રહેવાસીઓને, સ્વચ્છ ઊર્જા અને ગ્રીન સ્પેસ વિશે શીખવે છે.

અવરોધોનો સામનો કરી, સફળતા પ્રાપ્ત કરી

ડો. પ્રવીણનું કાર્ય તેમને ચિત્તૂર, કુર્નૂલ અને નેલ્લોરના ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં લઈ ગયું છે, જ્યાં આરોગ્યસંભાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લગભગ ના બરાબર છે. જોકે સંસાધનોની અછત તેને ક્યારેય અટકાવી શકી નથી, તેના બદલે, તેણે તેને નવીનતા માટે પ્રોત્સાહિત કર્યા. "આપણે સાધનસંપન્ન બનવું પડશે," તે કહે છે. "અહીં ગામડાઓમાં, અમારી પાસે ફેન્સી સાધનો નથી, પરંતુ અમારી પાસે અમારા હાથ, જ્ઞાન અને મદદ કરવાની ઇચ્છા છે."

ગ્રામીણ સમુદાયોમાં, ડો. પ્રવીણ સામાન્ય ચેપથી લઈને જટિલ ક્રોનિક રોગો સુધીની વ્યાપક શ્રેણીની બીમારીઓની સારવાર કરે છે. તે આરોગ્ય પરિણામોને સુધારવા માટે જાહેર આરોગ્ય પહેલનું પણ નેતૃત્વ કરે છે. ખાસ કરીને, એનિમિયા નિવારણમાં તેમના કાર્યએ અસંખ્ય જીવન બચાવ્યા છે. બટ્ટમદોદ્દી ગામના એક ૪૦ વર્ષીય દર્દી, સરોજમા યાદ કહે છે, હું એક વર્ષથી મારા સ્વાસ્થ્ય માટે પરેશાન હતી. કોઈને ખબર જ ન હતી કે મને શું થઈ રહ્યું છે. ડો. પ્રવીણ એકવાર અમારા ગામની મુલાકાતે આવ્યા અને મને એનિમિયા હોવાનું નિદાન કર્યું. મેં તેની સારવારને અનુસરી, અને થોડા અઠવાડિયામાં, હું સ્વસ્થ થવા લાગી. મારું હિમોગ્લોબિન લેવલ શરૂઆતમાં ૮ ની આસપાસ હતું, જે હવે વધીને ૧૦.૫ થઈ ગયું છે.

જોકે જીવનમાં દરેક વ્યક્તિએ પડકારનો સામનો કરવો પડે છે, તેમાં ડોક્ટરો પણ બાધ નથી. સૌથી નોંધપાત્ર પડકાર, ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં, ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ, ભાષા અવરોધો અને સાંસ્કૃતિક તફાવતો છે. "કેટલીકવાર, વાતચીત કરવામાં મુશ્કેલી થાય છે. ઘણી વાર લોકો અમારા પર વિશ્વાસ કરતા નથી કારણ કે તેઓ પરંપરાગત પ્રથાઓ માટે ટેવાયેલા છે. પરંતુ અમે ધીરજ, આદર અને પરિણામો બતાવીને આ અવરોધોને તોડીએ છીએ," તે શેર કરે છે.

શરૂઆતમાં, આદિવાસી ગામડાઓમાં સૌથી મોટો પડકાર લોકો સુધી પહોંચવાનો હતો. ધીરે ધીરે, મેં સ્થાનિક નેતાઓ, ગામના પ્રમુખો અને અધિકારીઓ સાથે જોડાવાનું શરૂ કર્યું. મેં તેમને તેમના સમુદાયોમાં જાગૃતિ અભિયાનોને સમર્થન આપવા માટે સહમત કર્યા. અમે કિશોરવયની છોકરીઓ અને સગર્ભા સ્ત્રીઓને એનિમિયા વિશે શિક્ષિત કરવા માટે, ફોટા અને વીડિયોનો ઉપયોગ કર્યો, જેથી તેઓ સમસ્યાને વધુ સારી રીતે સમજી શકે ડોક્ટર કહે છે. અમે સ્વચ્છતા પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું. અમારા એનજીઓ દ્વારા બનાવવામાં આવેલા વીડિયો દ્વારા અમે લોકોને હાથ ધોવાનું અને સ્વચ્છ રહેવાનું મહત્ત્વ શીખવ્યું. આ બધું આરોગ્ય શિક્ષણને સુલભ અને રસપ્રદ બનાવવા વિશે હતું અને અમે આ કાર્યક્રમો સફળતાપૂર્વક અમલમાં મૂકી શક્યા, ડો પ્રવીણ સમજાવે છે.

ડોક્ટર પ્રવીણનું તેમના દર્દીઓ સાથેનું બંધન અંગત અને ગહન છે. લડીગામ ગામના એક યુવાન વિજય તેનો સૌથી યાદગાર અનુભવ વિશે વાત કરતા કહે છે કે "મારા પિતા એક વર્ષથી ક્ષય રોગથી પીડાતા હતા. તેમની શું સારવાર કરવી એ વિશે અમને કંઈ જાણ ન હતી. ડો પ્રવીણ અમારા ગામમાં આવ્યા, તેમનું નિદાન કર્યું અને સારવાર શરૂ કરી. હવે મારા પિતા સ્વસ્થ છે અને સામાન્ય જીવન જીવે છે."

ડોક્ટર માટે, આ સફળતાની ગાથાઓ જ તેમને આગળ ધપાવે છે. અમે જે કામ કરીએ છીએ તે રોગોની સારવાર કરતાં ઘણું વધારે છે. આ એવું વાતાવરણ બનાવવા વિશે છે જ્યાં લોકો વિકાસ કરી શકે. સ્વસ્થ શરીરને સ્વસ્થ વાતાવરણની જરૂર હોય છે.

આરોગ્યસંભાળ અને સામાજિક કલ્યાણ પ્રત્યે ડો. પ્રવીણની પ્રતિબદ્ધતાએ ઘણાનું ધ્યાન ખેંચ્યું છે. ૨૦૧૬ માં તેમને ગ્રામીણ સ્વાસ્થ્યમાં તેમના યોગદાન માટે નવી દિલ્હીમાં આંબેડકર રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. તાજેતરમાં, ૨૦૨૪ માં, આરોગ્ય અને પર્યાવરણ સંરક્ષણમાં તેમના કાર્ય માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી તરફથી પ્રશંસા પત્ર મળ્યો હતો.

તેમના તબીબી કાર્ય અને એનજીઓ ઉપરાંત, ડો પ્રવીણ એક કુશળ લેખક પણ છે. તેમનાં પુસ્તકો, ખાસ કરીને 'મહા સ્વાથત્રયમે', સાહિત્ય જગતમાં પ્રભાવ પાડ્યો છે, તેમની ઘણી રચનાઓ પર્યાવરણીય મુદ્દાઓ પર કેન્દ્રિત છે. "મને લાગે છે કે લેખન મને વિશાળ પ્રેક્ષકો સુધી પહોંચવામાં મદદ કરશે અને મોટા પાયે પરિવર્તનને પ્રેરણા આપશે," તે કહે છે.

"હું નાનાં પગલાઓની શક્તિમાં વિશ્વાસ કરું છું, પછી ભલે તે દર્દીની સારવાર હોય, વૃક્ષ રોપવું હોય અથવા પુસ્તક લખવું હોય. હું જાણું છું કે આ નાની ક્રિયાઓ સાથે મળીને, એક સારી દુનિયા બનાવી શકે છે." જેમ જેમ ડો. પ્રવીણ આગળ જશે, રસ્તો કદાચ પડકારજનક હશે, પરંતુ તેમના સંકલ્પ પહેલા કરતાં વધુ મજબૂત હશે અને જેમના જીવનને તેણે સ્પર્શ કર્યા છે, તેમના માટે તેમનો સેવાનો વારસો આવનારી પેઢીઓ માટે પ્રેરણા આપતો રહેશે. ■

# રિષભ પંતે ઑસ્ટ્રેલિયામાં રોહિતનો કયો વિક્રમ તોડી નાખ્યો?

સિડનીઃ વિકેટકીપર રિષભ પંત આજે ઑસ્ટ્રેલિયા સામેની છેલ્લી ટેસ્ટના પ્રથમ દિવસે પોતાના ૪૦ રનના સ્કોર પર આઉટ થઈ ગયો હતો, પરંતુ એમાં તેણે જે એકમાત્ર સિક્સર ફટકારી હતી એની મદદથી તે રોહિત શર્માને પાછળ રાખી શક્યો હતો. એ સાથે, પંતે ઑસ્ટ્રેલિયામાં ભારતીય વિક્રમ નોંધાવ્યો હતો.



ઑસ્ટ્રેલિયામાં પંતની ટેસ્ટ ક્રિકેટમાં આ કુલ ૧૧મી સિક્સર હતી. તેણે રોહિત શર્માનો વિક્રમ તોડ્યો છે. રોહિત હાલમાં તો ફ્લૉપ છે, પણ આજ પહેલાં ઑસ્ટ્રેલિયામાં રમી ચૂકેલા ભારતીય ટેસ્ટ બૅટર્સમાં તેની ૧૦ સિક્સર સૌથી વધુ હતી.

રિષભે આજે ૧૧મી સિક્સર ફટકારીને રોહિતને બીજા નંબર પર મોકલી દીધો હતો. અન્ય ભારતીયોની વાત કરીએ તો આ સિરીઝમાં જ નવા આવેલા બૅટર નીતિશ કુમાર રેડ્ડીની આઠ તેમ જ નિવૃત્ત બૅટર વીરેન્દર સેહવાગની આઠ સિક્સર છે. સચિન તેન્ડુલકરે ઑસ્ટ્રેલિયામાં કુલ સાત છગ્ગા ફટકાર્યા હતા. પંત આજે ઑસ્ટ્રેલિયામાં પાંચ પ્રકારની ઈજા થવા છતાં રમતો રહ્યો હતો. તેણે હિંમતથી ઑસ્ટ્રેલિયન બોલર્સનો સામનો કર્યો હતો. ■

# ફાઇટર રિષભ પંત પચાસ મિનિટમાં પાંચ વખત ઈજા થઈ છતાં રમતો રહ્યો!

સિડનીઃ અહીં ઑસ્ટ્રેલિયા સામેની છેલ્લી ટેસ્ટના પ્રથમ દાવમાં ગઈ કાલના પહેલા દિવસે ભારતની ૭૨ રનમાં ચાર વિકેટ પડ્યા બાદ રવીન્દ્ર જાડેજા સાથેની જોડીમાં ટીમ ઇન્ડિયાને મુસીબતમાંથી ઊગારી લેવાની જવાબદારી સમજીને બૅટિંગ કરી રહેલા વિકેટકીપર રિષભ પંતને ઑસ્ટ્રેલિયન બોલર્સે વારંવાર નિશાન બનાવ્યો હતો. લંચ બાદ કુલ ૫૦ મિનિટ દરમ્યાન પંતને પાંચ વખત ઈજા થઈ હતી.



પંતને પહેલાં ડાબા હાથ પર કોણીથી ઉપરના ભાગમાં બોલર મિચલ સ્ટાર્કનો ફાસ્ટ બૉલ વાગ્યો હતો જેને લીધે હાથ પર એ જગ્યાએ ખૂબ લોહી જામી ગયું હતું. તેણે ટીમ ફિઝિયોની મદદ લેવી પડી હતી જેમણે દોડી આવીને તેના હાથ પર થોડો મસાજ આપ્યા બાદ જ્યાં ઘા હતો એ ભાગ પર પટ્ટો બાંધ્યો હતો. પંતને થોડી વાર બાદ એ જ ભાગ પર ફરી બૉલ વાગ્યો હતો.

થોડા સમય બાદ સ્ટાર્કનો જ એક બૉલ પંતની હેલ્મેટની ગ્રિલ પર અથડાયો હતો જેમાં પંતને માથા પર જોરદાર ઝટકો લાગ્યો હતો. તેણે તરત જ હેલ્મેટ કાઢી નાખી હતી. બોલર સ્ટાર્ક તેની ખબર પૂછવા તરત તેની પાસે આવી ગયો હતો. જાડેજા પણ પંત પાસે આવી ગયો હતો.

હેલ્મેટ પરના ઝટકા બાદ પંતને પેટમાં બૉલ વાગ્યો હતો. દુખાવાને લીધે તે પિચની બહાર જતો રહ્યો હતો અને થોડી જ ક્ષણો બાદ પાછો રમવા આવી ગયો હતો. પેટમાં ફરી એક વાર તેને બૉલ વાગ્યો હતો, પરંતુ લડાયક વૃત્તિનો પંત રમતો રહ્યો હતો.

સ્ટાર્ક ઉપરાંત સ્કૉટ બૉલેન્ડ તેમ જ પૅટ કમિન્સના હુમલાઓનો પણ ફાઇટર પંતે હિંમતથી સામનો કર્યો હતો.

થોડી મિનિટો બાદ (ટી-ટાઈમ પહેલાં) પંતને ગુપ્તાંગ પર બૉલ વાગ્યો હતો.

ટી-ટાઈમમાંથી પાછા રમવા આવેલા પંત પર ઑસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર્સનો આતંક ચાલુ જ હતો જેમાં એક બૉલ તેને સાથળ પર વાગ્યો હતો.

છેવટે ૯૮ બૉલમાં એક સિક્સર અને ત્રણ ફોરની મદદથી બનાવેલા ૪૦ રનના પોતાના સ્કોર પર પંત આઉટ થયો હતો. બૉલેન્ડના બૉલમાં તે મિડ-ઑન પર કમિન્સને આસાન કૅચ આપી બેઠો હતો. જાડેજા સાથે પાંચમી વિકેટ માટે પંતે ૪૮ રનની ભાગીદારી કરી હતી.

એ પછીના જ બૉલ પર નીતીશ રેડ્ડી પણ કૅચઆઉટ થયો હતો. એ બન્નેની વિકેટ વખતે ભારતનો સ્કોર ૧૨૦ રન હતો. એ તબક્કે ભારતની છમાંથી ચાર વિકેટ બૉલેન્ડે લીધી હતી. ■

# વિરાટ ફરી ભૂલ કરી બેઠો અને અનુષ્કા થઈ નિરાશ

## બ્રિટિશ અમ્પાયર કહે છે, 'અગિયારમા સ્ટમ્પ પર પડેલા બૉલને તમે અડવા જાઓ તો શું થાય!'

સિડનીઃ બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં અહીં નિર્ણાયક ટેસ્ટમાં ગઈ કાલે પ્રથમ દિવસે પીઢ ખેલાડી વિરાટ કોહલીએ પહેલી ટેસ્ટમાં જે ભૂલ કરી હતી એ તેણે આ અંતિમ ટેસ્ટમાં પણ કરી. તે આ સિરીઝમાં કુલ આઠમાંથી સાત વાર ઑફ સ્ટમ્પની બહારના બૉલને છેડવા જતાં વિકેટ ગુમાવી બેઠો છે. તેની વિકેટ પડતાં જ એક્ટ્રેસ-પત્ની અનુષ્કા સ્તબ્ધ થઈ ગઈ હતી અને એનો ફોટો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો.

વિરાટ ૬૯ બૉલ રમ્યો હતો જેમાં તેની એકેય ફોર કે સિક્સર નહોતી અને તે મહા મહેનતે ૧૭ રન બનાવ્યા બાદ આ રીતે આઉટ થઈ ગયો હતો.

પેસ બોલર સ્કૉટ બૉલેન્ડના ખૂબ બહારના બૉલમાં કટ મારવા જતાં તે ત્રીજી સ્લિપમાં કૅચ આપી બેઠો હતો. ૩૧ વર્ષની ઉંમરના નવા ઑલરાઉન્ડર બ્યૂ વેબસ્ટરે તેનો ડાઇવિંગ કૅચ પકડ્યો હતો.

વિરાટ બૅટિંગમાં આવ્યો ત્યારે ભારતનો સ્કોર ૧૭/૨ હતો. રોહિત શર્મા વિવાદાસ્પદ સ્થિતિમાં આ મૅચમાં ન રમ્યો હોવાથી (કેપ્ટન જસપ્રીત બુમરાહે બૅટિંગ લીધા બાદ) કેએલ રાહુલે યશસ્વી જયસ્વાલ સાથે દાવની શરૂઆત કરી હતી, પરંતુ તેઓ સસ્તામાં વિકેટ ગુમાવી બેઠા હોવાથી વિરાટ પર બહુ મોટી જવાબદારી હતી. વીઆઈપી સ્ટેન્ડમાં બેઠેલી પત્ની અનુષ્કા તેના પ્રત્યેક શૉટને તાળીથી વધાવી લેતી હતી.



વિરાટને ઑસ્ટ્રેલિયન બોલર્સ વારંવાર ઑફ સ્ટમ્પની બહારનો બૉલ ફેંકી રહ્યા હતા એટલે અનુષ્કા ચિંતિત લગતી હતી. એવા જ એક લાલચભર્યા બૉલમાં વિરાટ કૅચઆઉટ થતા રહી ગયો હતો. સ્ટીવ સ્મિથથી બૉલ જરાક જમીનને અડી જતાં વિરાટ બચી ગયો હતો. જોકે પોતાના ૬૯મા બૉલમાં વિરાટ ફરી વાર ઑફ સ્ટમ્પની બહારના બૉલને અડવા જતાં આઉટ થયો અને અનુષ્કા એકદમ હતાશ થઈ ગઈ હતી. વિરાટની વિકેટ પડતાં જ કૅમેરા તરત જ અનુષ્કા પર તાકવામાં આવ્યો જેમાં તેની હતાશા દેખાઈ હતી. ફરી એ જ ભૂલ કરી હોવાથી તેને પતિદેવ પર થોડો ગુસ્સો આવ્યો હોય એવો ભાવ પણ અનુષ્કાના ચહેરા પર દેખાતો હતો.

અહીં યાદ અપાવવાની કે થોડા વર્ષો પહેલાં અનુષ્કા જ્યારે વિરાટની ગર્લફ્રેન્ડ હતી અને સ્ટેડિયમમાં તેની હાજરી વચ્ચે વિરાટ સસ્તામાં આઉટ થતો ત્યારે મીડિયામાં ઘણા લોકો અનુષ્કાને પનોતી માનતા હતા. જોકે ત્યાર બાદ અનુષ્કા સાથેના મધુર લગ્નજીવન દરમ્યાન જ વિરાટે શાનદાર કરીઅર માણી છે. હા, ટી-૨૦ પછી હવે ટેસ્ટમાં પણ વિરાટની કારકિર્દીનો અંત નજીક જણાય છે.

દરમ્યાન, મીડિયામાં વિરાટ પર ક્રિકેટપ્રેમીઓના રોષ વચ્ચે ઇંગ્લૅન્ડના જાણીતા અમ્પાયર રિચર્ડ કેટલબરોએ એક્સ' પર જે ઇમેજિંગ ફોટો સાથેની પોસ્ટ શૅર કરી એનો ભાવાર્થ એ હતો કે વિરાટે છેક અગિયારમા સ્ટમ્પ પર પડેલા બૉલને છેડવા જતાં વિકેટ ગુમાવી દીધી. કેટલબરોએ એવું પણ લખ્યું કે આ શ્રેણીમાં વિરાટે આઠમાંથી સાત વાર ઑફ સ્ટમ્પની બહારના બૉલમાં વિકેટ ગુમાવી છે. ■

# લિસ્ટ-એ મૅચોમાં કરુણ નાયરનો વર્લ્ડ રેકૉર્ડ

વિઝિયાનગરમ આંધ્ર પ્રદેશઃ ભારત વતી ટેસ્ટમાં એક સેન્ચુરી (...અને એ પણ ટ્રિપલ સેન્ચુરી) ફટકારી ચૂકેલા કરુણ નાયરે ગઈકાલે વિજય હઝારે ટ્રોફી વન-ડે સ્પર્ધામાં નવો વિશ્વ વિક્રમ રચ્યો હતો. ડોમેસ્ટિક ક્રિકેટની વન-ડે એટલે લિસ્ટ-એ ક્રિકેટની મૅચોમાં તે આઉટ થયા વગર સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યો છે. તેણે આ ફૉર્મેટની મૅચોમાં વિકેટ ગુમાવ્યા વગર કુલ ૫૪૨ રન બનાવ્યા છે અને એ રીતે તેણે ન્યૂ ઝીલૅન્ડના બૅટર જેમ્સ ફ્રેન્કલિનનો ૨૦૧૦ની સાલનો ૫૨૭ રનનો વર્લ્ડ રેકૉર્ડ તોડી નાખ્યો હતો. ગઈકાલે અહીં વિદર્ભ વતી રમતી વખતે તેણે ઉત્તર પ્રદેશ સામે ૧૦૧ બૉલમાં ૧૧૨ રન બનાવ્યા હતા. વિદર્ભએ ૩૦૮ રનના લક્ષ્યાંક સામે ૪૭.૨ ઓવરમાં બે વિકેટે ૩૧૩ રન બનાવીને વિજય મેળવી લીધો હતો. ઉત્તર પ્રદેશના ૩૦૭/૮ના સ્કોરમાં સમીર રિઝવીના ૧૦૫ રન સામેલ હતા. વિજય હઝારેની ગઈકાલની અન્ય મૅચોમાં મુંબઈએ કૅપ્ટન શ્રેયસ ઐયરની સદી (૧૩૭ અણનમ)ની મદદથી નવ વિકેટે ૨૯૦નો સ્કોર નોંધાવ્યા બાદ પોંડિચેરીને ૧૨૭ રનમાં ઑલઆઉટ કરી નાખ્યું હતું અને ૧૬૩ રનથી વિજય મેળવ્યો હતો. જયપુરમાં ગુજરાતના અક્ષર પટેલની ત્રણ વિકેટ, બિશ્નોઈની બે અને અર્ઝાન નાગવાસવાલાની બે વિકેટને પગલે ગોવાની ટીમ ૧૧૭ રન પર આઉટ થઈ ગયા બાદ ગુજરાતે ઉર્વિલ પટેલના ૬૧ રનની મદદથી ૧૬.૫ ઓવરમાં ચાર વિકેટે ૧૧૮ રન બનાવીને વિજય મેળવ્યો હતો. ■



**૨૦૨૪ના અર્જુન પુરસ્કાર વિજેતાં:**
(પહેલી રૉ, ડાબેથી જમણે) સ્વીટી બુરા (બૉક્સિંગ), સચિન સરજેરાવ ખિલારી (પૅરા-ઍથ્લેટિક્સ), અભિષેક (હૉકી), સલીમા ટેટે (હૉકી), સંજય (હૉકી), અજિત સિંહ યાદવ (પૅરા-ઍથ્લેટિક્સ), સરબજોત સિંહ (શૂટિંગ). (બીજી રૉ, ડાબેથી જમણે) મોના અગરવાલ (પૅરા-શૂટિંગ), રુબિના ફ્રાન્સિસ (પૅરા-શૂટિંગ), વંતિકા અગ્રવાલ (ચેસ), મનીષા રામદાસ (પૅરા-બૅડમિન્ટન), તુલસી મુરુગેશન (પૅરા-ઍથ્લેટિક્સ), કપિલ પરમાર (પૅરા-જુડો), દીપ્તિ જિવનજી (પૅરા-ઍથ્લેટિક્સ). (ત્રીજી રૉ, ડાબેથી જમણે) હૉકાટો સેમા (પૅરા-ઍથ્લેટિક્સ), પ્રણવ સૂરમા (પૅરા-ઍથ્લેટિક્સ), નિત્ય સુમતી સિવન (પૅરા-બૅડમિન્ટન), અભય સિંહ (સ્ક્વૉશ), જ્યોતિ યારાજી (ઍથ્લેટિક્સ), અન્નુ રાની (ઍથ્લેટિક્સ), જરમનપ્રીત સિંહ (હૉકી). (ચોથી રૉ-ડાબેથી જમણે) નવદીપ સિંહ (પૅરા-ઍથ્લેટિક્સ), નીતુ ઘંઘાસ (બૉક્સિંગ), સ્વપ્નિલ સુરેશ કુસાળે (શૂટિંગ), અમન સેહરાવત (રેસલિંગ), નીતેશ કુમાર (પૅરા-બૅડમિન્ટન), સાજન પ્રકાશ (સ્વિમિંગ) અને ધરમબીર (પૅરા-ઍથ્લેટિક્સ). (પીટીઆઇ) ■

# કમિન્સ, તારા નવલોહિયા ઓપનરને જરા સમજાવઃ ટૉમ મૂડી

## ટીનેજરે બુમરાહ સાથે દલીલો કરી એટલે ઑસ્ટ્રેલિયન ક્રિકેટરે કૅપ્ટન સહિતના ખેલાડીઓને આપી સલાહ

સિડનીઃ બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં ૧૯ વર્ષના નવા ઓપનિંગ બૅટર સૅમ કૉન્સ્ટૅસે ફરી એક વાર ભારતીય ટીમ સાથે પંગો લીધો અને વિવાદમાં આવી ગયો. મેલબર્ન ટેસ્ટમાં વિરાટ કોહલી સાથેની ટક્કર બાદ તેની સાથે બોલાચાલી પર ઊતરી ગયેલા કૉન્સ્ટૅસે ગઈ કાલે સિડનીની છેલ્લી ટેસ્ટના પ્રથમ દિવસે રમતની અંતિમ ક્ષણોમાં ભારતના કાર્યવાહક કૅપ્ટન જસપ્રીત બુમરાહ સાથે દલીલ કરી હતી જેને પગલે ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ક્રિકેટર અને જાણીતા કોચ ટૉમ મૂડીએ સોશિયલ મીડિયામાં ટીમના સુકાની પૅટ કમિન્સ તેમ જ પીઢ ખેલાડી સ્ટીવ સ્મિથને સલાહ આપવાના સૂરમાં જણાવ્યું હતું કે 'તમારે નવા ટીનેજ ઓપનર સૅમ કૉન્સ્ટૅસને થોડું માર્ગદર્શન આપવાની જરૂર છે.'




ગઈકાલે ઑસ્ટ્રેલિયાની પહેલી વિકેટ લીધા પછી નોટઆઉટ ઓપનર તરફ દોડી આવેલા ભારતીયો

ગઈ કાલની રમતની અંતિમ ઓવર બુમરાહે કરી હતી. બુમરાહ ઓપનિંગ બૅટર ઉસમાન ખ્વાજાને રમતનો આખરી બૉલ ફેંકવા માટે રન-અપ શરૂ કરવાની તૈયારીમાં જ હતો ત્યારે ખ્વાજાએ એ બૉલ રમવા માટે પોતે હજી તૈયાર નથી એવો સંકેત આપતાં બુમરાહે રન-અપ મોડો શરૂ કરવો પડ્યો હતો. ખ્વાજા ત્યારે જે વિલંબ કરી રહ્યો હતો ત્યારે નૉન-સ્ટ્રાઈકર એન્ડ પર ઊભેલા કૉન્સ્ટૅસે હાથ બતાવીને બુમરાહને રન-અપ પર રોક્યો હતો.

કૉન્સ્ટૅસની એ ખોટી દરમ્યાનગીરી સાંભળીને કૅપ્ટન બુમરાહ ગુસ્સે થયો હતો અને તેને કહ્યું, 'પ્રૉબ્લેમ શું છે.' એવું બોલીને બુમરાહ તેની નજીક જવા ગયો અને કૉન્સ્ટૅસ પણ પોતાના સ્થાન પરથી હટીને તેની તરફ આવી રહ્યો હતો ત્યારે અમ્પાયરે બન્નેને વિવાદ ન વધારવા કહ્યું હતું. અમ્પાયરે તરત જ મામલો ઠંડો પાડી દીધો હતો.

જોકે છેલ્લું અટ્ટહાસ્ય બુમરાહનું હતું, કારણકે પછીના જ બૉલમાં તેણે ફુલ-લેન્ગ્થ બૉલમાં ખ્વાજાને બીજી સ્લિપમાં રાહુલના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો.

બુમરાહે વિકેટ સેલિબ્રેટ કરવાને બદલે નજીકમાં ઊભેલા કૉન્સ્ટૅસ સામે ખુન્નસથી જોયું હતું અને પોતાની તાકાતનો પરચો કરાવી દીધો હોવાનો સ્પષ્ટ સંકેત આપ્યો હતો. માત્ર બુમરાહ નહીં, ભારતના બધા જ ફિલ્ડર કૉન્સ્ટૅસ તરફ દોડી આવ્યા હતા. ખાસ કરીને વિરાટ કોહલી એકદમ ઉત્સાહમાં આવીને સ્લિપમાંથી કૉન્સ્ટૅસ તરફ દોડી આવ્યો હતો અને પછી સાથીઓ જોડે વિકેટના સેલિબ્રેશનમાં જોડાયો હતો. ફાસ્ટ બોલર પ્રસિદ્ધ ક્રિષ્ના પણ કૉન્સ્ટૅસ તરફ હસી રહેલો જોવા મળ્યો હતો. ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન ક્રિકેટર ટૉમ મૂડીએ સોશિયલ મીડિયામાં પૅટ કમિન્સ અને સ્ટીવ સ્મિથને સંબોધીને લખ્યું હતું કે '(મેદાન પરના વર્તન બાબતમાં) કૉન્સ્ટૅસને થોડું માર્ગદર્શન આપજો. તેણે હજી ઘણું શીખવાનું બાકી છે. મને ખાતરી છે કે ડ્રેસિંગ-રૂમમાં બધા તેને તેનો આત્મવિશ્વાસ ઓછો ન થાય અને તેનો જોશ ઓછો ન થાય એ રીતે સમજાવશે.' ■

# રોહિત શર્મા ખુદ ટીમની બહાર થયો કે કરી દેવામાં આવ્યો?

## ડ્રેસિંગ-રૂમમાં પહેલાં થઈ જોરદાર ચર્ચા અને પછી 'ગંભીર ઍક્શન' લેવામાં આવ્યું!

સિડનીઃ આખરે જેની શંકા હતી એ થઈને જ રહ્યું. કેપ્ટન રોહિત શર્મા સિડનીની છેલ્લી ટેસ્ટમાં નહીં રમે કે પોતે જ આરામ કરશે એની થોડા દિવસથી ચર્ચા હતી અને છેક સુધી સત્તાવાર રીતે કંઈ જ બહાર નહોતું આવ્યું એટલે સસ્પેન્સ છેક સુધી જળવાઈ રહ્યું હતું. આજે સવારે (ભારતીય સમય મુજબ ૪.૩૦ વાગ્યે) જસપ્રીત બુમરાહ ટૉસ માટે આવ્યો અને ટીમની કમાન ફરી સંભાળી લીધી હોવાનું નક્કી થઈ ગયું એટલે સવાલ એ ઊભા થવા લાગ્યા કે શું રોહિતને પ્લેઇંગ-ઇલેવનની બહાર કરી દેવાયો? કે પછી ખુદ તે ટીમની બહાર થઈ ગયો? ભારતીય ટીમ મૅનેજમેન્ટ સાથેની સલાહ-મસલત પછી ટૉસ વખતે બુમરાહે મેદાન પર કહ્યું કે 'અમારા કૅપ્ટને પોતે જ આ ટેસ્ટની બહાર રહીને નેતૃત્વનો સુંદર પરિચય આપ્યો છે.'

બુમરાહના આ શબ્દો પરથી લાગે છે કે ટીમના ડ્રેસિંગ-રૂમમાં બધુ બરાબર છે. હેડ-કોચ ગૌતમ ગંભીરે પણ ગુરુવારે સાંજે કહ્યું હતું કે 'ડ્રેસિંગ-રૂમમાં તંગદિલી જેવું કંઈ જ નથી અને સ્થિતિ કાબૂમાં છે.' જોકે અહીં સવાલ એ ઊભો થાય છે કે રોહિતને ટીમમાંથી ડ્રૉપ નથી કરવામાં આવ્યો તો તે પોતાની મરજીથી પ્લેઇંગ-ઇલેવનની બહાર બેસી ગયો કે પછી તેને બહાર રહેવાનું આડકતરી રીતે દબાણ કરવામાં આવ્યું?



જે કંઈ હોય, પણ ડ્રેસિંગ-રૂમમાં બધુ ઠીક તો નહોતું જ. એક અહેવાલ મુજબ ગૌતમ ગંભીરે મેલબર્નમાં ચોથી ટેસ્ટની હાર પછી ખેલાડીઓને કહ્યું હતું કે 'બસ, બહુત હો ગયા. હું શાંત છું એનો અર્થ એવો નથી કે બધાએ મન ફાવે એ કરવાનું. બધા પોતપોતાની નૅચરલ ગેમના નામે ગમે એમ રમે છે અને પરિસ્થિતિને અનુરૂપ રમતા હોય એવું લાગતું નથી. ટીમ માટે જે પ્લાન બનાવ્યા હોય એ પ્રમાણે રમાતું હોય એવું દેખાતું જ નથી.'

કહેવાય છે કે રોહિત અને ગંભીર વચ્ચે થોડી કડવાશ છે. સસ્પેન્સની ચરમસીમા ત્યારે આવી જ્યારે ગુરુવારે (સિડની ટેસ્ટની પૂર્વસંધ્યાએ) પત્રકાર પરિષદમાં રોહિત શર્મા દેખાયો નહીં અને ગંભીરે પત્રકારોના અણિયાળા સવાલના જવાબ આપ્યા હતા.

સામાન્ય રીતે મૅચ પહેલાંની પ્રેસ કૉન્ફરન્સમાં ટીમનો કૅપ્ટન આવે અને પત્રકારોના સવાલના જવાબ આપે, પરંતુ રોહિત ન દેખાયો એટલે કેટલાક પત્રકારોએ આ વિશે પ્રશ્નો પૂછ્યા ત્યારે ગંભીરે કહ્યું, 'રોહિત મજામાં છે. મને નથી લાગતું કે આવી પરંપરા (મતલબ કે કૅપ્ટન જ પ્રેસ કૉન્ફરન્સમાં આવે એવું...) જેવું કંઈ છે. હેડ-કોચ તમારી સામે છે અને મને લાગે છે કે એટલું પૂરતું હોવું જોઈએ. ટીમ ઇન્ડિયા પરિવર્તનકાળમાંથી પસાર થઈ રહી છે અને ટીમમાં સ્થાન જમાવી રાખવા પર્ફોર્મન્સ જ એકમાત્ર માપદંડ છે.'

રોહિત પર્થની પ્રથમ ટેસ્ટમાં નહોતો રમ્યો અને ત્યાર પછીની ત્રણ ટેસ્ટમાં તેના પર્ફોર્મન્સ આ મુજબ હતાઃ ૩, ૬, ૧૦, ૩ અને ૯. રોહિત કૅપ્ટન હોવા છતાં ઑસ્ટ્રેલિયા જેવી મહત્ત્વની ટૂરમાં આવા ખરાબ પર્ફોર્મન્સને કારણે સિડનીની છેલ્લી ટેસ્ટમાં નહીં જોવા મળે એવું થોડા દિવસથી લાગતું જ હતું.

ગુરુવારે બપોરે એવો રિપોર્ટ આવ્યો હતો કે હેડ-કોચ ગૌતમ ગંભીર સિડનીમાં પિચના અવલોકન માટે બુમરાહને લઈને મેદાન પર ગયો હતો. જોકે થોડી વાર બાદ રોહિત પણ તેમની સાથે જોડાયો હતો, પરંતુ કૅપ્ટન રોહિત અને મુખ્ય કોચ ગંભીર વચ્ચે ભાગ્યે જ કોઈ ચર્ચા થઈ હતી. ■

# કૅપ્ટનને સિરીઝની અધવચ્ચે ક્યારેય ગુમાવાય જ નહીં: સિદ્ધુ

નવી દિલ્હીઃ રોહિત શર્માને ખરાબ ફૉર્મને કારણે સિડનીની છેલ્લી ટેસ્ટમાંથી 'આરામ' લેવાની ફરજ પાડવામાં આવી હોવાના અહેવાલ વચ્ચે ભૂતપૂર્વ ભારતીય બૅટર નવજોત સિંહે 'એક્સ' પર જણાવ્યું હતું કે 'ક્યારેય પણ કોઈ સિરીઝની અધવચ્ચે ટીમમાંથી પડતો ન મુકાય અને પોતાને ટીમની બહાર થવાની તેને ફરજ પણ ન પડાય.' સિદ્ધુના મતે આવું કરવાથી યુવા વર્ગમાં અને આવનારી પેઢીના ક્રિકેટર્સમાં ખોટો મૅસેજ જાય. રોહિતના વર્તમાન સિરીઝમાં કુલ ૩૧ રન છે. તેની ગેરહાજરીમાં જસપ્રીત બુમરાહને સુકાન સોંપાયું છે. બુમરાહના સુકાનમાં પર્થની પહેલી ટેસ્ટમાં ભારત ૨૯૫ રનથી જીત્યું હતું. રોહિતે ૨૦૧૩માં કરીઅરની પહેલી બે ટેસ્ટ ઇનિંગ્સમાં સેન્ચુરી પટકારી હતી. સિદ્ધુના મતે 'કૅપ્ટનને ટીમ મૅનેજમેન્ટ તરફથી માન-સન્માન મળવું જોઈએ. શું માર્ક ટેલર કે મોહમ્મદ અઝહરુદ્દીનને એક વર્ષ સુધી ખરાબ ફૉર્મમાં હોવા છતાં તેમને ટીમમાંથી ડ્રૉપ થતા જોયા હતા કોઈએ?' ■

# બુમરાહે ખ્વાજાને આઉટ કરીને જાડેજાના ભારતીય વિક્રમની બરાબરી કરી

સિડનીઃ ઑસ્ટ્રેલિયા સામેની બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં ભારત ભલે ૧-૨થી પાછળ છે અને ભારતના ટૉપ-ઑર્ડરના બૅટર્સ ભલે ફ્લૉપ રહ્યા, પરંતુ માત્ર એક ભારતીય ખેલાડી એવો છે જેણે શરૂઆતથી આ શ્રેણીમાં સતત સારું પર્ફોર્મ કર્યું છે અને ગઈ કાલે અંતિમ ટેસ્ટના પ્રથમ દિવસે પણ એનું રહી-રહીને પુનરાવર્તન કર્યું. પહેલા દિવસનો જે બૉલ અંતિમ બન્યો એમાં તેણે ઑસ્ટ્રેલિયન ઓપનર ઉસમાન ખ્વાજાની વિકેટ લીધી હતી જે બુમરાહ માટે નવી સિદ્ધિ સમાન હતી અને એ સાથે તેણે સ્પિનર રવીન્દ્ર જાડેજાના આઠ વર્ષ જૂના ભારતીય વિક્રમની બરાબરી કરી હતી.



ગઈકાલે મેચની છેલ્લી પળોમાં થયેલા ઝઘડા દરમિયાન બુમરાહ અને ઑસ્ટ્રેલિયન ઓપનર સેમને છોડાવી રહેલા અમ્પાયર

ખ્વાજા એ સિરીઝમાં છઠ્ઠી વાર બુમરાહનો શિકાર થયો. એક જ શ્રેણીમાં સૌથી વધુ હરીફ બૅટરને આઉટ કરવાની સિદ્ધિ આ પહેલાં જાડેજાના નામે હતી જેણે ૨૦૧૬માં ઇંગ્લૅન્ડ સામેની સિરીઝમાં ઍલિસ્ટર કૂકને છ વાર પૅવિલિયન ભેગો કર્યો હતો.

આઠ વર્ષે બુમરાહે જાડેજાના એ ભારતીય રેકૉર્ડની બરાબરી કરી છે.

વર્તમાન સિરીઝમાં બુમરાહ અને ખ્વાજાનો આઠ વાર મુકાબલો થયો છે જેમાં ખ્વાજાએ બુમરાહના કુલ ૧૧૨ બૉલમાં ફક્ત ૩૩ રન બનાવ્યા છે અને છ વાર બુમરાહે તેને આઉટ કર્યો છે.

બુમરાહ સામે ખ્વાજાની માત્ર ૫.૫૦ની ખૂબ જ ખરાબ બૅટિંગ-ઍવરેજ છે. શ્રેણીમાં હજી એક વાર તેઓ બન્ને સામસામે આવવાના બાકી છે.

જો એમાં પણ બુમરાહ તેને આઉટ કરવામાં સફળ થશે તો એક સિરીઝમાં એક જ હરીફ બૅટરની વિકેટ લેવાની બાબતમાં નવો વિક્રમ બન્યો કહેવાશે.

આ મૅચના પ્રારંભિક દિવસે ભારતીય ટીમ ટૉસ જીત્યા બાદ ૧૮૫ રન બનાવી શકી હતી જેના જવાબમાં ઑસ્ટ્રેલિયાએ નવ રનમાં ઓપનર ઉસમાન ખ્વાજાની વિકેટ ગુમાવી હતી. શનિવારે ભારતીય ટીમ યજમાન ટીમને બને એટલા ઓછા સ્કોરમાં આઉટ કરવાનો પ્રયાસ કરશે કે જેથી બને એટલી વધુ સરસાઈ લઈને બીજા દાવમાં તેમના પર પ્રભુત્વ જમાવી શકાય. શનિવારના બીજા દિવસની રમત પર આ મૅચના પરિણામનો આધાર રહેશે. ■

# ક્લાસિફાઈડ

## ૧૮. જગ્યા જોઈએ છે

**જુના ભાડાની ભાડુઆતવાળી** જગ્યા મુંબઈ તથા પશ્ચિમ ઉપનગરમાં વેચાણથી જોઈએ છે. 9320279802. (એસડીબી-૨૩૫૬)

**KANDIVALI (WEST)**
Required One Bedroom, Hall, Kitchen Flat on Out Right basis. Contact: 91369 69623. (SK-2319-B)

**FLAT WANTED between Nana Chowk & Churchgate**
Genuine Parsee buyer interested in purchasing a 3 BHK ownership flat with a lift and one car park. Preference for quiet surroundings and natural greenery. WhatsApp only. 93233 03811
(SA-2616-A)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)

**BHIWANDI INVESTMENT**
Prime Location, Highway Touch, Pre-Leased, Jumbo Warehouse with 8% ROI for Sale. Owner - 9321690977. Brokers Welcome. (15451/A)

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ-વેસ્ટ)**
એમ. જી. રોડ, 90' રોડ, રાજાવાડી ઓફિસ ભાડે/ વેચાણથી આપવાની છે. ''કરણ નિતીન દવે'' 7738741851. (૧૫૨૮૯-એ)

**Juhu Scheme ભાડેથી**
Shop 240' carpet વૈશાલી શોપિંગ, આપવાની છે. યશ મહેતાઃ 9833766747. (૧૫૪૨૭/એ)

## ૨૦. ધંધાદારી જગ્યા

**ગોદામો / દુકાનો / ઓફિસો**
મસ્જિદબંદર સેમ્યુઅલસ્ટ્રીટ, નાની મોટી જગ્યાઓ, લેવા/વેચવા ઓનરશીપ/ભાડેથી, રેડીકબ્જો સંપર્ક મહેશ શાહઃ 9820253026 / 23422261. (એસડીબી-૨૩૪૬)

**બોરીવલીમાં**
ઓફિસ ભાડે 680'- L.T. Road, Frien's Business Bay. માલાબાર જ્વેલર્સને ઉપર બોરીવલી (W) નવું બિલ્ડિંગ, પાર્કિંગ સાથે, 5 લિફ્ટ, સંપર્કઃ કમલેશ-9223244209. (એસડીબી-૨૩૪૧)

**દુકાન- ચકલા સ્ટ્રીટ**
એરિયા 750, રોડટચ, હોઝયરી, ક્રોકરી, પરફ્યુમ બોટલ, રેડીમેડને ખાસ લાયક લેવા વેચાણથી/ ભાડેથી, રેડીકબ્જો સંપર્ક મહેશ શાહઃ 9820253026 / 23422261. (એસડીબી-૨૩૪૭)

■ **કાલબાદેવી રોડ પર શોરૂમ ટચીંગ મેઈન રોડ, મેટ્રો સિનેમાથી ૩જું બીલ્ડીંગ ગ્રાઉન્ડ ૫૦૦ + મેઝનીંગ ઊંચાઈ ૭ ફૂટ ૬૫૦ ચો. ફુટ બે બાથરૂમ્સ, કારપેટ ૧૧૫૦, ૨૪ કલાક પાણી, વેચાણ માટે ૯૮૨૦૦ ૮૧૬૬૮. (એસડીબી-૨૩૩૬)**

**COMMERCIAL OFFICE**
કાંદીવલી વેસ્ટ, સ્ટેશન પાસે 58 લાખ+ રેડી બંધાતામાં, 200'-5000' ઓફિસે વેચાણથી લેવા (no brokerage) 7498921336. (જેપી-૪૯૬૩-બી)

**મલાડ ઇસ્ટમાં ઓફિસ ભાડેથી**
ઓમકાર સીગનેટ, કુરાર મેટ્રો સ્ટેશનની બાજુમાં, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે.
**૨૨૦ કાર્પેટ ફૂલી ફર્નિશ્ડ ઓફિસ.**
(સેલ્ફ કન્ટેન્ટ, કાર પાર્કિંગ)
(૭૦, ૦૦૦/- Negoitable. ડિપોઝિટ ૨.૫૦ લાખ)
**98203 25375**
(બી-૧૫૩૪૨)

**જુહુસ્કીમ મેઈન રોડ**
કોમર્શીઅલ ઓફીસ, પહેલે માળે, ૧૪૫૦' યુઝેબલ કારપેટ વેચાણથી. જયંત ભાલરીયાઃ ૯૩૨૩૨૭૩૦૪૮. (૧૫૪૪૬-સી)

**ઘાટકોપર ઈસ્ટ વેચાણથી**
રમાબાઈનગર ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેથી નજીક ૧૪૦૦ કારપેટ પ્રકાસ 9869526625. (૧૫૪૪૫-એ)

## ૨૦. ધંધાદારી જગ્યા

**દસ હજાર**
ભાડેથી નાની દુકાન મથુરાદાસ રોડ કાંદિવલી (વેસ્ટ) અન્ય પ્રપોઝલ લેવા-આપવા. 9082825482. (બી-૧૫૩૫૧)

**ઘાટકોપર (ઈસ્ટ)**
નવા બિલ્ડીંગમાં OC સાથે શુભમ એવન્યુમાં ઓફિસો 225' થી 440', પાર્કિંગ, વેચાણથી /ભાડેથી. કૌશલ કાંતિલાલ મહેતા - 9323871933. (૧૫૪૫૨-ઈ)

**પાર્લા (ઈસ્ટ) સ્ટેશન પાસે**
**પ્રાઈમ લોકેશનમાં 277' થી 1032' સ્કે. ફીટની કમર્શીયલ શૉપ સેલ્ફકન્ટેન્ડ વેચાણથી 9769605225. (૧૫૪૫૫/સી)**

**વિદ્યાવિહાર (ઈસ્ટ)**
**સ્ટેશન પાસે, સેલ્ફકન્ટેન દુકાનો/ શોપ્સ, રેડી પઝેશન વેચાણથી. ''જયંત કતિરા'' - 8976800000. (૧૫૪૫૮/એ)**

**કાંદિવલી (વેસ્ટ)**
**ગર્વમેન્ટ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં, ગ્રાઉન્ડ ફ્લોરમાં, 2500' થી 3500' જગ્યા જોઈએ છે. 8879181869. (૧૫૪૫૬/એ)**

**પ્રાર્થનાસમાજ કોર્નર**
ગ્રાઉન્ડ ફ્લોર ઓફિસ ૨૨૦' કાર્પેટ + પાર્કિંગ ઓનરશીપ, રેડી કબજો. 9820034317. (૧૫૪૫૪/એ)

**"PRITHVI"**
**Offers on O/R Shop abt 463 Carpet, Ground Floor, in Kalbadevi's Utensils Market Near Surti Hotel. 9820149838 / 9869070183. (JP-4962-A)**

**RENTED PREMISES**
**Required Rented Premises for Reputed Ayurvedic Panchkarma Centre. Location Borivali (W) / Goregaon (W) (Elite Locality, Main Road with High Computer Traffic) area 900 - 1200 sq. feet. Ground / First Floor, Front Facing Commercial Property with Lift / Permission for 4 Bathroom (If not built), 1-2 Parking Spaces and Allowance for Hoarding / Display Board. Property Owner / Broker Welcome. Contact: 8291967915. (15421-A)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**LOWER PAREL**
1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2340)

## ૨૩. મનોરંજન

**''બજેટ મુજબ''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૪૪૩-એ)

## ૨૭. ઔષધ ઉપચાર

**''મલાડથી વિરાર સુધી''**
**૨૦ વર્ષથી સેવા આપતી સંસ્થા શ્રી વર્ધમાન જૈન સેવા કેન્દ્ર કાંદીવલી (ઈસ્ટ) સંસ્થા વિશાળ સંખ્યામાં મેમ્બર ધરાવે છે. ડોકટર્સ, હોસ્પિટલ, પેથોલોજીકેલ લેબ, રેડીયોલોજી ટેસ્ટ, ડિપાર્ટમેન્ટ સ્ટોર, દુકાન, હોટલ સમાજને જીનીયુન ડિસ્કાઉન્ટ આપવાની ઈચ્છા હોય તો સંસ્થાનો સંપર્ક કરવો. સર્વજ્ઞાતિના પરીવારને મેમ્બર બનવા હાર્દિક આમંત્રણ, સભ્ય ફી નથી. સંસ્થાની માહિતી માટે ફક્ત રૂ. ૬૦ વર્ધમાન જયોત મેગેઝીનના એક વર્ષના લવાજમ ભરવાના રહેશે અને મેમ્બરશિપ કાર્ડ બનાવવાનો હોય જેથી તે કાર્ડ પર ટાઈપ કરેલી જગ્યાથી ડિસ્કાઉન્ટ મેળવી શકાય. સંસ્થાનો સંપર્ક કરવાની જરૂર નથી. ગ્રુપના હિસાબે સારી સેવા મળી રહે છે. મલાડથી વિરાર સેવા આપવા માટે કાર્યકર્તા આવકાર્ય છે. સંપર્કઃ 9773999855, 9867995060. (૧૫૪૫૦/બી)**

## ૩૧. નાણાંકીય

**એકાઉન્ટન્ટસ**
એકાઉન્ટસ, ઈન્કમટેક્ષ રિટર્ન, GST રિટર્ન, ટિડીએસ રિટર્ન વ્યાજબી દરે તમારે ત્યાં કરી આપીશું-7507797315 /7977866201. (બી-૧૫૧૮૫)

■ 4 મહિનામાં રોકાણ કરીને 5,00,000/- લાખની સામે 7,50,000/- મેળવો. 9167841236. (જેપી-૪૯૬૨-ડી)

## ૩૨. જમીન-મિલકત

**PALGHAR**
**Sale Farm House at Palghar 26 Acres with Compound Rest House Water Connection Single Owner. Ramchandra 9167047749. (15459/G)**

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર-9769691025/ 26822572. (બી-૧૫૧૭૭)

## ૩૩. ધંધાદારી

**વેક્યુમ**
થેપલા, રોટલી, ખાખરા, આચાર વગેરે વેક્યુમ કરીને મળશે. 2 મહિનાની લાઈફ કાંદિવલી (ઈસ્ટ) સ્ટેશન પાસે. 25/- per piece. - 98923 52082. (જેપી-૪૯૬૨-સી)

REQUIRED BUYERS HAving knowledge for Imports/ Export Business of Plastic (Raw Materials, Roto Powder) Manufacturing Unit at SEZ Kandla for Development and Marketing Via B2B Platform / Local Lucrative Business. We will support you from our American Office. Proper Training Provided (if needed). "Nitin Mehta" 9987760379. (15414-A)

**35 YEARS REPUTED CO. NEEDS FOR RESIDENTIAL PROJECTS**
1. CONSTRUCTION MANAGEMENT COMPANY.
2. CIVIL CONTRACTORS FOR THE CONSTRUCTION & RCC WORK.
3. CIVIL CONTRACTORS FOR THE BARTER DEALS.
Having proven track record of 10 years in executing the projects.
Mail / Courier your profile in 7 days.
Contact Mr. Ajay Savai
S &T Corporation Ltd.,195, Walkeshwar Rd., Teen Batti, Next to Bank Of India Mumbai 400006.
ajay_savai@hotmail.com / 9821097133
(15450/A)

**એકાઉન્ટ**
કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર - તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ - 9869587290. (બી-૧૫૨૪૮)

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કૂવા-સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ.'' ''યોગી એન્ટરપ્રાઈઝ'' 9820776583 / 9892298963. (૧૫૨૯૧-એ)

**પાણી જોઈએ**
ટેન્કર ભરવા માટે પાણી જોઈએ છે. સંપર્કઃ- 9821242740 / 9321242740. (૧૫૪૨૩-એ)

**કબુતરની જાળી**
ફીટીંગ સાથે 3 વર્ષની ગેરંટી, ઓલ બર્ડનેટ સર્વીસ. નાયલોન નેટ લોંગટાઈમ લાઈફ. ''જીતુભાઈ'' - 7900191232. (બી-૧૫૩૩૭)

FAMILY FOALTER MEDICAlim Policy age 0 to no age limit 10 Lac To 1 cross no limit no Medical Report Cash Less Card Protibilty available Dilipbhai 9136621227 / 9321554532. (B-15315)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**બ્રહ્મ જ્યોતિષ સંસ્થાન રજી.**
**જ્યોતિષ, હસ્તરેખા, વાસ્તુશાસ્ત્રનાં વર્ગોના નવા સત્રનો પ્રારંભ જાન્યુઆરીથી પ્રવેશ શરૂ. ગુજરાતી માધ્યમ. ત્રિવર્ષીય સર્ટિફિકેટ કોર્સ. કેન્દ્રઃ અંધેરી, ઘાટકોપર, મુલુંડ. સંપર્કઃ ૯૮૯૨૦ ૫૩૧૫૦ / ૯૯૩૦૧ ૯૬૩૨૮. (૧૫૨૯૨-એ)**

**મહાલક્ષ્મી જ્યોતિષ**
**તાત્કાલિક સમાધાન લવ પ્રોબ્લેમ, છુટાછેડા, સાસ બહુ/પતિ-પત્ની અણબનાવ, લગ્નમાં રૂકાવટ, કામ ધંધામાં નુકસાન, પ્રેમમાં અસફળતા, છોકરા છોકરી કહેવામાં નથી. ફીસ કામ પછી. 9321554879. (૧૫૨૯૭-એ)**

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**
કમ્પ્લીટ 2 બેડરૂમ 3D ડ્રોઈંગ 4000/=, 3 બેડરૂમ 3D ડ્રોઈંગ 5000/=, સ્પેશિયલાઈઝ બાથરૂમ, કિચન રીનોવેશન, કમ્પ્લીટ ઈન્ટિરિયર ડિઝાઈનિંગ, પ્લાનિંગ, રીનોવેશન. Whatsapp 8989282877. (બી-૧૫૩૪૯)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533 ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**વૈદિક જ્યોતિષ સંસ્થાન રજી.**
નિઃશુલ્ક શિક્ષણ જ્યોતિષ, હસ્તરેખા, વાસ્તુશાસ્ત્ર તથા સ્વરજ્ઞાનનો વિસ્તૃત ત્રિવર્ષીય સર્ટિફિકેટ કોર્સ. અભ્યાસક્રમ. જાન્યુઆરી ૨૦૨૫ થી નવા વર્ગોનો પ્રારંભ. ગુજરાતી હીન્દી
શનિવાર ૪ થી ૬ આનંદીબાઈ કાલે કોલેજ, સાઈબાબા નગર,બોરીવલી(વે). રવીવાર ૯ થી ૧૧ નગીનદાસ ખાંડવાલા કોલેજ, એમ. કે. ઈ. એસ, બીજે માળે, ગેટ નં: ૪, ભાદરણ નગર, એસ. વી રોડ, મલાડ (વે). સોમવાર સાંજે ૭ થી ૯ બોરીવલી ના સરનામે.
અભ્યાસના કેન્દ્રો **બોરીવલી મલાડ**
આચાર્ય અશોકજી **93222 61709**
• www.vedicjyotishsansthan.com • vjtvv1@gmail.com
પ્રવેશ માટે અગાઉથી ફોન ઉપર રજિસ્ટ્રેશન કરવું અનિવાર્ય છે.
જ્યોતિષ શીખો.. સ્વ અને લોકનું કલ્યાણ કરો !
(૧૫૪૧૨/એચ)

# દેશ વિદેશ

## બીપીએસસી પરીક્ષા વિવાદ : બિહારમાં વિરોધ પ્રદર્શન ચાલુ, ટ્રાફિકમાં વિક્ષેપ પાડ્યો

પટનાઃ તાજેતરની બિહાર પીએસસી પરીક્ષા રદ કરવાની માગને લઈને શુક્રવારે વિરોધ વધુ તીવ્ર બન્યો હતો અને પટનામાં આંદોલનકારીઓએ રેલ અને વાહનોની આવજામાં વિક્ષેપ પાડ્યો હતો. જોકે પોલીસે કેટલાક ડાબેરી વિદ્યાર્થીઓના સંગઠનોને મુખ્ય પ્રધાનના નિવાસસ્થાન તરફ કૂચ કરતા અટકાવ્યા હતા.

ઉમેદવારોના પસંદગીના જૂથ માટે નવી પરીક્ષાના એક દિવસ પહેલા, અપક્ષ સાંસદ પપ્પુ યાદવે પટનાના કેટલાક વિસ્તારોમાં તેમજ અરરિયા, પૂર્ણિયા અને મુઝફ્ફરપુર સહિત રાજ્યના અન્ય ભાગોમાં રેલ અને માર્ગ ટ્રાફિકને અવરોધિત કરવામાં તેમના સમર્થકોનું નેતૃત્વ કર્યું હતું, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

પૂર્વ મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સરસ્વતી ચંદ્રાએ જણાવ્યું હતું કે પ્રદર્શનકારીઓ સચિવાલય હોલ્ટ રેલવે સ્ટેશન પર એકઠા થયા હતા અને થોડા સમય માટે ટ્રેક પર બેસી ગયા હતા, જેના કારણે પેસેન્જર ટ્રેનની અવરજવરમાં વિલંબ થયો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, યાદવના સમર્થકોએ પૂર્ણિયા અને પટનામાં રસ્તાઓ પર ટાયર સળગાવ્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજ્યની રાજધાનીમાં મુખ્ય પ્રધાનના નિવાસસ્થાન તરફ કૂચ કરતા અટકાવવામાં આવતા કેટલાક ડાબેરી વલણ ધરાવતા વિદ્યાર્થીઓના સંગઠનોના સભ્યોએ પોલીસ સાથે ઘર્ષણ કર્યું હતું. ■

## ગાઝામાં ઈઝરાયલી હુમલામાં ૫૦નાં મોતઃ નેતન્યાહૂએ મંત્રણા માટે પ્રતિનિધિમંડળને આપી મંજૂરી

દેર અલ-બાલાહઃ ગાઝા પટ્ટીમાં ઇઝરાયલના હવાઇ હુમલામાં બાળકો સહિત ઓછામાં ઓછાં ૫૦ લોકોના મોત નીપજ્યા હતા. આ હુમલામાં હમાસના સુરક્ષા અધિકારીઓ અને ઇઝરાયલ દ્વારા જાહેર કરાયેલ માનવતાવાદી વિસ્તારોનો પણ સમાવેશ થાય છે. ગુરુવાર અને શુક્રવારે બોંબમારો ચાલુ રહ્યો હતો.

આ દરમિયાન ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુના કાર્યાલયે જણાવ્યું કે તેમણે મોસાદ ગુપ્તચર એજન્સી, શિન બેટ આંતરિક સુરક્ષા એજન્સી અને સેનાના એક પ્રતિનિધિમંડળને કતારમાં યુદ્ધવિરામ કરારની દિશામાં વાટાઘાટો ચાલુ રાખવા માટે અધિકૃત કર્યા છે. ઇઝરાયલી મીડિયાએ જણાવ્યું કે પ્રતિનિધિમંડળ શુક્રવારે રવાના થશે. હમાસ તરફથી તાત્કાલિક કોઇ ટિપ્પણી આવી નથી. ૧૫ મહિનાથી ચાલતા યુદ્ધ દરમિયાન અમેરિકાની આગેવાની હેઠળની વાતચીત વારંવાર અટકી છે.

મુવાસી તરીકે ઓળખાતા દરિયાકાંઠાના માનવતાવાદી વિસ્તાર પર ઇઝરાયલનો હુમલો એ સમયે થયો જ્યારે સેંકડો-હજારો વિસ્થાપિત પેલેસ્ટિનિયનો હળવી શિયાળાની ઋતુમાં ત્યાં એકઠા થયા હતા. ગાઝા શહેરમાંથી વિસ્થાપિત ઝિયાદ અબુ જબાલ જણાવે છે કે દરેક વ્યક્તિ ઠંડીથી બચવા માટે તેમના તંબુઓમાં આશરો લેતા હતા અને અચાનક અમને દુનિયા ઊંધી વળતી લાગી. કેમ અને શા માટે? વહેલી સવારે થયેલા હુમલામાં ૧૦ લોકોનાં મોત થયાં હતાં. જેમાં ત્રણ બાળકો અને હમાસના બે વરિષ્ઠ પોલીસ અધિકારીઓનો સમાવેશ થાય છે.

ઇઝરાયલની સેનાના જણાવ્યા અનુસાર તેણે એક વરિષ્ઠ પોલીસ અધિકારીને નિશાન બનાવ્યો હતો. તે ઇઝરાયલી દળો પરના હુમલામાં હમાસની સશસ્ત્ર પાંખ દ્વારા ઉપયોગમાં લેવાતી ગુપ્ત માહિતી એકત્ર કરવામાં સામેલ હતો. ગાઝાના મધ્યમાં અલ-બલાહમાં અન્ય એક ઇઝરાયલી હુમલામાં ઓછામાં ઓછા આઠ લોકોનાં મોત થયાં હતાં. અલ-અક્સા શહીદ હોસ્પિટલના જણાવ્યા અનુસાર જે લોકો મૃતદેહોને લઇ ગયા હતા તેઓ સ્થાનિક સમિતિઓના સભ્યો હતા. જે સહાયતા કાફલાને સુરક્ષિત કરવામાં મદદ કરે છે.

ઇઝરાયલી સેના તરફથી તાત્કાલિક કોઇ ટિપ્પણી કરવામાં આવી ન હતી. દક્ષિણ ગાઝામાં સેનાએ પૂર્વીય ખાન યુનિસમાં પાંચ પોલીસકર્મીઓને મોતને ઘાટ ઉતાર્યા હતાં. ઇઝરાયલ સરકારના પ્રવક્તા ડેવિડ મેન્સરે જણાવ્યું હતું કે દક્ષિણ ગાઝામાં હુમલામાં હમાસના આંતરિક સુરક્ષા દળના વડાને નિશાન બનાવવામાં આવ્યો હતો. ■

## કરુણા અભિયાન અંતર્ગત પતંગની દોરથી ઘાયલ પક્ષીઓની શુશ્રૂષા થશેઃ પ્રતિબંધિત ચાઇનીઝ માંજા સામે પોલીસનું કૉમ્બિંગ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઉતરાયણ તહેવારનું કાઉન્ટ ડાઉન શરૂ થઇ ચૂક્યું છે અને કચ્છની બજારો અવનવા પતંગોની વેરાયટી અને તલની વિવિધ વાનગીઓથી સજ્જ થઇ રહી છે ત્યારે રાજ્યભરમાં પતંગની દોરથી ઘાયલ થયેલાં પક્ષીઓ માટે રાજ્ય સરકાર દ્વારા આગામી દસ દિવસ માટે કરૂણા અભિયાન ચલાવવામાં આવશે જે અંતર્ગત કચ્છના કલેકટર અમિત અરોરાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, પતંગની દોરને કારણે ઇજાગ્રસ્ત થયેલાં પક્ષીઓની શુશ્રૂષા માટે તાલુકા કક્ષાએ કુલ ૧૬ કલેકશન સેન્ટર તથા ૧૩ સારવાર કેન્દ્ર કાર્યરત કરાશે તેમાં સામાજિક સંસ્થા અને યુવાનો પણ સહયોગમાં જોડાશે.એક ખાસ કંટ્રોલ રૂમને પણ આગામી ૧૦મી જાન્યુઆરીથી શરૂ કરવામાં આવશે અને તેના નંબર સોશિયલ મીડિયા અને અન્ય માધ્યમ દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવશે.

રાજ્યમાં અનેક લોકો અને પક્ષીઓનો ભોગ લેનારા ચાઇનીઝ માંજાનો ઉપયોગ અટકાવવા માટે વન વિભાગ તથા પોલીસ વિભાગ દ્વારા સંયુકત ટીમ બનાવી કૉમ્બિંગ શરૂ કરવામાં આવ્યું છે જેમાં પ્રતિબંધિત દોરા વેચતા વેપારીઓ સામે કાયેદસરની કાર્યવાહી પણ કરાશે. આ અંગે વિગતો આપતાં કચ્છ પશ્ચિમ વન વિભાગના નાયબ વન સંરક્ષકે જણાવ્યું હતું કે, ભુજમાં ચાર સ્થળે ઘાયલ પક્ષીઓની તાત્કાલિક સારવાર આપવા માટે કલેકશન સેન્ટરો ઊભાં કરવામાં આવશે, ઉપરાંત પતંગોત્સવ યોજાવાનો હોઈ બે કલેકશન સેન્ટર ધોરડોના સફેદ રણ ખાતે પણ શરૂ કરવામાં આવશે.

અત્યારથી જ સમગ્ર કચ્છમાં કુલ ૧૩ જેટલાં સારવાર કેન્દ્રો શરૂ કરી દેવામાં આવ્યાં છે જેમાં ભુજ ખાતે સુપાર્શ્વ જૈન સંસ્થા સંચાલિત પશુ દવાખાનું, સરકારી પશુ દવાખાનું ભુજ તેમ જ મુંદરા, અંજાર, ગાંધીધામ, નખત્રાણા, લખપત, માંડવી, નલિયા, ભચાઉ, રાપર તથા ભીમાસરના સરકારી પશુ દવાખાનાંમાં સારવાર અપાશે. તમામ કલેકશન સેન્ટર ઉપર વન વિભાગના સ્ટાફને ફરજ સોંપવામાં આવશે.

ઉપરાંત નાયબ પશુપાલન નિયામક દ્વારા તાલુકા કક્ષાએ કુલ ૧૫ પશુ ચિકિત્સક અધિકારીઓ તથા ૨૧ બિન સરકારી સંસ્થાઓના ૪૨૬ જેટલા સ્વયંસેવકો દ્વારા સેવા પૂરી પાડવામાં આવશે. આગામી ૧૦મીથી ૨૦મી જાન્યુઆરી સુધી ચાલનારા આ કરુણા અભિયાન અંગે લોકોમાં જાગૃતતા આવે તે માટે પ્રચાર માટે તંત્ર દ્વારા સાહિત્યનું વિતરણ, જાહેર સ્થળોએ બેનર લગાવવા તથા શાળા કક્ષાએ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવશે. ■

## માવઠાની વકી વચ્ચે કચ્છને ગાત્રો થિજાવી દેતી ઠંડીમાંથી નોંધપાત્ર રાહત મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છને ધ્રુજાવતી ઠંડીના પ્રમાણમાં ઉતાર-ચઢાવ યથાવત્ રહ્યો છે અને મહત્તમ અને લઘુતમ ઉષ્ણતામાનનો આંક ત્રણથી ચાર ડિગ્રી જેટલો ઉપર આવતાં ઠારમાં નોંધપાત્ર ઘટાડો થતાં જનજીવન થાળે પડી રહ્યું છે. અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં ત્રણ-ચાર દિવસ અગાઉ નોંધાયેલા ૬.૪ ડિગ્રી તાપમાન સામે આજે ૧૦ ડિગ્રી જેટલું લઘુતમ તાપમાન, જ્યારે ૨૯ ડિગ્રી જેટલું મહત્તમ તાપમાન નોંધાતાં તીવ્ર ટાઢોડાને કારણે મૂર્છિત થઈ ગયેલા જનજીવને ભારે રાહત અનુભવી હતી.

નલિયા સિવાયના અન્ય મથકોમાં પણ ઠંડીમાં નોંધપાત્ર ઘટાડો થવા પામ્યો હતો જેમાં જિલ્લાના મુખ્ય મથક ભુજમાં આજે લઘુતમ ૧૩.૪ ડિગ્રી, અને મહત્તમ તાપમાનનો આંક ૩૦.૧ ડિગ્રી સેલ્સિયસ જેટલો ઊંચો નોંધાતા શહેરીજનોએ રાહતનો દમ લીધો હતો. કંડલામાં લઘુતમ તાપમાનનો આંક ૧૬ ડિગ્રી સે.પર પહોંચ્યો હતો.વહેલી સવારે અને સાંજ ઢળ્યા પછી હવામાં ભેજનું પ્રમાણ ઘટી જતાં ગ્રામીણ કચ્છમાં શહેરો કરતાં થોડી વધારે ઠંડી રહેતાં ગ્રામજનો ઠેર-ઠેર તાપણાં સભાઓ યોજીને ઠંડીથી બચવાના પ્રયાસો કરતા નજરે પડી રહ્યા હતા.

દરમિયાન, હવામાન વિભાગે વ્યક્ત કરેલા પૂર્વાનુમાન મુજબ કચ્છમાં આજથી ન્યૂનતમ પારો બેથી ચાર ડિગ્રી જેટલો ઊંચકાવાની સાથે મહત્તમ તાપમાન પણ ઊંચું આવશે, જોકે, શીતમથક નલિયામાં હજુ પણ ઠંડીનું સામ્રાજ્ય થોડા દિવસો માટે જારી રહેશે તેવી શક્યતા વ્યક્ત કરાઇ હતી. ■

## અમદાવાદ ફ્લાવર શોમાં પહેલા જ દિવસે નવ લાખથી વધુની આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર મહાનગર પાલિકા દ્વારા ફ્લાવર શોનું આયોજન કરવામાં આવ્યું છે, મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે શુક્રવારે ફ્લાવર શોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જોકે પહેલા જ દિવસે સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૩૨૬૬ લોકોએ ફ્લાવર શોની મુલાકાત લીધી હતી. જેમાં મહાનગર પાલિકાને કુલ ૯,૫૯,૯૫૦ રૂપિયાની આવક થઈ હતી. મુલાકાતીઓ દ્વારા યુપીઆઈ, ઓનલાઈન અને રોકડેથી ટિકિટ ખરીદવામાં આવી હતી. ૨૨ જાન્યુઆરી સુધી સાબરમતી રિવરફ્રન્ટ પર ફ્લાવર શો લોકો માટે ખુલ્લો રહેશે. ફ્લાવર શોમાં દેશના વિકાસ, સંસ્કૃતિ અને વારસાનું પ્રદર્શન જોવા મળશે. લગભગ ૧૫ કરોડના ખર્ચે ફ્લાવર શોનું આયોજન કરાયું છે. જેમાં ફૂલોમાંથી વિવિધ સ્કલ્પચર બનાવવામાં આવ્યું છે. આ ફ્લાવર શોને વિવિધ ૬ ભાગમાં વહેંચવામાં આવ્યો છે.

૭ લાખથી વધુ રોપા સાથેની ૪૦૦ ફૂટની ક્રેનિયલ વોલ પણ લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. અહીં ૧૦ લાખથી વધુ ફૂલો અને ૩૦ થી વધુ સ્કલ્પચર્સ મૂકવામાં આવ્યા છે. પ્રકૃતિ અને સંસ્કૃતિના સંગમ સમાન આ ફ્લાવર શોની મુલાકાત પ્રવાસીઓને આકર્ષશે. બાળકો માટેના વિવિધ આકર્ષણો જેવા કે સોવેનિયર શોપ, નર્સરી, ફૂડ સ્ટોલ બધુ જ છે.

આ વખતે કુલ ૬ ભાગમાં ફ્લાવર શો જોવા મળશે. ફ્લાવર શોમાં પહેલી વાર ઓડિયો ગાઈડ આપવામાં આવશે. વિવિધ સ્કલ્પચરની માહિતી ઓડિયો દ્વારા આપવામાં આવશે. કીર્તિ સ્તંભની પ્રતિકૃતિ, ૩ એન્ટ્રન્સ વોલની પ્રતિકૃતિ, આર્ચીસની પ્રતિકૃતિ, કેનોપીની પ્રતિકૃતિ, કેનિયન વોલની પ્રતિકૃતિ, ગરબા કરતી મહિલાઓની પ્રતિકૃતિ, હયાત મોરનાં સ્ટ્રક્ચરમાં ફ્લાવર લગાવી પ્રદર્શની કરાશે. કુલ ૨૦ દિવસ સુધી ૨૦ લાખથી વધુ રોપાથી અમદાવાદ રિવરફ્રન્ટ મહેકતું રહેશે. ■

## ભાવનગર શહેર જિલ્લામાં પક્ષીઓને બચાવવા દવા મેડિકલ કિટ સાથે ૨૫ જીવદયા પ્રેમીઓ, ત્રણ એમ્બ્યુલન્સ તહેનાત

રાજકોટઃ ૧૪ જાન્યુઆરીએ ઉત્તરાયણ છે, આ દિવસે અનેક નિર્દોષ પક્ષી ઘાયલ થશે. આ બાબતને ધ્યાનમાં રાખીને પ્રેરણા ફાઉન્ડેશન સંચાલિત જીવદયા હોસ્પિટલ અગિયાળી દ્વારા ભાવનગર શહેર અને જિલ્લામાં પક્ષી બચાવ મહાઅભિયાન હાથ ધરાયું હતું. જે વન વિભાગ ભાવનગર સાથે સંકલનમાં રહી કાર્ય કરશે. જીવદયા હોસ્પિટલની મેડિકલ ટીમે જણાવ્યું હતું કે, રોડ પર અથવા ઝાડ પર ઘાયલ પક્ષી મળી આવે તો તેને સંભાળીને કાર્ડબોર્ડના ખોખા અથવા બાસ્કેટમાં મૂકીને જીવદયા મેડીકલ ટિમ સુધી પહોંચાડવું જોઈએ. ભાવનગર શહેર જિલ્લામાં વિવિધ જીવદયા પ્રેમીઓની મદદથી પ્રેરણા ફાઉન્ડેશનને ૨૫ થી વધુ હેલ્પલાઈન નંબર અને જીવદયા પ્રેમીની ટિમ કાર્યરત કરી છે. જે અલગ અલગ વિસ્તારમાં ઘાયલ પક્ષીઓને બચાવવાનું કામ કરશે. આ ટિમ ૨૦ જાન્યુઆરી સુધી કાર્યરત રહેશે. ઉત્તરાયણ દરમિયાન વાપરવામાં આવતો માંજો દર વર્ષે અનેક પક્ષીઓને ઘાયલ કરે છે. ઉત્તરાયણ બાદ પણ આ દોરાઓ ઝાડ અને તાર પર ફસાયેલા હોવાના કારણે તેની પરથી ઉડતા પક્ષીઓ ઘાયલ થઈ જાય છે. જેમાં ઘણી વખત પાંખ, ચાંચ અને ગળા જેવા અંગ કપાઈ જવા પર મૃત્યુ પણ થઈ શકે છે. આવી સ્થિતિમાં ઘાયલ પક્ષી મળી આવે તો તેને કેવી રીતે સાચવવું જોઈએ. આ અંગે જીવદયા હોસ્પિટલ અગિયાળીની તબીબી ટીમે જણાવ્યું હતું કે, રોડ પર અથવા ઝાડ પર ઘાયલ પક્ષી મળી આવે તો તેને સંભાળીને કાર્ડબોર્ડના ખોખા અથવા બાસ્કેટમાં મૂકીને જીવદયા મેડિકલ ટિમ સુધી પહોંચાડવું જોઈએ. ભાવનગર શહેરમાં ત્રણથી વધુ હેલ્પલાઈન વાન પણ કાર્યરત કરવામાં આવી છે. ■

# સેન્સેક્સમાં ૭૨૦ પોઈન્ટનું મસમોટું ગાબડું, નિફ્ટીએ ૨૪,૦૦૦ની સપાટી માંડ ટકાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શેરબજારમાં તેજીનો જુવાળ એક જ દિવસમાં શમી ગયો હોય એ રીતે, સપ્તાહના અંતિમ સત્રમાં સેન્સેક્સમાં ૭૨૦ પોઇન્ટનું મસમોટું ગાબડું નોંધાયું હતું,જ્યારે નિફ્ટી ૨૪,૦૦૦ની સપાટી માંડ ટકાવી શક્યો હતો. નોંધવું રહ્યું કે પાછલા સત્રમાં સેન્સેક્સ ૧૫૦૦ પોઇન્ટ ઉછળીને ૮૦,૦૦૦ની સપાટી વટાવી પાછો ફર્યો હતો અને નિફ્ટી પણ ૨૪,૨૦૦ને સ્પર્શ્યો હતો.

ઈક્વિટી બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી શુક્રવારે લગભગ એક ટકાના નીચા ખાબક્યા હતા. રોકાણકારોએ આવતા સપ્તાહે શરૂ થતી કોર્પોરેટ સેકટરના પરિણામોની સીઝન અગાઉ બેંક અને આઈટી શેરોમાં એક્સપોઝર ઓછું કર્યું હોવાથી વેચવાલીનું દબાણ વધ્યું હતું. બજારના સાધનો અનુસાર અમેરિકી ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં ઘટાડાને કારણે સેન્ટિમેન્ટ પર વધુ અસર પડી હતી.

સેન્સેક્સ સકારાત્મક શરૂઆત છતાં ૭૨૦.૬૦ પોઈન્ટ અથવા ૦.૯૦ ટકા ઘટીને ૭૯,૨૨૩.૧૧ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન તે ૮૩૩.૯૮ પોઈન્ટ અથવા ૧.૦૪ ટકા ઘટીને ૭૯,૧૦૯.૭૩ની સપાટીને અથડાયો હતો. નિફ્ટી ૧૮૩.૯૦ પોઈન્ટ અથવા ૦.૭૬ ટકા ઘટીને ૨૪,૦૦૪.૭૫ પર આવી ગયો છે.

સેન્સેક્સ પેકમાંથી,ઝોમેટો, એચડીએફસી બેંક, ટેક મહિન્દ્રા, અદાણી પોર્ટ્સ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, આઇસીઆઇસીઆઇ બેંક, સન ફાર્મા, લાર્સન એન્ડ ટુબ્રો, એચસીએલ ટેક અને આઇટીસી ટોપ લુઝર્સ હતા. બીજી તરફ, ટાટા મોટર્સ, નેસ્લે, ટાઇટન, હિન્દુસ્તાન યુનિલિવર અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ વધનારા શેરાની યાદીમાં હતા.

પ્રાઇમરી માર્કેટમાં ક્વાડ્રન્ટ ફ્યુચર ટેક લિમિટેડ રૂ. ૨૯૦ કરોડનો બુક બિલ્ટ ઇશ્યુ સાતમી જાન્યુઆરીએ ખુલશે અને નવમી જાન્યુઆરીએ બંધ થશે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૨૭૫થી રૂ.૨૯૦ છે. અરજી માટે લઘુત્તમ લોટ સાઈઝ ૫૦ શેરની છે. એલોટમેન્ટ ૧૦ જાન્યુઆરીએ અને લિસ્ટિંગ ૧૪મીએ થવાની ધારણા છે. કેપિટલ ઇન્ફ્રા ટ્રસ્ટ ઇન્વિટનો રૂ. ૧,૫૭૮ કરોડના બુક બિલ્ટ ઇશ્યુ સાતમી જાન્યુઆરીએ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને નવમીએ બંધ થશે.

સ્ટાન્ડર્ડ ગ્લાસ લાઇનિંગ આઇપીઓ છઠી જાન્યુઆરીએ સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને આઠ જાન્યુઆરીએ બંધ થશે. એ વન સ્ટીલ ઇન્ડિયાએ રૂ. ૬૫૦ કરોડના આઇપીઓ માટે ડીઆરએચપી ફાઇલ કર્યું છે. ઇપીસી કોન્ટ્રાક્ટરો અને કન્સ્ટ્રકશન સર્વિસ પ્રોવાઇડર તરીકે રોડ બાંધકામ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં નિષ્ણાત બી.આર. ગોયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ સાતમી જાન્યુઆરીએ પ્રારંભિક જાહેર ઓફર સાથે બજારમાં પ્રવેશી રહી છે. કંપની ૬૩.૧૨ લાખ ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ દ્વારા રૂ. ૮૫.૨૧ કરોડ એકત્ર કરવાનું લક્ષ્ય રાખે છે. પ્રાઇસ બેન્ડ રૂ.૧૨૮થી રૂ.૧૩૫ પ્રતિ શેર છે. ભરણાંમાંથી પ્રાપ્ત ચોખ્ખી આવકનો ઉપયોગ મૂડી ખર્ચ, કાર્યકારી મૂડી, વ્યૂહાત્મક એક્વિઝિશન અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. એન્કર બિડિંગ છઠી જાન્યુઆરીએ ખુલશે અને ઈશ્યુ નવમી જાન્યુઆરીએ બંધ થશે. કંપની ગુજરાત અને મહારાષ્ટ્ર સહિત સાત રાજ્યમાં હાજરી ધરાવે છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ટાટા મોટર્સ ૩.૩૩ ટકા, ટાઈટન ૧.૭૦ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૪૯ ટકા, નેસ્લે ૧.૪૭ ટકા, રિલાયન્સ ૦.૭૮ ટકા, મારુતિ ૦.૬૨ ટકા, એનટીપીસી ૦.૫૫ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક૦.૫૩ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૩૨ ટકા અને પાલર ગ્રીડ ૦.૨૪ ટકા વધ્યા હતા, જ્યારે ઝોમેટો ૪.૨૭ ટકા, એચડીએફસી બેન્ક ૨.૪૬ ટકા, ટેકમહિન્દ્ર ૨.૨૩ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૧૫ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૨.૦૩ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૯૭ ટકા, સન ફાર્મા ૧.૫૭ ટકા, આઈટીસી ૧.૪૮ ટકા, લાર્સન ૧.૪૨ ટકા અને એચસીએલ ટેકનોલોજી ૧.૨૩ ટકા ઘટ્યા હતા.

કોર્પોરેટ પરિણામ પર ખાસ નજર રહેશે અને તેને કારણે શેરલક્ષી કામકાજ જોવા મળશે. એવેન્યુ સુપરમાર્ટે ડિસેમ્બર ક્વાર્ટર માટે સ્ટેન્ડઅલોન ધોરણે રેવન્યૂમાં ૧૭.૫ ટકાનો વધારો નોંધાવ્યા બાદ તેના શેરમાં ૧૧ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. મારુતિનું વેચાણ ડિસેમ્બરમાં ૩૦ ટકા વધીને ૧,૭૮,૨૪૮ યુનિટ સુધી પહોંચ્યું છે. જર્મન કાર મેકર ઓડી ઇન્ડિયાએ ૨૦૨૪માં ૨૭ ટકાના ઘટાડા સાથે ૫૮૧૬ કારનું વેચાણ નોંધાવ્યું છે. રોયલ એનફિલ્ડનું વેચામ ૨૫ ટકા વધીને ૭૯,૪૬૬ યુનિટ રહ્યું છે.

એશિયન બજારોમાં સિઓલ અને હોંગકોંગ પોઝિટીવ ઝોનમાં સ્થિર થયા હતા જ્યારે શાંઘાઈનો બેન્ચમાર્ક નીચા સ્તરે નીચી સપાટીએ ગબડ્યો હતો. નવા વર્ષની રજા માટે જાપાનના બજારો બંધ હતા. યુરોપના બજારો નીચામાં ટ્રેડ થઈ રહ્યા હતા. ગુરુવારે યુએસ શેરો નકારાત્મક ક્ષેત્રમાં હતા.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) છેલ્લા ઘણા દિવસોથી નેટ સેલર્સ રહ્યાં પછી ગુરુવારે લેવાલી નોંધાવી હતી. એક્સચેન્જના ડેટા અનુસાર આ વર્ગે રૂ. ૧,૫૦૬.૭૫ કરોડની ઇક્વિટી ખરીદી હતી. શુક્રવારે યુએસ ડોલર સામે રૂપિયો ત્રણ પૈસા ઘટીને ૮૫.૭૮ (કામચલાઉ)ના રેકોર્ડ નીચા સ્તરે બંધ થયો હતો.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૪૩ ટકા ઘટીને ૭૫.૬૦ ડોલર પ્રતિ બેરલ થયું છે. અગાઉના સત્રમાં, બીએસઇ બેન્ચમાર્ક ૧,૪૩૬.૩૦ પોઈન્ટ અથવા ૧.૮૩ ટકા ઉછળીને એક મહિના કરતાં વધુ સમયનો તેનો શ્રેષ્ઠ સિંગલ-ડે ઉછાળો નોંધાવતા ૭૯,૯૪૩.૭૧ પર સેટલ થયો હતો. નિફ્ટી ૪૪૫.૭૫ પોઈન્ટ અથવા ૧.૮૮ ટકા વધીને ૨૪,૧૮૮.૬૫ પર પહોંચ્યો હતો. અગ્રણી સ્ટોક બ્રોકિંગ ફર્મના રિસર્ચ એનાલિસ્ટે કહ્યું હતું કે નિફ્ટી તેની ટોચની સપાટી સામે લગભગ નવેક ટકા નીચી સપાટીએ છે તે જોતા હવે વધુ કરેકશનને અવકાશ હોય એવું લાગતું નથી.

# કેતન પારેખ પર પ્રતિબંધ: સેબી વસૂલ કરશે ₹ ૬૬ કરોડ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ કેતન પારેખ અને અન્ય બે એન્ટિટીને આગળ ચાલી રહેલા કૌભાંડ સંદર્ભેશેરબજારમાં પ્રવેશ સામે તાત્કાલિક અમલમાં આવે એ રીતે પ્રતિબંધિત જાહેર કર્યો હતો. સેબી આ લોકો પાસેથી તેમણે ગેરકાયદેસર માર્ગે મેળવેલો રૂ. ૬૫.૭૭ કરોડ વસૂલ કરવા માટે કાર્યવાહી શરૂ કરવા નોટીસ ફટકારી છે. કેતન પારેખ, સિંગાપોર સ્થિત ટ્રેડર્સ રોહિત સાલગાવકર અને અશોક કુમાર પોદ્દાર પર સંયુક્ત અને વિભક્ત રીતે કૌભાંડ દ્વારા ખોટી રીતે રૂ. ૬૫.૭૭ કરોડ પ્રાપ્ત કરવાનો આરોપ કર્યો છે અને તે વસૂલ કરવા માટે શા માટે પગલાં ના લેવામાં આવે અને શેરબજારમાં તેમનો પ્રવેશ પ્રતિબંધિત કેમ ના કરવામાં આવે એવા સવાલ સાથેની શો કોઝ નોટીસ ઉપરોક્ત ત્રણ જણા ઉપરાંત બાવીસ એન્ટિટીને ફટકારી છે. માર્કેટ રેગ્યુલેટરે આદેશમાં જણાવ્યું છેકે ઉપરોક્ત બાવીસ એન્ટિટીએ નોટીસ મળ્યાના ૨૧ દિવસની અંદર સેબીને તેમના પ્રત્યુત્તર આપવાના રહેશે.

પારેખને ભૂતકાળમાં પણ બજારની હેરાફેરી માટે દોષિત ઠરવાયા છે. વર્ષ ૨૦૦૦ના કુખ્યાત શેરબજાર કૌભાંડમાં તેની ભૂમિકા બદલ તેને અગાઉ જેલ પણ થઇ છે અને તેમને ૧૪ વર્ષ માટે શેરબજારમાં પ્રવેશથી પ્રતિબંધિત કરાયા હતા. સેબીની તપાસ અનુસાર સાલગાઓકર અને પારેખે યુએસ સ્થિત ફંડ હાઉસ (જેને બિગ ક્લાયન્ટ અથવા એફપીઆઈ તરીકે ઓળખવામાં આવે છે), વૈશ્વિક સ્તરે લગભગ ૨.૫ ટ્રિલિયન ડોલરનું સંચાલન કરતા વેપારને આગળ ધપાવવાની એક નવી પદ્ધતિનું આયોજન કર્યું હતું.

# આઈટી શૅરોની આગેવાનીએ વેચવાલીનું દબાણ વધ્યુ, એનર્જી શૅરોમાં સારી લેવાલી

મુંબઇ: પાછલા સત્રમાં ઉછળેલા આઇટી શેરોની આગેવાનીએ વેચવાલીનું દબાણ વધ્યુ હતું. જ્યારે એનર્જી શેરોમાં સારી લેવાલી જોવા મળી હતી. આ જ કારણે સેક્ટરલ ઈન્ડાયસીસમાં ઓઈલગેસ અને એનર્જી ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા, જ્યારે આઈટી ઇન્ડેકસમાં ગાબડું જોવા મળ્યું હતું. સેન્સેક્સ ૭૯,૯૪૩.૭૧ ખૂલીને ઊંચામાં ૮૦,૦૭૨.૯૯ અને નીચામાં ૭૯,૧૦૯.૭૩ સુધી જઈને અંતે ૭૯,૨૨૩.૧૧ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સની ૧૨ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૮ સ્ક્રિપ ઘટી હતી.

# નિરસ માગે દેશી-આયાતી તેલમાં નરમાઈ

## ઈન્ડોનેશિયા વર્ષ ૨૦૨૫માં બાયોડીઝલના બી–૫૦ અને વર્ષ ૨૦૨૬માં બી–૬૦ ધોરણોનો અમલ કરશે

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના જાન્યુઆરી વાયદામાં સાધારણ ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના માર્ચ અને એપ્રિલ વાયદામાં અનુક્રમે ૪૧ રિંગિટ અને ૩૯ રિંગિટનો સુધારો આવ્યો હતો. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૫નો, સોયા રિફાઈન્ડ અને સિંગતેલમાં રૂ. ૧૦નો અને કપાસિયા રિફાઈન્ડ તથા સરસવતેલમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો.

દરમિયાન આજે ઈન્ડોનેશિયન એનર્જી પ્રધાને જણાવ્યું હતું કે ઈન્ડોનેશિયા વર્તમાન વર્ષ ૨૦૨૫માં બાયોડિઝલના બી-૫૦ ધોરણોનો અને વર્ષ ૨૦૨૬માં બી-૬૦ ધોરણોનો અમલ કરશે. વધુમાં ગત ડિસેમ્બર મહિનામાં દેશની પામતેલની આયાત આગલા નવેમ્બર મહિનાની સરખામણીમાં ૪૦ ટકા ઘટીને ૫,૦૩,૦૦૦ ટનની સપાટીએ રહી હોવાની બજાર વર્તુળો ધારણા મૂકી રહ્યા છે.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૦, એડબ્લ્યુએલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૦થી ૧૨૨૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૫, રૂચીના સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૫૦ અને રૂ. ૧૩૬૦ અને અલાનાના આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો નિરસ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૫, સિંગતેલના રૂ. ૧૪૬૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને સરસવના રૂ. ૧૩૮૫ના મથાળે રહ્યા હતા.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## નોટિસ

સ્વ. બાઈ દૂધી કે. શાહ, બાપુભાઈ વશી રોડ, વિલે પાર્લે (પશ્ચિમ), મુંબઈ ૪૦૦૦૫૬ ખાતે સરનામું ધરાવનાર વિલે પાર્લે રાજ નિકેતન કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિ.ના સભ્ય તથા સોસાયટીના બિલ્ડિંગમાં ફ્લેટ નં. ૭૦૩ અને ગેરેજ નં. ૧૪ ધરાવનાર કોઈપણ નામાંકન કર્યા વિના અવસાન પામેલ.

સોસાયટી આથી સોસાયટીની કેપિટલ/મિલકતમાં મરહુમ સભ્યના શેર્સ અને હિતના ટ્રાન્સફર માટે તેના/ તેણીના/ તેમના દાવાઓ/ વાંધાઓના સમર્થનમાં આવા દસ્તાવેજો અને અન્ય પુરાવાની નકલો સાથે, આ નોટિસ છપાયાની તારીખથી ૧૫ દિવસની મુદતમાં સોસાયટીની કેપિટલ/ મિલકતમાં મરહુમ સભ્યના સદર શેર્સ અને હિતના ટ્રાન્સફર માટે વારસદાર અથવા વારસદારો અથવા અન્ય દાવેદારો/ વિરોધક અથવા વિરોધકો પાસેથી દાવાઓ અથવા વાંધાઓ મંગાવે છે. જો ઉપરોક્ત નિર્ધારિત મુદતમાં કોઈપણ દાવાઓ/ વાંધાઓ પ્રાપ્ત થશે નહીં, તો સોસાયટી સોસાયટીના બાયલોઝ હેઠળ જોગવાઈ કરાયા મુજબની રીતમાં સોસાયટીની કેપિટલ/ મિલકતમાં મરહુમ સભ્યના શેર્સ અને હિત સાથે લેવડદેવડ કરવા સ્વતંત્ર રહેશે. સોસાયટીની કેપિટલ/મિલકતમાં મરહુમ સભ્યના શેર્સ અને હિતના ટ્રાન્સફર માટે સોસાયટી દ્વારા જો કોઈપણ દાવાઓ/વાંધાઓ પ્રાપ્ત થશે તો સોસાયટીના બાયલૉઝ હેઠળ જોગવાઈ કરાયા મુજબની રીતમાં લેવડદેવડ કરવામાં આવશે. સોસાયટીના રજીસ્ટર્ડ બાયલૉઝની નકલ નોટિસ છપાયાની તારીખથી ૧૫ દિવસમાં તેની મુદતની સમાપ્તિ તારીખ સુધી સોસાયટીના સેક્રેટરી પાસે/ સોસાયટીની ઓફિસમાં દાવેદારો/વિરોધકો દ્વારા નિરીક્ષણ માટે ઉપલબ્ધ છે.

વિલે પાર્લે રાજ નિકેતન
કો. ઓપ. હાઉસિંગ સોસાયટી લિ. માટે
અને વતી

સ્થળ: મુંબઈ સહી/-
તારીખ: ૦૪/૦૧/૨૦૨૫ માનનીય સેક્રેટરી

# સોનામાં ₹ ૪૨૫ની અને ચાંદીમાં ₹ ૯૫૪ની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર ગઈકાલે સોનાના ભાવમાં ગત ૧૩મી ડિસેમ્બર પછીનો સૌથી મોટો ઉછાળો નોંધાયા બાદ આજે આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈના ટેકે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદાના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે ચાંદીના વાયદામાં સુધારો જોવા મળ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં સુધારાની આગેકૂચ જળવાઈ રહેતાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૨૪થી ૪૨૫નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૯૫૪નો ઉછાળો આવ્યો હતો.

આજે ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૯૫૪ વધીને રૂ. ૮૮,૧૨૧ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૨૪ વધીને રૂ. ૭૭,૧૯૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૨૫ વધીને રૂ. ૭૭,૫૦૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની ખપપૂરતી માગ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની લેવાલીને ટેકે હાજર ભાવમાં ગત ૧૩મી ડિસેમ્બર પછીનો સૌથી મોટો ઉછાળો આવ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ ૦.૩ ટકાની નરમાઈ હોવાથી હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ આસપાસ ઔંસદીઠ ૨૬૫૮.૧૧ ડૉલર વાયદામાં ભાવ ઔંસદીઠ ૨૬૭૨.૨૦ ડૉલર આસપાસ ટકેલા ધોરણે ક્વૉટ થઈ રહ્યા હતા.નોંધનીય બાબત એ છે આ સપ્તાહમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૧.૫ ટકા જેટલો વધારો થયો છે. વધુમાં આજે સત્રના આરંભે હાજરમાં ચાંદીના ભાવ પણ ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૨૯.૭૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. તાજેતરમાં સોનામાં સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો છે અને જો ડૉલર ઈન્ડેક્સમાં પીછેહઠ જોવા મળશે તો સોનાના ભાવમાં ઉછાળો આવી શકે છે, એમ કેસીએમ ટ્રેડના ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવ્યું હતું.

વધુમાં આગામી ૨૦મી જાન્યુઆરીએ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ હોદ્દો અખત્યાર કર્યા બાદ તેની પ્રસ્તાવિત ટેરિફ નીતિઓ ફુગાવા પ્રેરિત અને વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉર સર્જાય તેવી હોવાથી હાલ બજારોમાં અનિશ્ચિતતાનો માહોલ છે. આ સિવાય રાજકીય-ભૌગોલિક સ્તરે જોઈએ તો ઈઝરાયલે કરેલા હુમલામાં ગાઝામાં ૬૮ પેલેસ્ટાઈનીઓના મોત થયાના અને રશિયાએ યુક્રેનની રાજધાની કિવ પર ડ્રોન હુમલો કરતાં બે જિલ્લામાં ભારે નુકસાની થઈ હોવાના અહેવાલ છે. આમ સોનાને રાજકીય-ભૌગોલિક તણાવને કારણે પણ ભવિષ્યમાં સલામતી માટેની માગનો ટેકો મળતો રહેશે.

## પશ્ચિમ રેલવે
### ડેટા એન્ટ્રી ઓપરેશન વર્કનું આઉટસોર્સિંગ

ચીફ વર્કશોપ મેનેજર, કેરેજ રિપેર વર્કશોપ, પશ્ચિમ રેલવે, N.M. જોષી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૧૩ ટેન્ડર નોટીસ નં.: WR-PL-ME-EST-૫૦૩૬૫૯ તારીખ: ૩૦.૧૨.૨૦૨૪ મંગાવે છે. કામનું નામ સાથે તેનું સ્થળ: ''લોઅર પરેલ વર્કશોપમાં ડેટા એન્ટ્રી ઓપરેશન વર્કનું આઉટસોર્સિંગ.'' કામની અંદાજિત કિંમત: રૂ. ૮૧,૪૯,૩૬૩.૧૯/-. બારડી: રૂ. ૧,૬૩,૦૦૦/-. ઈ-બીડસની ઓનલાઈન સુપ્રતિની છેલ્લી તારીખ અને સમય: ૨૮.૦૧.૨૦૨૫, ૧૩.૦૦ ક. સુધી. & ઈ-ટેન્ડર્સની ખોલવાની: ૨૮.૦૧.૨૦૨૫ના ૧૩.૩૦ ક. બીડ ફોર્મસ અને અન્ય વિગતો જેમકે સુધારા વેબસાઈટ www.ireps.gov.in પરથી મેળવી શકાય છે. 0913

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## પશ્ચિમ રેલવે
### બદલી, સપ્લાય, ઈન્સ્ટોલેશન, કમિશનિંગ અને ટેસ્ટિંગ કામ

Dy. ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (પ), પશ્ચિમ રેલવે કેરેજ રિપેર વર્કશોપ, N. M. જોશી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ- ૪૦૦૦૧૩. ટેન્ડર નોટીસ નં.: EL-WA-PL-૨૦૨૪-૨૫-૩૮R મંગાવે છે. કામનું નામ: લોઅર પરેલ વર્કશોપ ખાતે LT પેનલ અને અન્ય એસોસીએટેડ ઈલેક્ટ્રિકલ વર્કનું બદલી, સપ્લાય, ઈન્સ્ટોલેશન, કમિશનિંગ અને ટેસ્ટિંગ. કામની અંદાજિત કિંમત: રૂ. ૪૯,૯૪,૨૬૩.૭૮. બારડી: રૂ. ૯૯,૯૦૦/-. ટેન્ડરની સુપ્રતિ માટેની છેલ્લી તારીખ અને સમય: ૨૩.૦૧.૨૦૨૫, ૧૨.૦૦ ક. સુધી. અને ટેન્ડરની ખોલવાની: ૨૩.૦૧.૨૦૨૫ના ૧૨.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. 0918

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## જાહેર સૂચના

આથી જાહેર જનતાને **સૂચના** આપી જણાવવામા આવે છે કે અમારા કલાયંટ (i) શ્રી રસિકચંદ્ર સબુરલાલ પરીખ અને શ્રીમતી પ્રવિણા રસિકચંદ્ર પરીખ પાસેથી અહી નીચે જણાવેલ **સૂચિમાં** વર્ણવેલ મિલકત ખરીદવા સંમત થયા છે.

જે કોઈપણ વ્યકિત વારસો, હિસ્સો, ગીરો, વેચાણ, ટ્રાન્સફર, લીઝ, પૂર્વાધિકાર, ચાર્જ, ટ્રસ્ટ, જાળવણી, ઈઝમેંટ, ભેટ, વિનિમય, ભાડૂઆત, કબજો અથવા અન્યથા કોઈપણ રીતે આ કથિત મિલકતના સંદર્ભમાં કોઈ દાવો અથવા અધિકાર ધરાવતી હોય તે તમામ વ્યકિતઓ એ આ સૂચના પ્રકાશિત થયાના ૧૦ (દસ) દિવસની અંદર નીચે સહી કરનારને લેખિતમા જાણ કરવી જરૂરી છે. આમ કરવામા નિષ્ફળ જનાર વ્યકિત અથવા વ્યકિતઓનો દાવો અસ્વિકૃત અથવા ત્યજાયેલ ગણવામા આવશે અને અમારા કલાયંટને બંધનકર્તા નહી હોય તેથી આ વ્યવહાર કોઈપણ વ્યકિતના સંદર્ભ વિના પૂર્ણ કરવામા આવશે.

**ઉપર ઉલ્લેખિત સૂચિ**

અંધેરી સમીર કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ (અગાઉ અંધેરી સમીર પ્રિમાઈસીસ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ તરીકે ઓળખાતી) (ઉકત સોસાયટી) ના **"સમીર એપાર્ટમેન્ટ્સ"** તરીકે ઓળખાતી બિલિડંગના ૬ઠ્ઠે માળે **ફ્લેટ નંબર એ-૬૩,** લગભગ ૬૦.૭૪ ચોરસ મીટર (૬૫૪ ચોરસ ફૂટના સમકક્ષ) કાર્પેટ વિસ્તારનું માપન ધરાવનાર જે ૧૬૯, સ્વામી વિવેકાનંદ રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૫૮, સીટીએસ નંબર ૪૧૮ થી ૪૨૫ સુધીની ફ્રી હોલ્ડ જમીન પર અને મુંબઈ ઉપનગરીય જિલ્લાના ગામઅંધેરી, તાલુકા અંધેરી, મુંબઈ પર આવેલ છે અને ઉકત સોસાયટીના શેર પ્રમાણપત્ર નંબર ૩૮ હેઠળ પાંચ (૫) શેરો જેનો વિશિષ્ટ નંબર ૧૮૬ થી ૧૯૦ છે.

તા. ૪થી જાન્યુઆરી, ૨૦૨૫

**વિજીલ જયુરીસ**
**સહી/-**
**પ્રદિપ એન. કાપડિયા**
**ભાગીદાર**
**વિજીલ જયુરીસ**
**એડવોકેટ્સ અને સોલીસીટર્સ**
**વાસવાની મેન્શન, ૬ઠ્ઠે માળે, ૧૨૦, દિનશા વાચ્છા રોડ, ચર્ચગેટ, મુંબઈ - ૪૦૦ ૦૨૦.**

## મુંબઈ ખાતે ન્યાયાધિકારીની વડી અદાલતમાં

**સામાન્ય અસલ દિવાની હકૂમત**
**૨૦૧૭ના કોમર્સિયલ સૂટ નં. ૫૨૪**
**માં**
**૨૦૧૭ની નોટિસ ઓફ મોશન નં. ૩૯૬**
**માં**
**૨૦૨૪ની વચગાળાની અરજી (એલ) નં. ૧૫૧૩૯**

આઝાદી મારિયો સ્ટેનીસ્લોસ રોડ્રીગ્સ ... વાદી
વિરુદ્ધ
મે. કમલા મહેશ ડેવલપર્સ ...પ્રતિવાદી

પ્રતિ,

| | |
|---|---|
| ૧. દિપ્તીકુમાર પ્રેમચંદ છેડા/જ્યોતિ દિપ્તીકુમાર છેડા/ચુનીલાલ શાહ/ કંચન સી. | ૧૨. ડીક વિરા / રેખા વિરા |
| ૨. સારિકા ભનશાલી / કમલા લેન્ડ માર્ક કોર્પોરેશન | ૧૩. પંકજ કુવરજી ગાલા / જેનિસ ગાલા |
| ૩. શ્રી મધુકર પાંડુરંગ પાધ્યે / શ્રીમતી માલતી મધુકર પાધ્યે | ૧૪. વૈભવ અરોરા |
| ૪. યોગેશ પી. હરિયા / જ્યોતિ યોગેશ હરિયા | ૧૫. કિરણ અગ્રવાલ |
| ૫. મહેશ અંબરલાલ છાબરિયા (મનીષ છાબરા) | ૧૬. પ્રકાશ રાજારામ દળવી |
| ૬. યોગેશ પી. હરિયા / જ્યોતિ યોગેશ હરિયા | ૧૭. અશ્વિન ઝેડ શાહ / નયન એ. શાહ |
| ૭. ચંદ્રા ગડા / અનિલ કુમાર ગડા | ૧૮. અજય આનંદન નાયર |
| ૮. ચંદ્રા ગડા / અનિલ કુમાર ગડા | ૧૯. રાજેન્દ્ર માણકચંદ ખીવાસરા / રંજના રાજેન્દ્ર ખીવાસરા |
| ૯. જય નવીન દેડિયા | ૨૦. વિપિન એલ. અસીજીયા |
| ૧૦. મુકેશ કિશનચંદ નાવાણી / માલવિકા મુકેશ નાવાણી/ કમલા શિવ ડેવલપર્સ તરફથી નામ ટ્રાન્સફર | ૨૧. મંજુ જોષી |
| ૧૧. મુકેશ કિશનચંદ નાવાણી / માલવિકા મુકેશ નાવાણી/ કમલા શિવ ડેવલપર્સ | ૨૨. આર.આર. વખારીયા |
| | ૨૩. અશોકકુમાર એસ. પારેખ |
| | ૨૪. મોનાલીસા બી. જૈન |
| | ૨૫. રાજેશ રતિલાલ મહેતા / અતુલ રતિલાલ મહેતા |
| | ૨૬. તેજસ દોશી HUF અને અરુણા શાહ |
| | ૨૭. ચેતના દોશી |
| | ૨૮. હીના હરીશ શાહ |

નામદાર વડી અદાલત દ્વારા પસાર કરાયેલ તા. ૬-૬-૨૪ના હુકમ અન્વયે, અમે અમારા અસીલ, મે. મહેશ ડેવલપર્સના માટે અને વતીથી ટાઈમ્સ ઓફ ઈન્ડિયા-મુંબઈ આવૃત્તિ, મહારાષ્ટ્ર ટાઈમ્સ-મુંબઈ આવૃત્તિ, નવભારત ટાઈમ્સ-મુંબઈ આવૃત્તિ અને મુંબઈ સમાચાર- મુંબઈ આવૃત્તિમાં તા. ૧૦-૬-૨૪ની જાહેર નોટિસ ઈસ્યુ કરેલ, જે સદર હુકમ સાથેના અનુરૂપમાં ફાળવણીના નવા પત્રો ઈસ્યુ કરવા માટે તેમાં જણાવેલ પેમેન્ટના પુરાવા તેમજ કમલા મહેશ ડેવલપર્સ દ્વારા ઈસ્યુ કરાયેલ ફાળવણીના અસલ પત્રો સાથે સદર જાહેર નોટિસની તા.થી ૧૫ દિવસમાં અમારા અસીલ, મે. મહેશ ડેવલપર્સનો સંપર્ક કરવા, તમારા સહિત, પ્રકલ્પના તમામ એલોટીઝને જાણ કરવા માટે હતી.

જ્યારે અમુક અન્ય એલોટીઝે ફાળવણીના નવા પત્રો મેળવેલ અને બાના રકમની ચૂકવણી કરેલ છે. જોકે, તમારામાંથી કોઈએ પણ ફાળવણીના નવા પત્રો મેળવવા માટે અથવા ચૂકવણી કરવા માટે અમારા અસીલ મે. મહેશ ડેવલપર્સનો સંપર્ક કર્યો નથી.

તમે જાણો છો કે ૩૦-૧૦-૨૦૧૮ના હુકમના ફકરા ૯ મુજબ, ફાળવણીનો સુધારેલ પત્ર બાકી કન્સીડરેશનના ૨૦%ની બાના રકમ ચૂકવણી કરવા પર એલોટીઝ પર એજ વખતે ઈસ્યુ કરાનાર હતો, જે IODથી ૧૫ દિવસથી શરૂ થનાર હતો, જોકે, તે વખતથી ૬ મહિના કરતાં વધુ સમય વીતી ગયો છે અને તમે ફાળવણીનો નવો પત્ર મેળવવા અને બાકીનું કન્સીડરેશન ચૂકવવા માટે અમારા અસીલનો સંપર્ક કરવા તસ્દી લીધી નથી. એવું લાગે છે કે તમે પ્રકલ્પ સાથે આગળ વધવા તૈયાર નથી.

તમે વધુ જાણો છો કે તા. ૨૭-૧૧-૨૦૧૭ના કન્સન્ટ ટર્મ્સના કલૉઝ ૧૫ હેઠળ, એલોટીઝના જો કોઈપણ કે જેમના નામો યાદી Yમાં દેખાય છે, બાકી રહેલ રકમના દિવસથી ૬ મહિનાની મુદતમાં તેની પરના વ્યાજ સાથે કોઈપણ ઈન્સ્ટોલમેન્ટ (હપ્તા)ની ચૂકવણી કરવામાંથી નિષ્ફળ જશો, તો પછી ફ્લેટમાં તેઓની હક્કદારી ફોરફીટ (જપ્ત) કરવામાં આવશે, અને અમારા અસીલ મે. મહેશ ડેવલપર્સ, જો કોઈપણ આપની દ્વારા ચૂકવેલ રકમ હશે તો વ્યાજ વગર ૨૦% કાપ્યા પછી પરત કરશે.

ઉપર જણાવેલા સંજોગોમાં, અમારા અસીલ મે. મહેશ ડેવલપર્સ કન્સન્ટ ટર્મ્સના કલૉઝ ૧૫ હેઠળમાં જોગવાઈ કરાયા મુજબ તમારી તરફેણમાં ફાળવણી ટર્મિનેટ કરવા હક્કદાર છે. જોકે, તમને એક અંતિમ તક આપવાના દૃષ્ટિકોણથી, તમને બાકીની રકમના ૨૦%ની ચૂકવણી કરીને તથા શ્રી અશોક સાપરીયા (+૯૧ ૯૮૭૦૦૦૧૦૧૪) અથવા શ્રી મહેશ સાપરીયા (+૯૧ ૯૮૧૯૭૬૯૭૯૭) સાથે અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને, મે. મહેશ ડેવલપર્સ અને તેના પાર્ટનર્સ સામે ફરિયાદ પાછી ખેંચતા EOWને સંબોધેલા પત્ર અને નાણાંની ચૂકવણીના પુરાવા દર્શાવતા બેન્ક સ્ટેટમેન્ટ, ફાળવણીના અસલ પત્રો સાથે સ. ૧૧થી સાંજે ૫ ક.ની વચ્ચે ઉમા શિખર, ભોંયતળિયે, ૧૩મો રોડ, ખાર ટેલિફોન એક્સચેન્જ પાછળ, ખાર (પ.), મુંબઈ-૫૨ ખાતે વર્તમાન નોટિસના છપાયાની તા.થી ૧૦ દિવસમાં તુરંત અમારા અસીલની ઓફિસમાં હાજર રહેવા જણાવવામાં આવે છે.

કૃપયા નોંધ લેવી કે જો તમે અથવા તમારામાંથી કોઈપણ ૧૦ દિવસની ઉપર જણાવેલ મુદતમાં GST અને વ્યાજ સાથે બાના રકમની ચૂકવણી કરવા પર ફાળવણીનો સુધારેલો (નવો) લેટર મેળવવામાંથી અને અમારા અસીલનો સંપર્ક કરવામાંથી નિષ્ફળ જશો તો, તમારી ફાળવણી કોઈપણ વધુ નોટિસ વગર ટર્મિનેટ કરાશે/રદ કરાશે અને અમારા અસીલો તમારી માટે આરક્ષિત ફ્લેટો સાથે લેવડદેવડ કરવા સ્વતંત્ર રહેશે. કૃપયા વધુ નોંધ લેવી કે આવી બાબતમાં અમારા અસીલ, તા. ૩૦-૧૦-૨૦૧૮ના હુકમ સાથે વંચાતા કન્સન્ટ ટર્મ્સના અનુરૂપમાં તમારી દ્વારા ચૂકવાયેલ રકમ રીફંડ કરશે.

**આજ તા. ૩જી જાન્યુઆરી, ૨૦૨૫**

**પૂર્ણાનંદ & કું માટે**
**મે. મહેશ ડેવલપર્સ/અરજીકર્તાના એડવૉકેટસ**
ફોર્ટ ચેમ્બર્સ, ''સી'' વિંગ, ૨જો માળ, ૬૫,
ટેમરીન્ડ લેન, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૩.

# ડૉલર સામે રૂપિયામાં ચાર પૈસાની પીછેહઠ

મુંબઈ: સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલરમાં આયાતકારોની વ્યાપક લેવાલી ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારો અટકતાં ડૉલર સામે રૂપિયો વધુ ચાર પૈસાના ઘટાડા સાથે ૮૫.૭૯ની વિક્રમ નીચી ૮૫.૮૦ની સપાટીની નજીક બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોનાં જણાવ્યાનુસાર ગત વર્ષ ૨૦૨૪માં ડૉલર સામે ઘણાં ચલણો નબળાં પડ્યાં છે અને વર્ષ ૨૦૨૫માં પણ ડૉલરમાં મજબૂતીનું વલણ જળવાઈ રહ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ વર્ષમાં વ્યાજદરમાં ઓછી કપાત થવાની શક્યતા અને અમેરિકી અર્થતંત્રમાં મજબૂત વલણ જળવાઈ રહેવાના આશાવાદ વચ્ચે આજે ડૉલર ઈન્ડેક્સ ૧૦૯ની મહત્ત્વની સપાટી પાર કરી ગયો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૭૫ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૮૫.૭૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૮૦ અને ઉપરમાં ૮૫.૭૩ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ચાર પૈસાના ઘટાડા સાથે ૮૫.૭૯ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ ડૉલરમાં વેચવાલી કરી હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું. એકંદરે હવે ટ્રેડરોની નજર અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર અને ટેરિફની નીતિ પર સ્થિર થઈ છે. તેમની નીતિઓથી આર્થિક વૃદ્ધિ તો જળવાશે, પરંતુ તેને કારણે ફુગાવાલક્ષી દબાણ વધુ રહેતાં રિઝર્વ બૅન્ક લાંબા સમયગાળા સુધી વ્યાજદર ઊંચા રાખે તેવી ભીતિ પણ સેવાઈ રહી છે. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના વધ્યા મથાળેથી ૦.૩૩ ટકા ઘટીને ૧૦૯.૦૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૪૩ ટકા ઘટીને બેરલદીઠ ૭૫.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

# ખાંડમાં વધ્યા મથાળેથી ₹ ૧૦થી ૩૨ની નરમાઈ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૪૦થી ૩૪૯૦માં થયા હોવાથી ગઈકાલે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ હાજર અને નાકા ડિલિવરી ધોરણે ઉછાળો આવ્યો હતો. જોકે, આજે ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૨નો ઘટાડો આવ્યો હતો. તેમ જ જે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

## પશ્ચિમ રેલવે

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ - મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવે
ડિવિઝનલ રેલવે મેનેજર, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, NFR સેક્શન મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - ૪૦૦ ૦૦૮.

કામ - મુંબઈ ડિવિઝનમાં વિવિધ NFR માધ્યમો દ્વારા જાહેરાતનું પ્રદર્શન.

| ઓક્શન કેટલૉગ નં. | ઓક્શન પ્રારંભ (તમામ લોટ્સ) |
|---|---|
| MMCT-ADVT-૨૪-૬૦ | ૧૦-૦૧-૨૫ ૧૫:૦૦:૦૦ |

| ક્ર.નં. | લોટ નં. | સ્થળ / વિસ્તાર | દિવસ | ઇ-ઓક્શનની બંધ થવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| ૧ | ADVT-BCT-GMN-OSN-૩૮૨-૨૪-૧ (જાહેરાત-ઓન સ્ટેશન પ્રિમાઈસીસ (નોન-ડિજિટલ)) | ૩ વર્ષની મુદત માટે પાટા વચ્ચે રેલિંગ્સ પર ગોરેગાંવ (GMN) સ્ટેશન ખાતે બલ્ક જાહેરાત હક્કો | ૧૦૯૫ | ૧૦-૦૧-૨૫ ૧૫:૩૦:૦૦ |
| ૨ | ADVT-BCT-BVI-OSN-૩૮૪-૨૪-૧ (જાહેરાત-ઓન સ્ટેશન પ્રિમાઈસીસ (નોન-ડિજિટલ)) | ૩ વર્ષની મુદત માટે પાટા વચ્ચે રેલિંગ્સ પર બોરીવલી (BVI) સ્ટેશન ખાતે બલ્ક જાહેરાત હક્કો | ૧૦૯૫ | ૧૦-૦૧-૨૫ ૧૫:૪૦:૦૦ |
| ૩ | ADVT-BCT-BYR-OSN-૩૮૭-૨૪-૧ (જાહેરાત-ઓન સ્ટેશન પ્રિમાઈસીસ (નોન-ડિજિટલ)) | ૩ વર્ષની મુદત માટે પાટા વચ્ચે રેલિંગ્સ પર ભાયંદર (BYR) સ્ટેશન ખાતે બલ્ક જાહેરાત હક્કો | ૧૦૯૫ | ૧૦-૦૧-૨૫ ૧૫:૫૦:૦૦ |
| ૪ | ADVT-BCT-KILE-OSN-૩૮૩-૨૪-૧ (જાહેરાત-ઓન સ્ટેશન પ્રિમાઈસીસ (નોન-ડિજિટલ)) | ૩ વર્ષની મુદત માટે પાટા વચ્ચે રેલિંગ્સ પર કાંદિવલી (KILE) ખાતે બલ્ક જાહેરાત હક્કો | ૧૦૯૫ | ૧૦-૦૧-૨૫ ૧૬:૦૦:૦૦ |
| ૫ | ADVT-BCT-GTR-OSN-૧૫૭-૨૩-૨ (જાહેરાત-ઓન સ્ટેશન પ્રિમાઈસીસ (નોન-ડિજિટલ)) | ૩ વર્ષની મુદત માટે પાટા વચ્ચે રેલિંગ્સ પર ગ્રાન્ટ રોડ (GTR) ખાતે બલ્ક જાહેરાત હક્કો | ૧૦૯૫ | ૧૦-૦૧-૨૫ ૧૬:૧૦:૦૦ |
| ૬ | ADVT-BCT-JOS-OSN-૩૮૦-૨૪-૧ (જાહેરાત-ઓન સ્ટેશન પ્રિમાઈસીસ (નોન-ડિજિટલ)) | ૩ વર્ષની મુદત માટે પાટા વચ્ચે રેલિંગ્સ પર જોગેશ્વરી (JOS) ખાતે બલ્ક જાહેરાત હક્કો | ૧૦૯૫ | ૧૦-૦૧-૨૫ ૧૬:૨૦:૦૦ |
| ૭ | ADVT-BCT-MIRA-OSN-૩૮૬-૨૪-૧ (જાહેરાત-ઓન સ્ટેશન પ્રિમાઈસીસ (નોન-ડિજિટલ)) | ૩ વર્ષની મુદત માટે પાટા વચ્ચે રેલિંગ્સ પર મીરા રોડ (MIRA) સ્ટેશન ખાતે બલ્ક જાહેરાત હક્કો | ૧૦૯૫ | ૧૦-૦૧-૨૫ ૧૬:૩૦:૦૦ |
| ૮ | ADVT-BCT-CYR-OSN-૩૬૯-૨૪-૧ (જાહેરાત-ઓન સ્ટેશન પ્રિમાઈસીસ (નોન-ડિજિટલ)) | ૩ વર્ષની મુદત માટે પ્લેટફોર્મ કોપિંગ વોલ અને ડિવાઈડર ફેન્સીંગ પર ચર્નીરોડ (CYR) સ્ટેશન ખાતે બલ્ક જાહેરાત હક્કો | ૧૦૯૫ | ૧૦-૦૧-૨૫ ૧૬:૪૦:૦૦ |
| ૯ | ADVT-BCT-DIC-OSN-૩૮૫-૨૪-૧ (જાહેરાત-ઓન સ્ટેશન પ્રિમાઈસીસ (નોન-ડિજિટલ)) | ૩ વર્ષની મુદત માટે પાટા વચ્ચે રેલિંગ્સ પર દહીંસર (DIC) સ્ટેશન ખાતે બલ્ક જાહેરાત હક્કો | ૧૦૯૫ | ૧૦-૦૧-૨૫ ૧૬:૫૦:૦૦ |
| ૧૦ | ADVT-BCT-NSP-OSN-૩૯૦-૨૪-૧ (જાહેરાત-ઓન સ્ટેશન પ્રિમાઈસીસ (નોન-ડિજિટલ)) | ૩ વર્ષની મુદત માટે પાટા વચ્ચે રેલિંગ્સ પર નાલાસોપારા (NSP) ખાતે બલ્ક જાહેરાત હક્કો | ૧૦૯૫ | ૧૦-૦૧-૨૫ ૧૭:૦૦:૦૦ |
| ૧૧ | ADVT-BCT-RMAR-OSN-૩૮૧-૨૪-૧ (જાહેરાત-ઓન સ્ટેશન પ્રિમાઈસીસ (નોન-ડિજિટલ)) | ૩ વર્ષની મુદત માટે પાટા વચ્ચે રેલિંગ્સ પર રામ મંદિર (RMAR) સ્ટેશન ખાતે બલ્ક જાહેરાત હક્કો | ૧૦૯૫ | ૧૦-૦૧-૨૫ ૧૭:૧૦:૦૦ |
| ૧૨ | ADVT-BCT-BSR-OSN-૩૮૯-૨૪-૧ (જાહેરાત-ઓન સ્ટેશન પ્રિમાઈસીસ (નોન-ડિજિટલ)) | ૩ વર્ષની મુદત માટે પાટા વચ્ચે રેલિંગ્સ પર વસઈ રોડ (BSR) સ્ટેશન ખાતે બલ્ક જાહેરાત હક્કો | ૧૦૯૫ | ૧૦-૦૧-૨૫ ૧૭:૨૦:૦૦ |
| ૧૩ | ADVT-BCT-NIG-OSN-૩૮૮-૨૪-૧ (જાહેરાત-ઓન સ્ટેશન પ્રિમાઈસીસ (નોન-ડિજિટલ)) | ૩ વર્ષની મુદત માટે પાટા વચ્ચે રેલિંગ્સ પર નાઈગાંવ (NIG) સ્ટેશન ખાતે બલ્ક જાહેરાત હક્કો | ૧૦૯૫ | ૧૦-૦૧-૨૫ ૧૭:૩૦:૦૦ |

નોંધ: સંભવિત બિડર્સે વિનંતી કે IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-ઓક્શન લિઝિંગ મોડ્યૂલની મુલાકાત લેવી. લોટ મુજબની વિગતો દર્શાવેલ કેટલોગમાં ઉપલબ્ધ છે. 0912

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly

## બૂટલેગર બન્યા બેફામ

# કચ્છ એક્સપ્રેસમાં દારૂની હેરાફેરી કરાતા બબાલ



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ રેલવેમાં મુંબઈથી ગુજરાત સેક્શનમાં દોડાવનારી મેલ-એક્સપ્રેસ ટ્રેનમાં દારૂની હેરાફેરી કરવામાં આવતી હોવાના કિસ્સાનું પ્રમાણ વધી રહ્યું છે, જેમાં તાજેતરમાં કચ્છ એક્સપ્રેસમાં હેરાફેરી કરતી મહિલા બૂટલેગર વિરુદ્ધ મહિલા પ્રવાસીઓએ જ બંડ પોકાર્યું હતું. રીતસર પકડીને મહિલાઓએ પોલીસને હવાલે કરી હતી, જ્યારે તેના વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાઈરલ થયા હતા.

આ બનાવ બીજી તારીખના કચ્છ એક્સપ્રેસ (ટ્રેન નંબર ૨૨૯૫૫ એસ-થ્રી કોચ)માં બન્યો હતો. ટ્રેન નવસારીની આસપાસ પસાર થઈ ત્યારે બે બૂટલેગર બાઈઓ દારૂની બોટલ સાથે જોવા મળી હતી. આ અંગે પોલીસને જાણ કર્યા પછી નવસારી સુધી કોઈ આવ્યું નહોતું. આ બંને બાઈઓને રંગેહાથે પકડવવાનું નક્કી કર્યા બાદ બંનેને મહિલા સાથે પુરુષોએ ટ્રેનના બાથરુમમાં પૂરી દીધી હતી અને ટ્રેન સુરત પહોંચી પછી આરપીએફ (રેલવે પ્રોટેક્શન ફોર્સ)ના જવાનોને હવાલે કરી હતી, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ બનાવ અંગે (મૂળ કચ્છના સૂઈ ગામના) થાણેના રહેવાસી વિનોદભાઈ કરમશી વિસરિયા 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે કચ્છ એક્સપ્રેસમાં દારૂનો વેપાર બેરોકટોક કરવામાં આવે છે એ શરમજનક બાબત છે. પરિવાર સાથે ટ્રાવેલ કરવાનું સુરક્ષિત લાગતું નથી. ગુરુવારે અમે અમારા ગામ પ્હેડી માટે જઈ રહ્યા હતા ત્યારે બૂટલેગર બાઈઓનો પર્દાફાશ કર્યો હતો. જોકે, ટ્રેનમાં એક ચાવાળાને ચાના પાંચસો રૂપિયા આપ્યા ત્યારે આશ્ચર્ય થયું હતું પછી ખબર પડી હતી કે ચાવાળા સાથે મળીને ટ્રેનમાં દારૂની હેરફેર કરે છે.

વિનોદભાઈએ વધુમાં કહ્યું હતું કે અમારી સામેની સીટ પરના બે બહેન બાથરૂમ ગયા ત્યારે ડરીને પાછા આવ્યા હતા, કારણ કે એક બાઈ બાથરૂમમાં હતી અને

(જુઓ પાનું ૪) ▶▶

# ઉદ્ધવ-ફડણવીસ ભાઈ-ભાઈ?

### ગઢચિરોલીમાં દેવાભાઉનાં કામોની ભરપેટ પ્રશંસા કરી શિવસેના (યુબીટી)એ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ૨૦૧૯માં અવિભાજિત શિવસેના અને ભાજપ વચ્ચેના મતભેદ પછીની સૌથી મોટી દુર્લભ ઘટનામાં શિવસેના (યુબીટી)એ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસની પ્રશંસા કરી હતી. શિવસેનાના મુખપત્ર સામનામાં ફડણવીસ માટે સન્માનજનક શબ્દ દેવાભાઉનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. શિવસેના યુબીટીના મુખપત્ર 'સામના'માં શુક્રવારે નક્સલ પ્રભાવિત ગઢચિરોલી જિલ્લાને સ્ટીલ સિટીમાં ફેરવવાના પ્રયાસો બદલ ફડણવીસની પ્રશંસા કરવામાં આવી હતી. પાર્ટીએ તંત્રીલેખમાં ફડણવીસને 'દેવાભાઉ' તરીકે ઓળખાવ્યા હતા અને કહ્યું કે તેમણે નવા વર્ષની પૂર્વસંધ્યાએ વિદર્ભમાં મહારાષ્ટ્રના સૌથી દૂરના જિલ્લા

(જુઓ પાનું ૪) ▶▶












# દેશના એફડીઆઈના ૩૧ ટકા મહારાષ્ટ્રને

મુંબઈ: એક તરફ વિદેશી રોકાણમાં ગુજરાત આગળ હોવાના અને મહારાષ્ટ્રમાં આવનારા મોટા મોટા પ્રોજેક્ટો ગુજરાત તાણી જતું હોવાના દાવાઓ થઈ રહ્યા છે ત્યારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આંકડા સાથે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી મહારાષ્ટ્ર અગ્રેસર હોવાનું કહ્યું છે. શુક્રવારે ફડણવીસની આ પોસ્ટ વાયરલ થઈ હતી.મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જાહેરાત કરી હતી કે મહારાષ્ટ્ર ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ)માં અગ્રેસર છે, જે આ

(જુઓ પાનું ૪) ▶▶









"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**